આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...
છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૭૯ ● અંક : ૯
સળંગ અંક : ૯૫૬
ડિસેમ્બર - ૨૦૧૯

## આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિન

### ૩, ડિસેમ્બર - ૨૦૧૯



# ખ્યાતનામ ભારતીય વિકલાંગો

આપણા દેશના વિકલાંગોએ અનેક સિદ્ધિના સોપાન હાંસલ કર્યા છે.
અમે અહીં આ હોનહાર વિકલાંગોનો પરિચય કરાવીએ છીએ જેમણે
કલા, રમતગમત, પર્તવાહોરણ, સામાજિક કાર્યકર, વહીવટકર્તા અને
ઉદ્યોગ સાહસિક તરીકે અગ્રસર રહ્યા છે.
આ વિકલાંગોએ શારીરિક મર્યાદા હોવા છતાં માનસિક મર્યાદા સ્વીકારી નથી.
જે ક્ષેત્રમાં ગયા ત્યાં અગ્રેસર રહ્યા અને ગૌરવશાળી રહ્યા. મજબૂત ઈચ્છાશક્તિ અને
સમર્પિત વિકલાંગોને 'આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિન' નિમિત્તે કોટી કોટી વંદન.



## સુધા ચંદ્રન

સુધા ચંદ્રન એક ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન અભિનેત્રી અને એક કુશળ ભરતનાટ્યમ નૃત્યાંગના છે. ૧૯૮૧માં તમિળનાડુના તિરુચિરાપલ્લી નજીક માર્ગ અકસ્માતમાં તેના પગને ગંભીર ઈજા પહોંચી હતી.



## પ્રીતિ શ્રીનિવાસન

પ્રીતિ શ્રીનિવાસન અંડર -૧૯ તમિલનાડુ મહિલા ક્રિકેટ ટીમની કપ્તાન હતી અને ૧૯૯૭ ની સાલમાં ૧૭ વર્ષની વયે રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં રાજ્યની ટીમનું નેતૃત્વ કર્યું હતું.



## અરુણિમા સિંહા

અરુણિમા સિંહા ભારતીય પર્વત આરોહક અને સ્પોર્ટસવુમન છે. તે સાત વખતની ભારતીય વોલી બોલ ખેલાડી, પર્વતારોહક અને વિશ્વની પ્રથમ મહિલા એમ્પ્યુટી છે જેણે માઉન્ટ એવરેસ્ટ, માઉન્ટ કિલિમંજારો, માઉન્ટ એલબ્રસ, માઉન્ટ કોસિસ્કો, માઉન્ટ એકોનકાગુઆ, કાર્ટેન્સ પિરમીડ અને માઉન્ટ વિન્સન.



## વિરાલી મોદી

વિરાલી મોદી ભારતના અપંગતા હક્કોના કાર્યકર અને પ્રેરક વક્તા છે. તેણે યુવાનીમાં પોતાનો મોટાભાગનો સમય યુનાઈટેડ સ્ટેટ્સમાં વિતાવ્યો હતો, પરંતુ ભારતની મુલાકાત પછી તે મેલેરિયાની સારવાર દરમિયાન વિકલાંગ બન્યા.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૭૯

સળંગ અંક : ૯૫૬ | ડિસેમ્બર - ૨૦૧૯



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબહેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


| લવાજમ | | ભારત | | પરદેશ | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


ખિસકોલીનાં બચ્ચાં — ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના / ૪

સંપાદકીય — જ્યોતીન્દ્રભાઈ દવે / ૫

શિક્ષણના સિતારા — ડૉ. ઈશ્વર પરમાર / ૭

વિશ્વની પ્રથમ સંપૂર્ણ લોકતાંત્રિક શાળા - સમરહિલ — હિરજીભાઈ નાકરાણી / ૧૧

દરિયાનાં તોફાન — કિરીટ ગોસ્વામી / ૧૫

અધૂરો માળો — હરિત પંડ્યા / ૧૬

ભાવાર્થ લેખન — ડૉ. રવીન્દ્ર અંધારિયા / ૨૧

બ્લેઝ પાસ્કલ : ખુદ સે મિલના ભૂલ ગયે, લોગ અપના ઠીકાના ભૂલ ગયે — રાજ ગોસ્વામી / ૨૪

શિક્ષકની ચેતના — ડૉ. અરૂણ કક્કડ / ૨૭

ઐક્યની ભાવના મજબૂત બનાવતી અમદાવાદની પોળનું સંસ્કૃતિ દર્શન — નરેશ અંતાણી / ૩૩

પરિશ્રમ ઉક્તિઓ — ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા / ૩૬

પરમવીર ચક્ર — પાલખીવાલા અમિતા મનુભાઈ / ૩૮

સરસ્વતીના ઉપાસક — હીરાલાલ છોડવડીયા / ૪૨



કાર્યાલય

"ઘરશાળા" શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# ખિસકોલીનાં બચ્ચાં

**ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના**
૩૦૨, યશ એક્વા કૉમ્પલેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર,
વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

જ્યાં વિદ્યાદાનનાં બાળકોને ભણાવવામાં આવે છે ત્યાં એક નાનકડો રૂમ છે. આ રૂમમાં શેતરંજી, આસનો, સ્ટેશનરી વગેરે જેવો સામાન મૂકવામાં આવે છે.

એક વખત ઋતુ અને બાળકો અહીં બધો સામાન મૂકવા ગયાં ત્યારે તેમણે જોયું કે ખિસકોલીનાં થોડાંક બચ્ચાં નીચે પડ્યાં હતાં. જીવતાં હતાં. ખિસકોલીએ છત પર, પતરાં અને ભીંતની વચ્ચે માળો બનાવ્યો હતો અને ત્યાં આ બચ્ચાં જન્મ્યાં હતાં. કોઈ કારણથી બચ્ચાં નીચે પડી ગયાં હતાં. એવું નક્કી કરાયું કે હવે આ બચ્ચાંઓને નીચે સલામતી સાથે રાખવાં.

બાળકો માટે આ એક નવી જવાબદારીવાળી કામગીરી હતી. બાળકો તો ખૂબ ઉત્સાહમાં આવી ગયાં. એક ડોલ લઈને તેમાં કાણાં પાડવામાં આવ્યાં. ખિસકોલીનો માળો કેવો હોય છે તે અંગે બાળકોમાં ચર્ચા થઈ. એ માળા જેવું જ વાતાવરણ મળી રહે તે રીતે ડોલમાં ભૂસું, પાંદડાં વગેરે સામગ્રી સરસ રીતે મૂકવામાં આવી. એ પછી બાળકોએ ખિસકોલીનાં બચ્ચાંઓને બરાબર સેટ કર્યાં.

આ બચ્ચાંઓની મમ્મી નિયમિત આવે છે કે નહીં તેનું પણ બાળકોએ ધ્યાન રાખ્યું. બાળકોએ નોંધ્યું કે ક્યારેક બચ્ચાં ભૂખ્યાં રહેતાં હતાં. તરત જ બાળકોએ ખિસકોલીનાં આ બચ્ચાંઓને ભાગે પડતાં દત્તક લઈ લીધાં. એ પછી તો બાળકો દરરોજ તેમને પોતાના ઘરે લઈ જવા લાગ્યા. એટલું જ નહીં ઈન્જેક્શનમાં દૂધ ભરીને તેઓ આ બચ્ચાંઓને પીવડાવવા પણ લાગ્યાં.

ધીમે ધીમે બચ્ચાં મોટાં થઈ ગયાં. એ પછી નક્કી કરાયું કે હવે બચ્ચાંઓને મુક્ત રીતે છોડી મૂકવાં. જો કે કેટલાંક બાળકોને આ બચ્ચાંઓ સાથે ખૂબ લગાવ થઈ ગયો હતો. તેઓ એ માટે તૈયાર નહોતા. એક દિવસ વિદ્યાદાનના જ એક બાળકના ખેતરમાં બચ્ચાંઓને છોડવા માટે બધાં ગયાં. જાણે કે કોઈ મોટી ઐતિહાસિક ઘટના હતી. બધાં બાળકો ખિસકોલીનાં ચાર બચ્ચાંઓને લઈને તેમને મુક્ત કરવા માટે સરઘસ કાઢીને ખેતર તરફ ગયાં. સૌ પ્રથમ એક બચ્ચાંને છોડી દેવામાં આવ્યું. થયું એવું કે એક ખિસકોલી આવીને તે બચ્ચાંને લઈને ભાગી ગઈ. બાળકોને એ ન ગમ્યું. બાળકો બૂમો પાડીને તેને કહેવા લાગ્યા કે આ તારું બચ્ચું નથી. બીજી કોઈ ખિસકોલીનું છે. તે પછી ખિસકોલીનાં બચ્ચાંઓને છોડતી વખતે ધ્યાન રાખવામાં આવ્યું કે તેને બીજી કોઈ ખિસકોલી લઈ ના જાય.

એ વખતે ઘણાં બાળકોની આંખમાં આંસુ હતાં. એટલો બધો લગાવ તેમને ખિસકોલીનાં બચ્ચાં સાથે થઈ ગયો હતો. આ વાત કરતી વખતે ઋતુની આંખ પણ ભીની થઈ જાય છે. તે કહે છે, આ બધાં બાળકો કેટલાં બધાં સંવેદનશીલ હોય છે ! તેઓ કોઈ પણ જીવ સાથે તરત જ ભાવનાત્મક રીતે જોડાઈ જતાં હોય છે. તેમને તરત લગાવ ઊભો થઈ જતો હોય છે.

શિક્ષણના કાર્યમાં કામ કરતાં કરતાં ઋતુ શાહ આવા ઘણા સંવેદનશીલ અનુભવોમાંથી પસાર થયાં છે. બાળકોમાં રહેલી સંવેદનશીલતાએ તેમને વધારે સંવેદનશીલ બનાવ્યાં છે.

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## શીખવાની ક્ષમતા એક પડકાર

શિક્ષણજગત 'પ્રથમ' અને તેની પ્રવૃત્તિના ભાગરૂપે 'Annual Status of Education Report' (ASER)થી પરિચિત છે. દર બે વર્ષે પ્રકાશિત થતો ૨૦૧૮નો દ્વિવાર્ષિક રીપોર્ટ હાલમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૫થી આ સંસ્થાએ શિક્ષણમાં જુદા જુદા વયજૂથના વિદ્યાર્થીઓની શીખવાની ક્ષમતા (Learning ability) ઉપર દેશ વ્યાપી સર્વે કરી પરિસ્થિતિનો ચિતાર આપવાનો પ્રયત્ન કર્યો છે. શરૂઆતના વર્ષોમાં આંકડામાં સાતત્ય અને ગુણવત્તાના પ્રશ્નો હતા. પરંતુ વર્ષે ૨૦૦૮-૧૦થી આંકડાનું સાતત્ય અને વિશ્વાસનિયતા જોવા મળી છે.

વર્ષ ૨૦૧૮માં દેશના ૫૯૬ જિલ્લામાં ૩,૫૪,૯૪૪ વ્યક્તિઓ અને ૩ થી ૧૬ વર્ષની વયના ૫,૪૬,૫૨૭ વિદ્યાર્થીઓનો સંપર્ક કરી સર્વે કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૮માં સમગ્ર દેશ અને રાજ્યોના વિદ્યાર્થીઓની ક્ષમતા અંગે રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આપણે ગુજરાતને કેન્દ્રમાં રાખી સર્વેના તારણોની ચર્ચા કરીશું.

**ધોરણ ૫ના વિદ્યાર્થીઓ જે ધોરણ ૨ના પાઠ્યપુસ્તક વાંચી શકે છે**

**(%) ૨૦૦૮ થી ૨૦૧૮ (%) ટકામાં (ટેબલ-૧)**

| વર્ષ | ૨૦૦૮ | ૨૦૧૦ | ૨૦૧૨ | ૨૦૧૪ | ૨૦૧૬ | ૨૦૧૮ |
|---|---|---|---|---|---|---|
| સમગ્ર દેશ | ૫૩.૧ | ૫૦.૭ | ૪૧.૭ | ૪૨.૨ | ૪૧.૭ | ૪૪.૨ |
| ગુજરાત | ૪૩.૮ | ૪૩.૫ | ૪૬.૩ | ૪૪.૬ | ૫૨.૩ | ૫૨.૦ |

**ધોરણ ૫ના વિદ્યાર્થીઓ જે માત્ર સાદા ભાગાકાર, સરવાળા, બાદબાકી કરી શકે છે.**

**૨૦૦૮ થી ૨૦૧૮ (%) ટકામાં (ટેબલ-૨)**

| વર્ષ | ૨૦૦૮ | ૨૦૧૦ | ૨૦૧૨ | ૨૦૧૪ | ૨૦૧૬ | ૨૦૧૮ |
|---|---|---|---|---|---|---|
| સમગ્ર દેશ | ૩૪.૪ | ૩૨.૯ | ૨૦.૩ | ૨૦.૭ | ૨૧.૧ | ૨૨.૭ |
| ગુજરાત | ૨૪.૧ | ૧૯.૬ | ૧૨.૪ | ૧૩.૯ | ૧૪.૫ | ૧૮.૫ |

ઉપરોક્ત આંકડાઓ પરથી એક તારણ એવું મળે છે કે વર્ષ ૨૦૦૮-૨૦૧૦ પછી વિદ્યાર્થીઓમાં વાંચન અને ગણિત શીખવાની ક્ષમતામાં ઘટાડો થયો છે. કેટલાંકના મત પ્રમાણે આરટીઈ એક્ટના અમલની અસર છે. ગુજરાતમાં એક્ટનો અમલ મોડો થયો પરિણામે અસર પછીના વર્ષોમાં વધુ જોવા મળે છે. ગુજરાતના વિદ્યાર્થીઓ વાંચન-લેખનની ક્ષમતામાં સરેરાશ દેશના વિદ્યાર્થીઓ કરતા આગળ રહ્યા છે. પરંતુ ગણિતમાં ગુજરાતના વિદ્યાર્થીઓની ક્ષમતા દેશની સરખામણીએ ખૂબ જ ઓછી છે, જે ચિંતાનો વિષય છે.

વર્ષ ૨૦૧૦થી ૨૦૧૮ના આઠ વર્ષો દરમિયાન હકારાત્મક પાસુએ છે સમગ્ર રીતે ક્ષમતામાં સુધારો

જોવા મળે છે. સુધારાની ગતિ ખૂબ જ ધીમી છે. ૧૦ વર્ષ દરમિયાન આ સુધારો ૨ થી ૪ ટકાનો રહ્યો છે. આ ગતિએ ક્ષમતામાં સુધારો થાય તો ૧૦૦ ટકાનું લક્ષ સિદ્ધ કરવા અથવા તો અપેક્ષા પ્રમાણેની ક્ષમતા પ્રાપ્ત કરવા વર્ષો પસાર થઈ જાય.

જ્યાં સુધી પ્રાથમિક શિક્ષણ ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓ લખતા, વાંચતા અને સમજવાની ક્ષમતા નહીં કેળવે ત્યાં સુધી ઉપલા ધોરણોના અભ્યાસક્રમો વિદ્યાર્થીઓ આત્મસાત કરી શકશે નહીં. વિશ્વમાં જ્ઞાન અને માહિતીનો વિસ્ફોટ ખૂબ જ ઝડપથી થયો છે. પરિણામે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોએ વૈશ્વિક પરિવર્તનો સાથે રહેવું પડશે. અભ્યાસક્રમો અપડેટ કરવા જ પડશે. આપણી વિડંબણાઓ એ છે કે પ્રાથમિક શિક્ષણ જે પાયાનું કામ કરે છે તે નબળું છે. પરિણામે ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને મુશ્કેલી પડે છે. અને ઉચ્ચશિક્ષણની ગુણવત્તા ઘટતી જાય છે. તેથી વિશ્વ સાથે તાલ મેળવી શકતા નથી. બદલાતી આર્થિક, સામાજિક અને ઔદ્યોગિક પરિવર્તનમાં વિદ્યાર્થી ગોઠવાઈ શકતો નથી.

આગામી ત્રણ દસકામાં વિશ્વનું સૌથી વધુ યુવાધન આપણા દેશમાં હશે. આ યુવાધન શિક્ષિત બને તેટલુ પુરતું નથી પણ વિશ્વ કક્ષાનું બને અને શિક્ષણમાં આવતા ઝડપી પરિવર્તનો સ્વીકારવાની ક્ષમતા કેળવે તે ખૂબ જરૂરી છે.

પડકારો મોટા છે, વિદ્યાર્થીઓને શિક્ષિત કરવાએ એક બાબત છે, તેમની શીખવાની ક્ષમતા વધારવીએ બીજી બાબત છે. આપણે બંને મોરચે લડવાનું છે. નવી શિક્ષણ નીતિમાં પડકારોના ઉપાયો વિચારવા પડશે. શીખવાની ક્ષમતા એ શિક્ષણ પદ્ધતિની કાર્યદક્ષતા અને અસરકારકતા (out come) નો માપદંડ છે. સૌ શિક્ષણ પ્રેમીઓ આ અંગે સક્રીય બને તેવી અભ્યર્થના.


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org**

**www.saraswatividyamandal.org/publication**

## શિક્ષણના સિતારા

ડૉ. ઈશ્વર પરમાર

**શિક્ષણ જાણે ઉત્સવ જેને**
**કવિ શિક્ષક રતિલાલ છાયા**

અપ-ટુ-ડેટ કપડામાં સજીધજીને હાઈસ્કૂલે આવેલા મેટ્રિકના વિદ્યાર્થીઓને પ્રાર્થનામાં તો સામેલ કરી શકાયા. હવે રહ્યું જબરું કામ : તેઓ સફાઈ-કામ કરવાનું પસંદ કરશે ખરા ? પ્રાર્થના પૂર્વે જ નજીકમાં સાવરણા ગોઠવી રાખ્યા હતા; અને સાવરણે સાવરણે બાંધેલા હતા ઘૂઘરા ! પ્રાર્થના પૂરી થઈ તે પછી એક શિક્ષકે તો ઘૂઘરાના રણકારે મેદાન વાળવાનું શરૂ કર્યું અને તાલે ખેંચાઈને વિદ્યાર્થીઓએ પણ સાથ કર્યો અને નાચ-તાલ સાથે શાળાનું મેદાન ચોખ્ખુંચણાક !

સને ૧૯૪૭ના અરસામાં પોરબંદર ખાતેની ભાવસિંહજી હાઈસ્કૂલમાં બનેલી આ ઘટનાના સૂત્રધાર હતા પેલા શિક્ષક - શ્રી રતિલાલ છાયા. શિક્ષણને જ નહીં, જીવનને સ્પર્શતી બધી જ બાબતોને ઉત્સવ જેવો ઉમંગ આપી શકનાર આ આજીવન શિક્ષક હતા જંગમ વિદ્યાતીર્થ સમાન !

પિતા : કાશીલાલ; માતા : ગૌરીબહેન; જન્મ તારીખ : ૨૦-૧૦-૧૯૦૮; જન્મ સ્થળ : જૂના પોરબંદરનું ગામ ભડ. રતિભાઈનો જન્મ થયો તે જ અરસામાં પિતાજીની નોકરી ગઈ ! આથી તે બાળક અપશુકનિયાળ મનાવા લાગ્યું : થોડુંક સમજાતી ઉંમરે બાળક પણ તેથી સંકોચ અનુભવવા માંડ્યું !

બચપણ પોરબંદરના નાના નાગરવાડાની શેરીમાં આળોટ્યું; આ સમયના સાથી હતા જાણીતા વાર્તાકાર તરીકે પ્રખ્યાત થનાર ગુલાબદાસ બ્રોકર.

રતિલાલનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પોરબંદરમાં થયું. એનું ગણિત નબળું. ત્રીજા પ્રયત્ને મુંબઈ યુનિવર્સિટીએ લીધેલ મેટ્રિકની પરીક્ષા પસાર કરી. (૧૯૨૯).

કૌટુંબિક જવાબદારીઓને ન્યાય આપવા શિક્ષક તરીકેની નોકરી મેળવવા ઈચ્છતા હતા. સદ્ભાગ્યે ભાવસિંહજી હાઈસ્કૂલના તત્કાલીન પારસી આચાર્યે તેમને સામેથી બોલાવીને શિક્ષક તરીકેની નિમણૂંક આપી. (૧૯૨૯) અહીં તેમણે ૩૮ વર્ષ (૧૯૨૯-'૬૮) શિક્ષણકાર્ય એક ઉત્સવના ઉમંગથી કર્યા કર્યું. નોકરી પછીના પંદરમા વર્ષે સને ૧૯૪૪માં રતિભાઈ એસ.ટી.સી. (ડિપ્લોમા ઈન એજ્યુકેશન ઑફ બૉમ્બે પ્રેસિડન્સી ફોર સેકન્ડરી સ્કૂલ્સ) થયા.

ભાવસિંહજી હાઈસ્કૂલ, પોરબંદરમાં એક વખતે પાંચ શિક્ષકો મેટ્રિક એસ.ટી.સી. હતા. તે સમયમાં મુંબઈ સરકારે નીમેલ ઘાટે-પરુળેકર કમિટીએ ટ્રેન્ડ ગ્રેજ્યુએટ શિક્ષકોના અને મેટ્રિક્યુલેટ એસ.ટી.સી. શિક્ષકોના, તે સમયમાં આકર્ષક ગણાય તેવાં પગારધોરણ સૂચવ્યાં હતાં. મુંબઈ રાજ્યે તો સૂચવાયેલ ગ્રેડનો સ્વીકાર પણ કર્યો પરંતુ સૌરાષ્ટ્ર રાજ્યે ગ્રેજ્યુએટ ટ્રેન્ડ ટીચર્સને સૂચિત ગ્રેડનો લાભ આપ્યો પરંતુ મેટ્રિક એસ.ટી.સી. ટીચર્સને ડિંગો બતાવ્યો.

પોરબંદરના પાંચેય એસ.ટી.સી. શિક્ષકોએ આ અન્યાય બદલ ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને અરજી કરી. કવિજીવ રતિભાઈને પગાર ને તેનાં ધોરણ જેવી બાબતમાં રસ ઓછો; પણ સાથી-શિક્ષકોને સાથ આપવા એમણે પણ ચાર શિક્ષકો સાથે અરજીમાં સહી કરી.

તે અરજીના અનુસંધાને સૌરાષ્ટ્ર રાજ્યના ડાયરેક્ટર ઓફ સેકન્ડરી એજ્યુકેશન શ્રી દલપતરાય જોશી ભાવસિંહજી હાઈસ્કૂલની મુલાકાતે પોરબંદર આવેલા ત્યારે એ પાંચેય શિક્ષકોને અલાયદા ખંડમાં બોલાવ્યા ને કહ્યું :

"તમારી અરજી મને મળી છે; સૌરાષ્ટ્ર રાજ્યે તમને કરેલ અન્યાય હું બરાબર સમજવા માંગું છું."

રતિભાઈ છાયા સિવાયના ચારેય શિક્ષકોએ આક્રોશપૂર્વક રજૂઆત કરવા માંડ્યા તે થોડીવાર સાંભળીનેડાયરેક્ટરે સુણાવી દીધું : "મુંબઈની સરકાર તમારા જેવા શિક્ષકોને સોનાનાં નળિયાં ચણાવી આપે, એટલે શું સૌરાષ્ટ્ર સરકારે એમ કરવું ?"

અત્યાર સુધી મૌન રહેલા રતિભાઈથી હવે ન રહેવાયું. એમણે ડાયરેક્ટરની પૉલિશવાળી લાકડી ઉપાડીને કહ્યું : "અમને વસવસો અને અપમાન તો ત્યાં જ લાગે છે કે આપ અમને આ લાકડી જેવા ગણો છો...."

"તમે શું કહેવા માંગો છો, મિ. છાયા ?"

"અપમાન અમારું ત્યાં છે કે આપ અમને લાકડી જેવી કોમોડિટી ગણો છો. એની અછત હોય તો એના ભાવ વધુ બોલાય અને છત હોય તો ભાવ ગગડી જાય."

"એ વળી શું ?"

"જુઓ સાહેબ, સૌરાષ્ટ્ર રાજ્યમાં ગ્રેજ્યુએટ ટ્રેન્ડ ટીચર્સની તંગી એટલે આપે એમને ઘાટે-પરુળકર ગ્રેડ આપ્યો અને મેટ્રિક-એસ.ટી.સી.ની છત છે એટલે એમને એ ગ્રેડ ન આપ્યો."

"શિક્ષક માટે આવું બનેય ખરું !"

"સાહેબ, શિક્ષક કોઈ નિર્જીવ વસ્તુ નથી, પણ આત્મવાન ચૈતન્યશીલ વ્યક્તિ છે. શિક્ષકના ભાવ જરૂરિયાત હોય ત્યારે વધારી શકાય અને વિપુલતા હોય ત્યારે ઘટાડી શકાય એ શિક્ષકનું જ નહીં, 'માનવ'નું અપમાન છે, અને અન્યાય તો છે જ."

— થોડા સમય બાદ મેટ્રિક - એસ.ટી.સી. શિક્ષકોને ઘાટે-પરુળકર ગ્રેડ અપાયો ખરો !

આ સ્વમાની અને સંવેદનશીલ શિક્ષક પાસે કવિતા ભણવી તે તેમના વખતમાં વિદ્યાર્થી-જીવનનો એક લ્હાવો ગણાતો. સને ૧૯૫૯ના અરસામાં તત્કાલીન આચાર્યે મેટ્રિક ક્લાસ માટે નોટિસ કાઢી : હવેથી આચાર્ય કવિતાનો પિરિયડ લેશે ને બીજું ગુજરાતીનું જે શિખવાડવાનું હશે તે રતિભાઈ છાયા શીખવશે.

તે દિવસોમાં કવિ-શિક્ષક રતિલાલ છાયા મેટ્રિકના વિદ્યાર્થીને ચૌદ લીટીનું એક સોનેટ સાત દિવસથી શીખવી રહ્યા હતા : રસાસ્વાદ કરાવી રહ્યા હતા. કાવ્ય-શિક્ષણના ઉત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓના ચિત્તમાં કાવ્ય-પ્રેમનાં બી વાવીને અંકુરો ઉછેરતા હતા. તે વખતે વર્ગ આખો હોય ભાવ-વિભોર !

ઉત્સવ વચ્ચે ધોકા જેવી આચાર્યની નોટિસ વિદ્યાર્થીઓ સહી ન શક્યા. એમણે આચાર્યનો તાસ શરૂ થાય તે પહેલાં વર્ગ છોડી દીધો-શાંત અસહકાર ! બીજે દિવસે રતિભાઈએ પોતાના તાસમાં એ વિદ્યાર્થીઓને કહ્યું : "તમે ગુરુનું અપમાન કરો તે મારાથી સહન નથી થતું. આચાર્યસાહેબ જ્ઞાની શિક્ષક છે, તેઓ ભાષાના ઉત્તમ જ્ઞાતા છે." - તાસમાં આમ ત્રીસ મિનિટ લગી ગુસ્સો ઠાલવીને પ્રેમથી એ વિદ્યાર્થીઓને આચાર્ય પાસે કવિતા શીખવા સમજાવ્યા. પછી વિદ્યાર્થીઓને પૂછ્યું : "હવે તમે શું કરશો ?"

કુરજી લાખાણી નામના વિદ્યાર્થીઓએ ઊભા થઈને કહ્યું : "સાહેબ, આપના પાસેથી સાહિત્યનું જે જ્ઞાન અને આનંદ અમે મેળવીએ છીએ તે હેડમાસ્તરસાહેબ અમને આપી શકશે નહીં. એમણે પાસેના ક્લાસમાં એક પિરિયડમાં ત્રણ કવિતા શીખવાડી છે; અમારે એમ નથી શીખવી. અમે આપના સિવાય કવિતા કોઈની પણ પાસે નહીં શીખીએ..... નહી જ શીખીએ...."

આ રોકડિયા જવાબથી રતિભાઈ ખૂબ ગુસ્સે થયા. કુરજીને પાસે બોલાવ્યો. હાથ ઉગામ્યો પણ તેમની આંખમાં આંસુની ધાર ! કુરજીની આંખોમાં પણ આંસુ ! તેને ભેટીને શિક્ષક રતિભાઈ કહે : "સત્યને પંથે હોય તેને ઈશ્વર જરૂર મદદ કરતો રહે છે."

વિદ્યાર્થીઓના શાંત અસહકારને છેવટે ઈશ્વરનો સહકાર મળ્યો ને વિદ્યાર્થીઓની ઈચ્છા મુજબ રતિભાઈએ તે વર્ગમાં ફરી કાવ્ય-ઉત્સવ કરવા માંડ્યો. ક્યારેક તો

તેઓ શાળાના ચોગાનમાં વૃક્ષ નીચે કવિતા ઊજવતા.

પ્રિય શાળા ભાવસિંહજી હાઈસ્કૂલનો કનકોત્સવ (૧૯૫૫) ઊજવવા માટે પચાર હજાર રૂપિયા એકત્ર કરવાનું બીડું ઝડપ્યું. સફળ પણ થયા. આવા સંકલ્પો પાર પાડવા માટે ઉઘાડા પગે ચાલવાની પ્રતિજ્ઞા કરે અને કાર્ય પૂરું થાય પછી જ પગરખાં પહેરે.

સરકારી નોકરીને લીધે ખુલ્લી રીતે એમણે સ્વાતંત્ર્ય - ચળવળમાં ભાગ લીધો ન હતો. હા, તેમની વાતોમાં ને વર્તનમાં, ખાસ તો શિક્ષણમાં દેશભક્તિ ડોકાયા વગર ન રહેતી.

ભણતર કુલ મેટ્રિક લગીનું પણ ગુજરાતી ઉપરાંત અંગ્રેજી પરનું પ્રભુત્વ પ્રશંસાપાત્ર લેખાય. પોરબંદરની રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજની સેવા-વિસ્તરણ પ્રવૃત્તિ અંગેની સલાહકાર સમિતિના સભ્યપદે એમણે યાદગાર સેવાઓ આપી હતી. (૧૯૫૬-૭૬)

વર્ગશિક્ષણ જ નહીં, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પણ રતિભાઈ છાયાને મન ઉત્સવ ! પોતે અગિયાર મંત્રીઓ ધરાવતા વિદ્યાર્થીમંડળ સાથે વિવિધ બાબતોમાં ઓતપ્રોત રહેતા. પોરબંદરને સંકલ્પપૂર્વક સમર્પિત આ શિક્ષક પરની બદલીનો હુકમ આવી પડ્યો, તો ધરી દીધું રાજીનામું ! શિક્ષણક્ષેત્રે અમલદાર થવાની આકર્ષક દરખાસ્ત એમની સામે આવી ત્યારેય રતિભાઈએ પોતાના હાથેથી ચોક-ડસ્ટર મેલવાનું પસંદ ન કર્યું !

પોતાના અધ્યાપન દ્વારા અનેક વિદ્યાર્થીઓના જીવનમાં અજવાળાં પાથરનાર રતિભાઈના તેમની સાથેના સંબંધો ઉષ્માભર્યા રહે તેમાં શી નવાઈ? અમેરિકામાં વસતા એક ગુર્જર-ભારતીય ઈજનેરને એમની સફળતાનું રહસ્ય પુછાયું. તેનો જવાબ હતો : "મારા શિક્ષક ગુરુ રતિલાલ છાયા. પ્રાર્થના પછીનાં એમનાં ઉદ્‌બોધનો ભુલાયાં નથી. એમણે સંભળાવેલી અને શીખવેલી રવીન્દ્રનાથ ટાગોરની કવિતાઓ હજુ કાનમાં ગૂંજે છે !"

સ્વાધ્યાય માટેનો રતિભાઈનો પ્રેમ અદ્‌ભુત ! શ્રમ, કળા અને ચિંતન માટેના તેમના સંસ્કાર અનુક્રમે મહાત્મા ગાંધીજી, ગુરુદેવ રવીન્દ્રનાથ અને મહર્ષિ અરવિંદને આભારી. આ ત્રણેય વિભૂતિઓની જીવન-ભાવનાને પામવા અને પચાવવા માટે એમણે પોતાના આયખાનો એકેક દાયકો એમના સાહિત્યના સ્વાધ્યાય અર્થે સમર્પી દીધો હતો.

વિશ્વફલકને આવરી લેતી એમની સ્વાધ્યાય-સાધનામાં સાહિત્ય, સંગીત, કળા, શિલ્પ, સ્થાપત્ય, તત્ત્વજ્ઞાન, ધર્મ અને શિક્ષણનો સમાવેશ થતો. યુગવર્તી ગ્રંથ 'લાઈફ ડિવાઈન'નું નિયમિત બાર વર્ષ સુધી સેવન કરીને એમણે દિવ્ય દિશાનો સંકેત મેળવ્યો હતો. પસંદગીપૂર્વકમાં ત્રણેક હજાર જેટલાં પુસ્તકો ધરાવતું એમનું અંગત પુસ્તકાલય એમના વાંચનશોખની સ્મૃતિ આપે છે.

મહાત્મા ગાંધીજીના અવસાન (૧૯૪૮) પછી તરત પોરબંદરના સુદામા ચોકમાં પચાસેક હજાર શોકાતુર લોકો સભાસ્વરૂપે એકત્ર થયા. કેટલાંક છોકરાં તો ઝાડ પર બેસી ગયેલાં. સભામાં ત્રીસેક વક્તાઓ પોતાની સંવેદનાઓ વ્યક્ત કરનાર હતા. એમાં અઢારમા ક્રમે ઊભા થનાર વક્તા રતિલાલ છાયાએ વિચાર્યું : મહામાનવ વિશે કેટલું બોલાય ? સત્તર જેટલા વક્તાઓને સાંભળીને કંઈક થાકેલા શ્રોતાઓને વિરામ આપ્યો હોત તો ? પોતે ઘરેથી લાવેલ કવિ ઉમાશંકર જોશીનું પુસ્તક 'વિશ્વશાંતિ' ખોલ્યું ને વાંચ્યું :

'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી.' — સંપૂર્ણ શાંતિ છવાઈ રહી. લોક-વિષાદ ઓસરવા માંડ્યો. કાવ્ય-પઠન પૂરું થવાની સાથે સુદામામંદિરમાં ઝાલર વાગી !

રવીન્દ્ર-શતાબ્દી વખતે તેમની અમર કૃતિ 'ગીતાંજલિ'માંના કાવ્યો પસંદ કરીને રતિભાઈ સામાન્ય લોકો સમક્ષ સામેથી જઈને વાંચતા. તેઓ કહેતા : "પૂજ્યપાદ શંકરાચાર્ય વગેરે મહાન ધર્મ-સંસ્થાપકો વિદ્વાનો પાસે નહોતા ગયા; સામાન્ય લોકો પાસે ગયા હતા.

આપણે પણ ઉત્કૃષ્ટ સાહિત્ય લઈને લોકો સમક્ષ જવું જોઈએ.''

રવીન્દ્ર પ્રેમવશ રતિભાઈએ પોરબંદરમાં રવીન્દ્ર રંગમંચ નામનું નાટ્યગૃહ સુધરાઈ દ્વારા તૈયાર કરાવવાનો સંકલ્પ કર્યો. સંકલ્પ પાર પાડવા એમણે ઉપવાસ પણ કર્યા. આખા સૌરાષ્ટ્રમાં રવીન્દ્રનાથની પ્રતિભા જાહેરમાં માત્ર પોરબંદરમાં છે તેનો યશ રતિભાઈ છાયાને છે. આ નગરમાં સાહિત્ય પરિષદનું ૨૮મું અધિવેશન યોજવાનો તેમણે સંકલ્પ કર્યો ને તે પાર પડ્યા પછી જ પગરખાં પહેર્યાં !

'સંસ્કૃતિનો સ્મૃતિશેષ' નામની તેમની અપ્રકટ આત્મકથામાં સને ૧૯૦૮થી ૧૯૯૧ લગીનાં સ્મૃતિચિત્રો કુલ ૧૨૫૪ પાનામાં શબ્દસ્થ થયેલ છે; તેમના પ્રકાશિત કાવ્યસંગ્રહો હિંડોલ, પુષ્પસંયોજન, સોહિણી, ઝાકળનાં મોતીને કાવ્યરસિકોએ દાદ આપી છે. એમણે પત્રકાર, સંપાદક અને અનુવાદક તરીકે પણ બહુમૂલ્ય સેવાઓ આપી હતી. પોરબંદર નગરની અનેકવિધ સંસ્થાઓ, જેમ કે રોટરી ક્લબ, હોર્ટિકલ્ચરલ સોસાયટી, આર્કિઓલોજિકલ રિસર્ચ સોસાયટી, પ્રદીપ અરવિંદ સોસાયટી, શ્રીમંગમ્ વગેરે સાથે સતત સક્રિયપણે સંકળાયેલા રહેતા રતિલાલભાઈ ગુજરાત કક્ષાએ સાહિત્ય પરિષદ, સૌરાષ્ટ્ર-કચ્છ ઈતિહાસ સભા, ગુજરાત ઈતિહાસ પરિષદ, વ. સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં પણ સહભાગી થતા હતા.

ધર્મપત્ની ઈલાબહેનના અવસાન (૧૯૭૯) પછી એમના તન-મનમાં વાર્ધક્યે અસર જમાવવા માંડી હતી. તેઓ કહેતા ખરા કે વાર્ધક્ય એ પાનખર નથી, આવનારી વસંતનું બીજ છે; પરંતુ દીવેલ ખૂટતું જતું હતું. કેન્સરના વ્યાધિને લીધે ખોરાક ઘટતો જતો હતો; આમ છતાં માનસિક ખોરાકની ભૂખ ભાંગી ન હતી; સને ૧૯૯૫ની મધ્યમાં શિક્ષણ અને સાહિત્યરસિકોએ પોરબંદરમાં તેમનો અમૃત-મહોત્સવ ઊજવ્યો. આ મહાન શિક્ષક-કવિએ તા. ૧૬-૧૦-'૯૫ના પરમ પ્રતિ પ્રયાણ કર્યું તેના આગલા દિવસે 'સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌નાં વચનો' નામનું પુસ્તક મેળવવા ભારતીય વિદ્યાભવન, મુંબઈને એકસો પિસ્તાળીસ રૂપિયાનો ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલાવ્યો હતો !

એમના અવસાન પછી, પોરબંદરે શહેરના એક માર્ગને રતિલાલ છાયાનું નામ આપવાનું ઠરાવ્યું; વાસ્તવમાં એમના માર્ગે તો શબ્દો, શિક્ષણ અને સંસ્કૃતિ માટે સમર્પણભાવ વિના કેમ ચાલી શકાય ?

હા, ચાલવા માટેનું થોડુંક પાથેય એમની મુલાકાત દ્વારા મળ્યું તે સરખે ભાગે વર્તનમાં ઉતારતા જઈએ. મેં સફળ કાવ્યશિક્ષણ સંદર્ભે જિજ્ઞાસા દાખવી ત્યારે એમણે ટટ્ટાર બેસીને કહ્યું : ''મારા અનુભવે, કવિતા જો ગેય હોય તો અચૂક એનું ભાવવાહી ગાન થવું જોઈએ. છંદોબદ્ધ હોય તો ભાવવાહી અર્થદ્યોતક પઠન થવું જોઈએ; કવિતા એ સમજવાની નહીં, અનુભવવાની સામગ્રી છે.''

''વડીલ શાળામાં જણાતા શિસ્તના અભાવ અંગે આપનું શું અવલોકન છે ?''

''તમે જોયું, ઈશ્વરભાઈ ? કળાના વિદ્યાર્થીઓ આંદોલનથી વેગળા રહેતા હોય છે. જો બાળકોને કળાનું શિક્ષણ નહીં આપો તો આજે તેઓ કાચ ભાંગે છે, કાલે આપણાં માથાં ભાંગશે. પૂર્વપ્રાથમિક કક્ષાએથી જ બાળકોને કળાનું વાતાવરણ અપાવું જોઈએ.''

''શાળામાં ધાર્મિક શિક્ષણ અંગે ?''

''બિનસાંપ્રદાયિક દેશને ધાર્મિક શૂન્યતા પરવડી શકે નહીં. આવા દેશમાં ધર્મનું શિક્ષણ કળાના માધ્યમ દ્વારા આપી શકાય.''

''આપ તો આજીવન શિક્ષક રહ્યા !''

''પ્રભુની કૃપા હોય તો જ અને તે જ વ્યક્તિ શિક્ષક થવા પામે. આવતા જન્મે જો અવસર મળે તો મને છે ત્રણ અરમાન : ભારતીય સંસ્કૃતિથી સજ્જ એક ઘર બનાવવું : વિશ્વસંસ્કૃતિનાં બધાં પાસાંનો પરિચય આપતું સંસ્કૃતિમંદિર રચવું અને સમાજને આપવી એક ઉત્તમ શાળા !''

(અનુસંધાન પૃષ્ઠ ૨૦ ઉપર)

# સમરહિલ શું કહે છે ?

હીરજીભાઈ નાકરાણી

મો. ૯૧૦૬૦૭૭૦૭૬



સમરહિલના જન્મ અને ઉછેરવા માટે નીલે કેટલીક બાબત તેમના આ પુસ્તકમાં વિગતે રજૂઆત કરી છે. જે બાળકો અને તેમના માતા-પિતા અને વાલીઓ માટે ખૂબ ઉપયોગી અને માર્ગદર્શિકરૂપ બની રહે તેવી છે.

પોતાના બાળકોને બીજી ચીલાચાલુ શાળામાં દાખલ કર્યા પછી ઘણા માતા-પિતાએ સમરહિલના દ્વાર ખખડાવ્યા છે. હારી થાકીને સમરહિલમાં નવા ઉમંગ અને આશા સાથે જ્યારે પ્રવેશ મળે છે ત્યારે મા-બાપો અને વાલીઓનો આનંદ ક્યાંય માતો નથી. નીલે પોતાની શાળા પ્રત્યે વાલીઓના વિચારો બાબત 'સમરહિલ'માં લખ્યું છે.

"બહુ સારા માતા-પિતા અને વાલીઓ આ શાળામાં થતા પ્રયોગોથી માંડીને શિક્ષણ પ્રત્યે સંશયથી જોતા હતા. કોઈ જાતની રોક-ટોક વગરની આ શાળામાં તદ્દન મુક્ત વાતાવરણ આપીને બાળકોને એક સંવેદનશીલ અને જવાબદાર નાગરિકના ઘડતરમાં ઉમદા ફાળો આપ્યો છે. બગાડવામાં નહીં."

સમરહિલમાં ભણીને મુક્ત થનાર વિદ્યાર્થીઓ બાબત નીલ લખે છે, "મોટાભાગના વિદ્યાર્થીઓ બહારની દુનિયામાં સફળ અને અનુભવી નાગરિક બનીને સમાજમાં પોતાની સેવા આપે છે. એક મનોરોગી વિદ્વાન કરતા એક ખુશમિજાજી સફાઈ કામદાર વધુ સારો છે." આ વિચારને તે પોતાની શાળામાં લાગુ કરે છે અને શાળાના તમામ કામો વિદ્યાર્થીઓ જાતે કરે છે. ગાંધીજીએ આપેલ બુનિયાદી શિક્ષણને નીલે પહેલાથી જ અપનાવી લીધું છે.

જે શાળાનું સ્વરૂપ લોકશાહીના સિધ્ધાંતો મુજબ સંપૂર્ણ લોકતાંત્રિક છે, જે સ્વશાસિત છે, જે સામાજિક અને સામુહિક જીવન સાથે જોડાયેલ બાબતોને સાથે રાખી જેમાં સામાજિક અપરાધોની સજા પણ સામેલ કરવામાં આવી છે.

**સહશિક્ષણ:** સહશિક્ષણ બાબત નીલ ખૂબ નિખાલસ ભાવે લખે છે : "સમરહિલમાં સહશિક્ષણને હતોત્સાહિત કરવામાં નથી આવતું. ખૂબ સમજીને તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે સ્વસ્થ, તંદુરસ્ત નિખાલસતા અને પ્રેમભર્યા સંબંધો બંધાય છે. જેને કારણે એકબીજા વચ્ચે ભ્રાન્તિ ભ્રમ કે સહશિક્ષણ જ છે. કુટુંબમાં સહશિક્ષણ રોજબરોજના જીવનવ્યવહાર સાથે જોડાયેલ હોય છે. આ પણ એક વિશાળ કુટુંબ જ છે. તેમાં સમુહજીવનના સંસ્કારો સહશિક્ષણથી જ ઉન્ન અને ઉદાત્ત બની શકે છે.

સમરહિલના બાળકોને સહશિક્ષણ સાથે સાથે કંઈક કામ પણ આપવામાં આવે છે. તે સ્વૈચ્છિક રીતે કામ પસંદ કરી શકે છે. તેના પર કોઈ પણ પ્રકારનું દબાણ કરવામાં આવતું નથી. પછી તે કામ શાળાના બગીચાનું હોય કે શાળાના રૂમની સફાઈનું હોય. આમ નાના મોટા વિકાસનું હોય છે. રમત સાથે નાટકને સમરહિલમાં મહત્ત્વનું ગણવામાં આવે છે. સ્વરચિત નાટકને રંગમંચ પર રજૂ કરવાની પ્રાથમિકતા અપાય છે. તેની સાથે નૃત્ય સાથે સંગીત તો હોય જ.

**બાળકોની સારસંભાળ:** નીલ સમરહિલમાં લખે છે : "અહીં સ્વનિર્દેશિત બાળકોને ખૂબ મહત્વ આપવામાં આવે છે." તેમના મતે સ્વનિર્દેશનો અર્થ થાય છે, જ્યાં બાળકોને મુક્ત રીતે જીવન જીવવાનો અધિકાર હોય અને બાહ્ય રીતે શારીરિક, માનસિક સ્વયં અનુશાસિત હોય. તેને માર મારવામાં કે ધમકાવવા કે તેના પર કોઈ ખીજાય નહીં, તેને હંમેશાં પ્રેમ અને સંરક્ષણ આપવામાં આવે છે. બાળકોના આનંદ પાછળ તેને અપાતો પ્રેમ જ જવાબદાર છે. એટલે કે તેને આપણા પ્રેમની પૂર્ણ અનુભૂતિ થવી જોઈએ. તેઓ આગળ લખે છે ; "મારી શાળાના બાળકોના

સારા માતા-પિતા પોતાના બાળકોને શાળાના હાલહવાલ બાબત ક્યારેય પૂછતા નથી. તેઓ પોતે જાતે સમરહિલમાં આવીને શાળાની તમામ પ્રવૃત્તિઓ જોઈ શકે છે. ખરાબ વાલીઓ ઊભા થઈને પોતાના બાળકો અંગે અમને પ્રશ્નો પૂછે છે :

- હવે તે ભણવા બેસે છે ?
- તે ક્યારે સ્વચ્છ રહેવાનું શીખશે ?
- તેને ભણવામાં રસ પેદા થાય છે ?
- તે કોઈને નડતો તો નથી ને ?
- શાળાની શિસ્ત તે પાળે છે ?

આવા અનેક પ્રશ્નો અમને પૂછીને તેઓ પોતાની સમસ્યા પાછળ છુપાયેલ ભય કે શંકા પર વિસ્તારથી તેઓ કહે છે : "અમે અમારા બાળકોથી ડરીએ છીએ." ગરીબીથી, ઠઠ્ઠા મશ્કરીથી, ભૂતોથી, દુર્ઘટનાઓથી કે મૃત્યુ વગેરેથી ડરવા પાછળ તેમના ભયની લાંબી કહાની છુપાયેલી હોય છે.

લાખો લોકો અંધારાથી ડરતા હોય છે. હજારો એવા હોય છે કે જે પોલીસથી ડરતા હોય છે. દવાખાનાની ઘંટડી સાંભળીને વ્યગ્ર થઈ જાય છે. આ રીતે 'ભય' અંગેનો એક પ્રકારનો ફોબિયા કે ભ્રાંતિ થઈ જાય છે. તેથી તેના વિનાશક વર્તન કે આક્રમણથી માતા-પિતા કે વાલીઓ ડરતા હોય છે. બાળકો જાણી-જોઈને તોડફોડ કરતા નથી. અજાણતા ઘણી તોડફોડ કરે છે. આની પાછળની સચ્ચાઈ તો એ છે કે મોટેરાઓમાં કિંમતી વસ્તુથી માંડીને મિલ્કતની ભાવના કામ કરતી હોય છે. જ્યારે બાળકોમાં આવી ભાવના કામ કરતી નથી. તેના ગુસ્સાનું મૂળ તપાસવું જોઈએ.

બાળકોનાં જૂઠાણાં બાબત નીલ સમરહિલમાં લખે છે : પોતાનું બાળક જૂઠું બોલે છે અથવા પોતાનાથી ડરે છે કે ક્યારેક તમારી નકલ કરે છે કે ચાળા પાડે છે. તેની પાછળનું કારણ માતા-પિતા પોતે જ હોય છે. જે માતા-પિતા પોતાના બાળકોની હાજરીમાં જૂઠું બોલે છે કે સત્ય છુપાવે છે તેના બાળકો જરૂર જૂઠું બોલવાના અને સત્ય છૂપાવતા ફરે છે. જે બાળકોને માતા-પિતાનો નિખાલસ અને નિર્મળ પ્રેમ મળે છે. સ્વતંત્રતામાં મોટા થયા હોય તે જાણી જોઈને ક્યારેય જૂઠું બોલી શકતા નથી. સજા કે દંડની બીક ને કારણે પોતાની જાતને છુપાવવા કે બચાવવાની જરૂર રહેતી નથી.

**જાતીય પ્રેરણા :** બાળપણથી જાતીય અંગોને જુદી જુદી રીતે જોવાની દૃષ્ટિ રાખવામાં આવે છે. જો બાળકોમાં જાતીય પ્રેરણા પ્રત્યે શરીર વિજ્ઞાનની સાચી સમજ પ્રત્યે સ્વાભાવિક દૃષ્ટિકોણનો ભાવ આવી જાય તો બાળક સ્વાભાવિક રીતે જાતીય પ્રેરણામાં રસ નહીં દાખવે. વધતી વય સાથે તેને પોતાની મૂંઝવણ કે મનમાં પેદા થતી સમસ્યાઓ અંગે માતા દીકરી સાથે અને પિતા પુત્ર સાથે સ્વાભાવિક અને નિખાલસ વાત કરતા થાય તો તેને રહસ્યપૂર્ણ અને જિજ્ઞાસાપૂર્ણ રીતે સમજાવીને અનિષ્ટ વ્યવહાર-વર્તનમાંથી બચાવી શકાય. આ બાબત સમરહિલમાં નીલ લખે છે :

"આપણે આપણા બાળકોની જાતીય પ્રેરણા તરફ શંકાથી જેટલું કડક નિયંત્રણ રાખતા હોઈએ છીએ તેટલું તે વધુ આક્રમક બનતું હોય છે. આખરે તે પતનના માર્ગે પણ ચડી જતા હોય છે. જીવન પ્રત્યે જેટલો નકારાત્મક અભિગમ હોય તેટલી બગડવાની સંભાવના વધુ રહે છે. અને જેના પાયામાં જાતીય પ્રેરણા હોય, જે બાળકોમાં જાતીય પ્રેરણાથી માંડીને અપરાધ બોધ ન થાય તેમને ધર્મની દરકાર હોતી નથી કેમ કે ધર્મ જાતીય પ્રેરણાને ગંભીર અપલક્ષણ ગણે છે. તેના પર જાત-ભાતની શંકાઓનું આરોપણ થાય છે. પરિણામે બાળકો નાનપણથી જ જાતીય પ્રેરણાથી માંડીને અપરાધભાવ અનુભવવા લાગે છે અને જીવનભર આ બાબતથી ઉબાઈ જઈને જાતીય પ્રેરણાને નફરત કરવા લાગે છે. ધર્મના અંચળા હેઠળ જાતીય પ્રેરણાનો અપરાધ ભાવ જીવનમાં ઘર કરી જતો હોય છે. જાણે અજાણે ધર્મધુરંધરોએ બાળકોમાં પેદા કરેલ એક મહાન દુષણને જન્મ આપ્યું હોય છે.

**ધર્મ અને નૈતિકતા :** ધર્મ બાબત નીલ લખે છે : "ધર્મનો અર્થ આજે જે પ્રચલિત છે તે છે સહજ, સ્વાભાવિક જીવનનો વિરોધ." આ લડાઈ અધ્યાત્મમાં વિશ્વાસ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

રાખનારા અને અવિશ્વાસ રાખનારા વચ્ચેની નથી. પણ આ, લડાઈ તો માનવીય સ્વતંત્રતામાં વિશ્વાસ કરનારાઓ અને માનવીય સ્વતંત્રતાનું દમન કરનારાઓ વચ્ચેની છે. ધર્મ હંમેશ તર્ક અને બૌધ્ધિકતા આગળ પરાજિત થયેલ હોય છે. મૂળતઃ જીવન પ્રત્યે ભયભીત હોય છે અને તેથી તે જીવનથી દૂર ભાગે છે. તે ઈહલોકજીવનને ગૌણ કે તુચ્છ ગણે છે. તેઓ કહે છે કે આ જીવનની પેલે પારનું કોઈ બેહતરીન જીવન છે. તેથી રહસ્યવાદ ધર્મનો અર્થ એવો કરે છે કે આ જીવન નકામું છે તેથી તેને છોડો. જીવનની વાસ્તવિકતાથી ભાગનારા તેઓ હોય છે. દંભી અને ડરપોક પણ હોય છે.

**બાળકોની મૂંઝવણોઃ** પરપીડન અને ક્રુરતા બાળકોમાં જન્મથી નથી હોતા પણ પરિવારમાં માતા-પિતા દ્વારા બાળકની મૂળભૂત સ્વતંત્રતા ઉપર થતું દમન અથવા માતા-પિતાનો પારસ્પારિક સંબંધમાં થતો સંઘર્ષનો પ્રભાવ બાળકના કોમળ માનસ પર વિપરીત અસર પેદા કરે છે. બાળકો દોષિત કે અપરાધી ત્યારે જ થાય છે કે જ્યારે તેની સ્વતંત્રતા પર પ્રહાર કે દમન કરવામાં આવે છે.

અપરાધ એ નફરતની અભિવ્યક્તિ છે. જો બાળક અપરાધવૃત્તિ લઈને જન્મતા હોય તો મધ્યમવર્ગના પરિવારમાં પણ એટલા જ અપરાધી બાળકો પેદા થાય, જેટલા ઝૂંપડપટ્ટીમાં પેદા થતા હોય. નીલને બાળક પર દૃઢ વિશ્વાસ છે તેથી જ તેઓ માને છે કે બાળક જન્મથી અપંગ, કાયર, આત્મહીન માનવ મશીન નથી હોતું. તેનામાં જીવન પ્રત્યે પ્રેમ, રસ, રુચિ અને લાગણી, સંવેદના ભરપુર હોય છે.

**માતા-પિતાની મૂંઝવણોઃ** નીલ દઢપણે માને છે તેથી જ સમરહિલમાં લખે છે : બાળકોને પ્રેમ, નફરત અને વિવેક પોતાના માતાપિતા તરફથી મળતા હોય છે. તેમજ શાળામાં શિક્ષક તરફથી, દેવળોમાં પાદરીઓ તરફથી મળે છે. મોટાભાગના બાળકોના માતા-પિતા એવું માનતા હોય છે કે બાળકોને સજા કરીને તેના પ્રેમને નફરતમાં બદલી નાખે છે. બાળકોમાં પેસી ગયેલ નફરતની ભાવનાને પારખવી સરળ નથી હોતી. બાળકને સજા કર્યા પછી કે માર્યા પછી તેના તરફ જે લાગણી, સહાનુભૂતિ અને કોમળ ભાવના દેખાડાય છે તે ખરેખર તો નફરતને દબાવવાનું જ પરિણામ હોય છે. આ સત્ય હકીકત માતા-પિતા સમજતા નથી, દમિત થયેલ ભાવના બાળકની અંદરથી મરતી નથી પણ સુષુપ્ત અવસ્થામાં વર્ષો સુધી ઢબૂરાઈને પડી હોય છે પણ જ્યારે તેને ઠોકર લાગે છે ત્યારે સર્પના ફૂંફાડાની જેમ પુનઃપ્રગટ થઈને વિકૃત સ્વરૂપ ધારણ કરી લે છે.

માતા-પિતાના આંતરિક સંઘર્ષમાંથી થયેલ છૂટાછેડાની વિકૃત અસર બાળકના માનસ ઉપર થયા વગર રહેતી નથી. મોટા ભાગના સારાં બાળકો તેનાથી અપરાધ ભાવ તરફ ઢળી જાય છે. પરિણામે તેમાંથી બચવા માટે નશો કરવા લાગી જાય છે. ચોરી, ભાંગફોડ, મારામારી કરવી વગેરે વિનાશક અને નકારાત્મક પ્રવૃત્તિ તરફ વળી જાય છે. કેમ કે તેના માતાપિતા પોતાની અંગત સમસ્યાથી ઘેરાઈ ગયેલા હોય છે તેથી બાળકો પ્રત્યે પૂરી સાર-સંભાળ રાખી શકતા નથી અને નિખાલસ, નિર્મળ પ્રેમ પણ આપી શકતા નથી.

'સમરહિલ' એ બાલમનોવિજ્ઞાનનો એક જીવતો જાગતો દસ્તાવેજ છે. બાળકોના ઉછેર અને શિક્ષણ અંગે આટલું સુક્ષ્મ અને બારીકાઈથી અધ્યયન કદચ કોઈક જ પુસ્તકમાં ભાગ્યે જ જોવા મળે છે. નીલનો વાસ્તવિક અનુભવ રજૂ થયો છે. બાળકોના મનનો ખૂણેખૂણો ખૂંદી વળ્યા છે. બાળમાનસ સંબંધી કોઈ એવો વિષય નહીં હોય કે જેનો તેમણે સમરહિલમાં ઉજાગર ન કર્યો હોય. દરેક બાબતને તેઓ પોતાના વિવેક અને તર્કની કસોટી પર કરવી ને પોતાના જાત અનુભવ સાથે જોડી દે છે.

બસ આજ એમના જીવનની ખાસિયત છે, માનવ જીવનનું લક્ષ કે શિક્ષણનું લક્ષ, પ્રસન્નતાથી કામ કરી આનંદ પ્રાપ્ત કરવાનો હોય છે અને નીલના મતે આનંદ એટલે જીવનમાં રસ લેવો. રસપૂર્વક જીવન જીવવું.

**ભાવાત્મક વિકાસઃ** શિક્ષણથી માત્ર બૌદ્ધિક વિકાસ થાય તે પુરતું નથી. સાથે સાથે ભાવાત્મક વિકાસની પણ જરૂર

હોય છે. સાંપ્રત સમયમાં બુધ્ધિ અને ભાવ વચ્ચેનું અંતર સતત વધતું જાય છે. આજે મોટાભાગના અનુભવો બૌધ્ધિક હોય છે. ભાવાત્મક નથી હોતા. દિમાગ અને દિલ આ બે વચ્ચેનું અંતર વ્યક્તિમાં એવી ખંડિત માનસિકતા પેદા કરે છે. જે વૈચારિક અને ભાવાત્મક અનુભવ જ પ્રાપ્ત કરવા નથી દેતી.

નીલ લખે છે શિક્ષણ બાળકોની આધ્યાત્મિક જરૂરિયાતોને પૂર્તિ કરનારું હોવું જોઈએ. બાળકો પરોપકારી નથી હોતા તે યુક્ત ઉંમરના બાળકોની જેમ પ્રેમ કરવાની સ્થિતિએ નથી પહોંચ્યા હોતા. આવી અપેક્ષા અયુક્તો પાસેથી રાખવી તે ભૂલ ગણાશે. તેનામાં પરોપકારિતાનો વિકાસ તો આ ઉંમર પાર કરી લે અને યુક્તતા સુધી પહોંચે ત્યારે થાય છે.

**અનુશાસનઃ** અનુશાસન અંગે નીલ લખે છે કે કડકાઈથી લાગુ પાડેલ અનુશાસન ભય પેદા કરે છે. આ ભય આગળ જતા દોષ પેદા કરે છે અને દોષમાંથી દ્વેશ પેદા થાય છે. આ દોષ આગળ જતા પ્રગટ ન થઈને ગુપ્ત કે સુષુપ્ત બની જાય છે. જે વિકાસ માટેના પ્રયાસો અને ભાવનાઓની પ્રામાણિકતાને પાંગળી બનાવી દે છે. બાળકો ઉપર વધુ પડતા દમિત અનુશાસન ચલાવવાથી તેના આત્મિક વિકાસમાં બાધા પેદા કરે છે, રુકાવટ નાખે છે.

**અપરાધ બોધ :** અપરાધ બોધ ખાસ કરીને સત્તા સાથે જોડવાનું કામ કરે છે. સ્વતંત્રતાના માર્ગમાં અપરાધ બોધ આડો આવે છે. અપરાધી ભાવનાઓ એક એવું દુષ્ચક્ર પેદા કરે છે કે જે બાળકોને વિદ્રોહ, પ્રશ્ચાત્તાપ અને આત્મસમર્પણ કરવામાં ફસાવે છે. આપણા સમાજના મોટા ભાગના લોકો અપરાધ ભાવ સહન કરે છે અને અંતરના અવાજને પ્રગટ કરવા નથી દેતો કેમકે સત્તા વિરુધ્ધ દંડનો ભય હોય છે. પછી તે દંડ શારીરિક હોય, પ્રેમ હટાવી લેવાનો હોય કે પછી તે પોતાનો નથી પણ પરાયો છે. તમામ અપરાધી ભાવનાઓ ભય પેદા કરે છે અને આ ભયથી દોષ અને પાખંડ પેદા થાય છે.

**ધર્મ શિક્ષણ :** સમરહિલમાં કોઈપણ પ્રકારનું ધાર્મિક શિક્ષણ અપાતું નથી તેનો અર્થ એવો નથી કે ધર્મનો માનવીય મૂલ્યો સાથે કોઈ સંબંધ નથી. એનો અર્થ એવો પણ નથી કે લડાઈમાં કે ધર્મવિજ્ઞાનમાં તેને વિશ્વાસ નથી કે અવિશ્વાસ છે. આ સંઘર્ષમાં ખરેખર માનવીય આઝાદીમાં વિશ્વાસ રાખનારાઓ અને માનવીય દમનમાં આસ્થા રાખનારાઓ વચ્ચેનો છે.

સમરહિલનો લેખક નીલ એવું લખે છે કે એક દિવસ એવો આવશે કે જ્યારે નવી પેઢી આજની નકલ ધાર્મિકતા અને ધાર્મિક દંભ કે ધતીંગોને ફગાવી દેશે. અને તેનું સ્થાન એક નવો ધર્મ લેશે. માનવ સૃષ્ટિ પાપમાંથી પેદા થઈ છે તે વાતને સરયામ નકારી કાઢશે. લોકોને પ્રસન્ન રાખવા માટે જે નવો ધર્મ આવશે તે ઈશ્વરની સ્તુતિ ખરા દિલથી કરશે.

નીલ પોતે આજના સમાજનો ટીકાકાર છે; તેઓ એવું માને છે કે વ્યક્તિને પાળી-પોષીએ છીએ તે એક નાપાક માનવ છે. આપણે આજ એક વિક્ષિપ્ત સમાજમાં જીવી રહ્યા છીએ. આપણા આજના ધાર્મિક રિવાજો પાખંડી છે. નીલ પોતે આંતરરાષ્ટ્રીયવાદી છે તેથી તેઓ પોતાના વિચારોમાં અડગ વિશ્વાસ ધરાવે છે. યુધ્ધ માટે તૈયાર રહેવું તે માનવજાત માટે જંગલિયાતપણું છે, જે કુળનો જાતીક રોગ છે.

વાસ્તવમાં નીલ બાળકોને એવા શિક્ષિત બનાવવાની કોશિશ કરતા જ નથી કે જે સાંપ્રત વ્યવસ્થામાં સરસ રીતે ફીટ થઈ જાય. તેમની કોશિશ તો એવી હોય છે કે બાળકને પાળી-પોષીને એવી રીતે મોટા કરવાના છે કે તે સદાકાળ એક પ્રસન્ન માનવી બની શકે, તે એક એવો માનવી બને કે વધુ મૂલ્ય પ્રાપ્ત કરવા વધુ ઉપભોગ કરવાને બદલે સ્વયં વિશિષ્ટ બને આ રીતે નીલ સંપૂર્ણ યથાર્થવાદી છે. તેઓ બાળકોમાં એવું જોઈ શકે છે કે તે દુનિયાના અર્થતંત્રમાં વધુ સફળ કે સિધ્ધ ભલે ન હોય, પણ તેનામાં સાચી નિષ્કપટતા વિકાસ પામેલી હશે, જે તેને ભૂખ્યા ભિખારીમાંથી બનાવવામાંથી બચાવશે.

નીલે 'સમરહિલ' પુસ્તકમાં ચાલીસ વર્ષના અનુભવનો નીચોડ વિવિધ સમસ્યાઓને લક્ષમાં


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

રાખીને અભિવ્યક્ત કર્યો છે, બાળકોનું જૂઠું બોલવું, ચોરી કરવી, બાળકોમાં ભય પેદા થવો, સતત ભયથી ડરતા રહેવું, પીડાતા રહેવું, બાળકોમાં હિનભાવના પેદા થવી, પરસ્પર ગાળા-ગાળી કરવી, મારામારી કરવી, જાતીય પ્રેરણા પેદા થવી, સહશિક્ષણ, સ્વયંશિસ્ત, અનુશાસન, આજ્ઞાપાલન, મૌનશિક્ષણ, સંડાસ-પેશાબનું શિક્ષણ, હસ્તમૈથુન, સમલૈંગિકતા, સંગીત, નાટ્ય, વાણીકૌશલ્ય લેખન કૌશલ્ય, રમત-ગમતમાં અભિરુચિ, ધર્મભાવના, પૈસાનો સદુપયોગ વગેરે અનેક બાબતોને આ પુસ્તકમાં રજૂ કરી છે. આમાંથી માતા-પિતા કે વાલીઓને ઘણી બાબતો મૂંઝવતી હોય છે અને તેનાથી પીડાતા હોય છે. આ બધામાં યોગ્ય માર્ગદર્શન કે સમાધાન મળે તે હેતુથી અનુભવના ચાકડે ઘુંટાઈને લખાયું છે જે સૌ માતા-પિતા અને વાલીઓએ ખાસ વાંચવા જેવું છે.

સમરહિલના બાળકોની સ્વનિર્દેશિતા અને આત્મસંચાલન બાબત બાવન બાળકો સામે પોતાના જીવનના અનુભવો રજૂ કરતા નીલ લખે છે, બાળકોને આપેલ આઝાદી અને સ્વઅનુશાસનથી કોઈ માણસનું કંઈ પણ નુકસાન થયું નથી. પ્રસિધ્ધ મનોવૈજ્ઞાનિક સિગ્મન ફ્રોઈડના સિધ્ધાંતો પ્રત્યે પોતે પ્રભાવિત થઈને વારંવાર વિશ્લેપણ કરતા લખે છે; બાળકના બાળપણની સ્વાભાવિક રસ, રુચિઓનું સતત દમન થવાને કારણે જ આગળ જતા તે કઠોરતા અને નફરતની લાગણી પેદા કરે છે.

નીલ કહે છે કે આઝાદીનો અર્થ સ્વચ્છંદતા નહીં પણ સવિવેક મુક્તતા, સ્વતંત્રતા, શિક્ષક બાળક ઉપર બળ પ્રયોગ ક્યારેય ન કરે અને બાળકોને પણ એ અધિકાર નથી કે શિક્ષક ઉપર બળ પ્રયોગ કરે. યુક્ત વ્યક્તિનો બાળક પર બળ પ્રયોગ કરવાનો હરગીજ અધિકાર નથી કેમ કે તે બાળક છે.

નીલે પૂરા ચાલીસ વર્ષ સુધી સમરહિલમાં સેવા આપી. તે સમય દરમિયાન બાળકો સમક્ષ પોતે ક્યારેય જૂઠું બોલવાનો વ્યવહાર કર્યો નથી આવી ખાતરી તો 'સમરહિલ' વાંચીને જ કરી શકાય આ પુસ્તકમાં ક્યાંય તેમણે દંભ દર્શન કરાવ્યું નથી. તેમાં સીધું સાદું સચ્ચાઈનું વર્ણન તદ્દન નિખાલસસભાવે કર્યું છે.


## દરિયાનાં તોફાન

**કિરીટ ગોસ્વામી**
જામનગર. મો : ૯૮૭૯૪૦૧૮૫૨

પવન પકડશે કાન...
દરિયા, તારો પવન પકડશે કાન !
હમણાં-હમણાં વધી ગયા છે
બહુ તારા તોફાન !
તેથી પવન પકડશે કાન....
ઘૂ ઘૂ કરતાં મોજાં કેવાં
ધડામધડ્ પછડાય...
કોને દેખી આમ ફૂંફાડા-
મારે? -ના સમજાય...
એબીસીડી બોલે કે-
તું કાવ્ય મજાનું ગાય?
ફીણ ઉડાડી ભાગે;
કેવું ચડતું તન્ને તાન !
તેથી પવન પકડશે કાન...
કેટકેટલી નદીઓ પીને
જાડો-પાડો થાય !
તોય કિનારે ધસમસતો
આવીને રેતી ખાય !
ઘડીક માં તું નાની એવી
કોડીમાં સંતાય !
ખારો-ખારો આમ છતાંયે
બધેય તારા માન !
તો -તો ક્યાંથી પકડે કાન?

# અધૂરો માળો

હરિત પંડ્યા



૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદ-૨.
મો. ૯૪૨૮૯૯૯૮૫૪

એણે આંખ ઉઘાડી. એ સાથે જ બહારની દુનિયા ઠેકડો મારીને એની આંખોમાં ગોઠવાઈ ગઈ. સામેના ઝાડની ડાળીઓ પર હડિયાદોટ કરતી ખિસકોલીઓ, ઝાડના લીલુડા ઘૂમટામાંથી ડોકાતાં કબૂતરો, કાગડા, કાબરો...

"ભંગાર આપવાનો છે...." શેરીમાંથી પસાર થતા લારીવાળાનો સાદ સંભળાયો. એને, ક્યાંક સાંભળેલો જોક યાદ આવી ગયો. જોક્માંની મહિલાએ લારીવાળાને કહેલું, "એ બહાર ગયા છે. સાંજે આવશે." એનાથી સહેજ મલકી જવાયું.

થોડી વારે ભંગારવાળાની લારી નજરે પડી. ભાગ્યું-તૂટ્યું કાઠું. વાંકાંચૂકાં પૈડાં, પિશાચી અટ્ટહાસ્ય જેવા એનાં પૈડાનાં કિચૂડાટથી ઝાડની ઘટામાં ઢબૂરાઈને બેઠેલાં પક્ષીઓ ફર્ર્ર્ર્ કરતાં ઊડી ગયાં.

સામેના મકાનની બારી પાસે બેસીને એક બાઈ કશુંક સીવી રહી હતી.

ત્રણ સાંધે ત્યાં તેર તૂટે એવી દશા છે બાપડીની.

પણ એટલી વારમાં તો એની ડોકી દુખવા માંડી હતી. એ ફરી કૉટમાં ચત્તો સૂઈ ગયો. છતના હૂકથી લટકતા સુગરીના માળાને એ જોઈ રહ્યો. કૃપા એક દિવસ શાક લેવા ગયેલી ત્યારે શાક ભેગો માળોય એ લેતી આવેલી.

એને માળો લગીરે ગમતો નો'તો. અધૂરો હતો એથી તો વિશેષ. કૃપા જિદ્દ કરેલી એટલે શું થાય !

એક ચકલી ચાંચમાં ઘાસનું તરણું લઈને બારી વાટે અંદર પ્રવેશી અને સામેની દિવાલ પરની ટ્યૂબ લાઈટની પટ્ટી પર તરણાને ગોઠવવા મથી રહી. પછી તો ચકલોય એ કામમાં જોડાયો. ઘડીમાં તો બંનેએ ખાસાં તણખલાં ભેગાં કરી દીધાં. માળો પૂરો થવામાં હતો, ત્યાં હવાના એક ઝોકાએ એને વેરવિખેર કરી નાખ્યો. ઘડી પછી બંનેએ એ જ જગાએ માળો બનાવવાનું આરંભી દીધું.

સાવ મૂરખ છે બેય ! આટલાં તણખલાંએ તે આ જગાએ માળો બંધાતો હશે ? આમ ને આમ તો, ઈંડા મૂકવાનો સમય થતાં સુધીમાંય માળો તૈયાર નહીં થઈ શકે. જો, હવાના ઝોકાથી તણખલાં ખરતાં રહ્યાં તો. ને ત્યારે બાપડાં શું કરવાના?

એણે પાસું બદલ્યું. કૉટની પાસે કૃપા ફર્શ કરી સૂતી હતી. એની છાતી પરથી સાડીનો છેડો ખસી ગયો હતો.

કેવી મોહક લાગે છે, ખજૂરાહોની શિલ્પકૃતિ જેવી !

એના હૈયામાં પાંડુના જેવો સળવળાટ ઊપડ્યો, પણ....

એણે એક ગોળી ઓશીકા નીચેથી લઈને મોંમાં મૂકી અને પાણીના ઘૂંટ સાથે પેટમાં ઉતારી દીધી.

ઊંઘ આવી જાય તો સારું. રાત્રે નહીં તો દિવસે તો આવવી જોઈએ ને ! નહીં તો પછી ગોળી લેવાનો શો અર્થ ? આ બધા ફાર્મસીવાળાઓ પર કૉર્ટમાં કેસ જ માંડવો જોઈએ. ગોળી લઈએ ને અસર ન થાય એ કેમ ચાલે !

એણે આંખો મીંચી દીધી. ગોળીની અસર થતી હોય એમ એને લાગ્યું.

પણ આ શું ? ઓરડાની ચારે દીવાલો ધીમેધીમે એકબીજાની નજીક સરકતી જતી હોય એમ લાગે છે. ને મારું શરીર આ દીવાલો વચ્ચે ભીંસાવા માંડ્યું કે શું ? શ્વાસેય રૂંધાવા માંડ્યો ! ઓ....!

"શું થયું ?" કૃપા એકદમ ઝબકીને જાગી ગઈ.

"હેં ! કશું નહીં. કેમ ?" એની ઊંઘ પણ ઊડી ગઈ હતી.

"તમે હમણાં બૂમ પાડીને ! કશું થાય છે તમને ?"

"મેં બૂમ પાડી !? ખબર નથી. ઊંઘમાં પડાઈ ગઈ હશે. સારું, ચા બનાવ." ને કૃપા ઊઠીને ચા બનાવવા ગઈ.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

તે દિવસે એ ઑફિસેથી ઘેર આવ્યો ત્યારે એણે કૃપાની આંખોમાં આંસુ જોયાં.

"શું થયું ? એણે કૃપાને પૂછ્યું.

"મારે આ ઘરમાં નથી રે'વું. આ બે મરચાં કચરવા બેઠી'તી એટલામાં તો, લતાબેને ધૂંઆંપૂઆં થઈને ઉપર દોડી આવ્યાં, ને કેટલું બોલી ગયાં !" કૃપાએ ગાલ પર સરી આવેલાં આંસુ લૂછતાં કહ્યું.

"પણ. મરચાં કચરવા તારે નીચે જવું'તું ને !"

"આવાં કામ માટે ઉપર-નીચે ચઢ-ઊતર કર્યાં કરું, તો-તો મારો મરો જ થઈ જાય."

"કૃપા, ત્રણ વર્ષમાં આ આપણું ચોથું મકાન છે. ને આ તો તેં જ પસંદ કરેલું. દર વખત મકાન બદલીએ છીએ ત્યારે ભાડું દોઢું થઈ જાય છે. એ તો, ભાડાના ઘરમાં આવું થોડું ચલાવી લેવું પડે." એણે કૃપાને સમજાવવા પ્રયાસ કરેલો.

"તમારે તો બોલવું જ છે ને ! આખો દિવસ બહાર રહો એટલે શી ખબર પડે !"

"પણ..."

"ને સાંભળો, આજે તો મેં લતાબેનને કહી દીધું, કે એવું હશે તો આવતે મહિને તમારું ઘર ખાલી કરી નાખીશું."

"એટલે તો કહ્યા કરું છું, આપણું પોતાનું એક નાનકડું ઘર બનાવી દઈએ."

"ગાંડી. એ કંઈ સહેલું છે !"

"આટલા બધા લોકો ઘરવાળા થાય છે. તો આપણને શું વાંધો આવવાનો હતો ?" કૃપાએ જરા અકળાઈને કહ્યું.

"એ માટે બે નંબરની આવક જોઈએ. આપણા જેવાનું એ કામ નહીં." કહી એ કપડાં બદલવા ચાલ્યો ગયો.

બીજે દિવસે એ સવારે નાસ્તો કરતાં-કરતાં છાપું ઊથલાવતો હતો, ત્યાં એક જાહેરાતનું ફરફરિયું છાપામાંથી સરકીને કૃપાના ખોળામાં જઈને પડ્યું.

"આ વાંચ્યું ?" કૃપાએ એ વાંચ્યા પછી એને કહ્યું.

"મકાનની જાહેરાતને ? આ તો બધા લોકોને છેતરવાના ધંધા." શું જાય છે ! દોઢ વર્ષમાં મકાન તૈયાર કરીને આપવાનું કહે છે. બે રૂમ, રસોડું, સ્ટોર...."

ચા-નાસ્તો પતાવ્યા પછી એણે જાહેરાત ધ્યાનપૂર્વક વાંચી. યોજનામાં જોડાનારે શરૂમાં ચાલીસ હજાર ભરવાના હતા. બાકીની રકમ હપ્તામાં ચૂકવવાની હતી. લોનની સુવિધા પણ હતી. એને યોજનામાં રસ પડ્યો. એણે હિસાબ માંડ્યો. ફિક્સ ડિપોઝીટો અને બચત ખાતાની રકમ મળીને વીસ હજાર તો થઈ જતા હતા. બાકીના હાથ-ઉછીના લાવવાના થાય. લોનના હપ્તા ભરવા માટે એકાદ પાર્ટ ટાઈમ જોબ શોધી કાઢવી પડે. એ તો જોકે મળી રહે.

અને એ, આ યોજનામાં જોડાઈ ગયો. સદ્‌નસીબે, સવાર-સાંજની એકએક કલાકની પાર્ટટાઈમ જોબ પણ બીજે જ મહિને એને મળી ગઈ. આ સ્કીમમાં જોડાવાની સાથે જ એણે અને કૃપાએ કરકસરની ઝુંબેશ આરંભી દીધી. સવારનાં શાકભાજીને તિલાંજલિ, ચા પણ દિવસમાં બેથી ત્રીજી વાર નહીં, મહેમાન-મુલાકાતી આવે ત્યારે જુદી વાત. મકાનનો કબજો મળતાં સુધી નાટક, સિનેમા બંધ, ઈસ્તરી અને બૂટને પૉલિશ પણ વેચાતાં નહીં કરાવવાનાં. પરિણામે દર મહિને સારી બચત થતી રહી.

તે દિવસે નોકરી પરથી ઘેર આવીને એ બૂટની દોરી છોડતો હતો, ત્યાં એની નજર કૃપાના ચિંતાગ્રસ્ત ચહેરા પર પડી.

"શું થયું ? લતાબેન સાથે ફરી બોલવાનું થયું કે શું ?" એણે કૃપાને પૂછ્યું.

"ના, પરાગ એ વાત નથી."

"ત્યારે ?"

"આજે બે મહિના પર અઠવાડિયું થઈ ગયું, તોય...."

એને એકદમ તો કશી સમજ ન પડી. પણ પછી ખ્યાલ આવતાં એણે કહ્યું.

"પણ એ તો ક્યારેક વહેલું-મોડું થાય. એમ હોય તો ડૉક્ટરને...."

"એ તો હું આજે જ મળી આવી."

"શું કહ્યું ડૉક્ટરે ?"

"એ જ, પણ એ તો હું મમ્મીને ત્યાં જઈશ ને, એટલે..." કૃપાએ કહ્યું.

"પણ, મમ્મીને ઘેરથી તું પાછી આવીશ પછી તો ખર્ચમાં વધારો થઈ જવાનો ને !"

"હા બાળકનો ખર્ચ ઉમેરાવાનો. એમ થાય છે કે કાલે ફરી દવાખાને જઈએ અને.... પણ કોણ જાણે કેમ, મારું મન માનતું નથી."

"કૃપા, બાળક માટે તો આપણી આખી જિંદગી પડી છે. પહેલાં ઘરવાળાં થઈ જઈએ."

એ માંડમાંડ કૃપાને સમજવી શકેલો. કૃપાના કેસમાં થોડું કોમ્પ્લિકેશન થયેલું, એટલે ડૉક્ટરનું બિલ પણ જરા વધી ગયેલું.

હાઉસિંગની સ્કીમમાં જોડાયે છ મહિના વીતી ગયા હતા છતાં, હજુ તો પાયાય ખોદાયા નો'તા. એ ઓર્ગેનાઈઝરને મળવા ગયેલો.

"એન.એ.એન.ઓ.સી.નું પતી જાય એટલે દશેરાએ મુહૂર્ત કરીશું." ઓર્ગેનાઈઝરે એને ઠંડે કલેજે કહેલું.

"મને તો એમ કે એ બધી વિધિ પતી ગઈ હશે." એણે કહેલું.

તે દિવસે ઘેર પહોંચતાં એને ઘણું મોડું થયેલું. હમણાંનું રોજ એમ થતું. કૃપા એની રાહ જોતી બેસી રહેતી.

"કૃપા, આમ રાહ જોઈને બેસી રહેવાને બદલે જમી લેતી હોય તો !"

"તો-તો. તમે રાતના બારેય ઘેર ન આવો. ને એકલાં ભૂત જેવાં ખાવા બેસીએ તે ગળે ઊતરતું હશે ! પણ... આટલું મોડું કેમ થાય છે હંમેશાં ?"

"ઊઠવાની તૈયારી કરતો હોઉં ને શેઠ કંઈ કામ ચીંધે ત્યારે ના થોડી પડાય છે !"

એને ક્યારેક કૃપાની દયા આવતી.

ઘરમાં એકલી-એકલી બોર થઈ જતી હશે બિચારી. બહાર ફરવા કે કોઈને મળવા જવાની વાત તો બાજુએ રહી, કેટલાય દિવસથી અમે બે નિરાંતે કલાક બેઠાંય નથી.

રવિવારે અને રજાને દિવસેય એ કશુંક કામ ઘેર લેતો આવતો. ને રોજ તો એ, સાંજે એવો થાકી જતો કે કૃપા રસોડું આટોપીને સૂવા આવે ત્યાં સુધીમાં તો એ ઊંઘી ગયો હોય.

પછી જોકે, સોસાયટીનાં મકાનોનું બાંધકામ શરૂ થયેલું, પણ બિલ્ડિંગ મટીરિયલના ભાવમાં વધારો થયેલો. તે નિર્ધારિત રકમ કરતાં વધારાની સારી એવી રકમ ઓર્ગેનાઈઝરે બધાં સભ્યો પાસેથી ઉઘરાવેલી. એ એના મિત્રને મળેલો.

"મને તો એમ કે તું અગાઉના પાછા આપવા આવ્યો હોઈશ." મિત્રે કહેલું.

"હમણાં થોભી જા. જરા ભીડમાં છું. થોડા-ઘણાય કરી આપ્યા હોત તો."

"મારાથી તો બને એમ નથી. વ્યાજે અપાવી શકું. ત્રણ ટકાનો દર ચાલે છે."

"ઘણો ઓછો કહેવાય. વર્ષે ત્રણ ટકા."

"વર્ષે નહીં, મહિને, કઈ સદીમાં જીવે છે ?"

"હેં !?"

અને છતાં એને ત્રણ ટકાના વ્યાજે પૈસા લેવા પડેલા. બીજા જ મહિનાથી એના ઘરખર્ચમાં વ્યાજની રકમ ઉમેરાઈ ગયેલી.

તે દિવસે એ એના ટેબલે બેઠો હતો, ત્યાં પટાવાળાએ આવીને કહ્યું, "શેઠ બોલાવે છે."

એ સહેજ ગભરાટ સાથે શેઠની ઑફિસમાં પ્રવેશ્યો.

"મિસ્ટર મહેતા, હું જોઉં છું કે છેલ્લા ત્રણ-ચાર મહિનાથી તમારું ચિત્ત કામમાં ચોંટતું નથી. તમે ઉપરાઉપરી ભૂલો કરતા રહો છો. એક-બે વાર ટોકવા છતાં તમારા કામમાં કોઈ સુધારો જણાતો નથી. તમને શા માટે છૂટા કરવા ન જોઈએ?"

"શેઠ સાહેબ, હું ઘણો દિલગીર છું. મારી ભૂલો બદલ હું આપની માફી માંગું છું. ફરીથી આવી ભૂલો નહીં થાય."

આટલું કહેતાં એની આંખોમાં પાણી આવી ગયેલું.

"મહેતા, મને ઘણી વાર થાય છે, તમે પહેલાંના મહેતા નથી રહ્યા. શી બાબત છે ?"

"એવું ખાસ કશું નથી શેઠજી."

"સારું જાઓ. ફરી મારે કહેવું ન પડે એનું ધ્યાન રાખજો." શેઠે એને કહેલું.

ઘેર પહોંચતાંની વારમાં કૃપાએ એનો ઊધડો લેવા માંડેલો.

"શું થયું પાછું ? આમ મોં કેમ લેવાઈ ગયું છે સાવ ? કોઈની સાથે બાઝ્યા કે શું ?

"હા."

"કોની સાથે ?"

"કોની સાથે તે શેઠ સાથે."

"થોડો સ્વભાવ સુધારો, જેની-તેની સાથે બાઝતા ફરો છો. તે ! શું થયું'તું ?"

"એક ક્લાર્કને બિચારાને ઑફિસમાં જરાક ઝોકું આવી ગયેલું. એટલી વાતમાં તો શેઠે એને છૂટો કરી દીધો. તે ના બોલવું પડે !"

"પછી શું થયું ?"

"બીજું શું થવાનું હતું ! એનો ડિસમિસલનો લેટર પાછો ખેંચાવડાવ્યો. હડતાલની ધમકી આપતાંની વારમાં શેઠ ઢીલાઢસ." એણે હાંક્યે રાખેલું.

"પણ, પછી શેઠ તમને હેરાન નહીં કરે ?"

"અરે, એમ ગભરાયે ચાલતું હશે !"

"તોય સંભાળજો તમે, રોજ સવારના આઠથી તે રાતના આઠ નવ સુધી ખેંચે રાખો છો તે ક્યારેક તમનેય ઑફિસમાં ઝોકું આવી ન જાય."

"તું ખોટી ચિંતા ન કર. શેઠ આપણું નામ લેવાની હિંમત નહીં કરે."

વધારે પડતી દોડાદોડીને કારણે એ માંદો પડી ગયો. માંદગીને કારણે એ એની સવાર-સાંજની પાર્ટ-ટાઈમ જોબ પર અઠવાડિયાથી જઈ શક્યો નો'તો. ઑફિસમાંથી તો એણે પંદર દિવસની રજા જ લઈ લીધી હતી. પણ સવારમાં, એ જ્યાં પાર્ટ ટાઈમ જોબ કરવા જતો હતો એ બોસે એને કાલથી કામે લાગી જવા કહેવડાવ્યું એને થયું, એ જો સવારની જોબ પર હાજર નહીં થઈ જાય તો બોસ એની જગાએ બીજો માણસ રાખી લેશે. અને એ જોબ ગુમાવવાનું તો એને પરવડે એમ નો'તું. એટલે બીજે દિવસે એણે એ કામે જવા તૈયારી કરવા માંડી.

"પણ આ તબિયેત તમે કેમ કરીને જઈ શકવાના ?" કૃપાએ વિરોધ દર્શાવતાં કહ્યું.

"આજે ટેમ્પરેચર નથી, એટલે જાઉં છું. રિક્ષામાં જ જઈશ ને આવીશ, પછી શું વાંધો આવવાનો હતો !" એણે જવાની જિદ્દ પકડી રાખી. કામે જવા નીકળતાં પહેલાં એણે દવા સાથે ચા અને થોડો નાસ્તો કરી લીધો. પછી શર્ટ ઉપર સ્વેટર અને ગળે મફલર લગાવીને એ તૈયાર થઈ ગયો.

"ઊભા'રો, હું સાથે આવું છું. ટેમ્પરેચર ભલે નથી, પણ નબળાઈ કેટલી આવી ગઈ છે !"

"ખોટા વેવલાવેળા ન કર. એમ કંઈ મૂકવા અવાતું હશે ! મને કશું થવાનું નથી."

અને એ રિક્ષા કરીને એની સવારની જોબ પર હાજર થઈ ગયો. અડધા કલાકમાં તો એની આંખે લાલ-પીળાં જાળાં બાઝવા માંડેલાં. એટલે ફટોફટ કામ પતાવીને એ ઘેર આવવા નીકળી પડ્યો.

સવારના દસેક થયેલા, પણ તાપ શરૂ થઈ ગયો હતો. એ રિક્ષાની રાહ જોતો ઊભો રહ્યો. એને નીચે બેસી જવાનું મન થયું, પણ એ બેઠો નહીં.

બે-ત્રણ રીક્ષાઓ થોભ્યા વિના પસાર થઈ ગઈ. ત્યાં એણે દૂરથી બસ આવતી જોઈ. બસ કદાચ નયે ઊભી રહે એ દહેશતે એ, બસના માર્ગમાં ઊભો રહી ગયો. બસને થોભાવવા એ હાથ હલાવતો રહ્યો.

બસ ધમમસતી આવી. એનું હોર્ન ગરજી રહ્યું. બસ થોભશે નહીં એમ એને લાગ્યું. એ બસના માર્ગમાંથી દૂર ખસવા જતો હતો, ત્યાં એને ચક્કર આવ્યા, અને એ.....

એણે આંખ ઉઘાડી ત્યારે એણે કૃપાને એની પાસે બેઠેલી જોઈ. બરફ જેવાં સફેદ વસ્ત્રોમાં સજ્જ બે-ત્રણ પરીઓ બિલ્લી પગે એની આસપાસ ઘૂમી રહી હતી.

"કૃપા, હું ક્યાં.....?" પણ કૃપા જવાબ આપે તે પહેલાં એને ખ્યાલ આવી ગયો. એને જાણવા મળ્યું કે એનો એક પગ ભાંગી ગયો હતો. માથામાંય ખાસ્સું વાગ્યું હતું. મહિનાના બેડ-રેસ્ટ પછી પણ ચાલવાની રજા મળે તો મળે.

પણ મારી સારવારનો ખર્ચ કૃપાએ ક્યાંથી કાઢ્યો હશે ?

એણે કોટમાં પડ્યા-પડ્યા કૃપા સામે જોયું. કૃપા એની સૂની ડોક સાડીના છેડાથી ઢાંકી રહી હતી.

એટલે કૃપાએ....

એ ખ્યાલ આવતાં એની આંખોમાં ભીનાશ લીંપાઈ ગઈ.

"આ ચા મૂકી. ઊંઘી ગયા કે શું પાછા ? કૃપાએ એને ઢંઢોળીને કહ્યું.

કોનો અવાજ ? નર્સનો કે કૃપાનો ?

એણે આંખ ઉઘાડી. કૃપાની મદદથી એ કોટમાં બેઠો થયો. એણે બારી બહાર સહેજ જોઈ લીધું. સામેની બારી પાસે બેઠેલી બાઈનું સીવવાનું હજુ ચાલું હતું.

કૃપાએ એને બે-ત્રણ જાતની ગોળીઓ આપી. એણે ગોળીઓની ફાકી મારી અને ઉપર પાણી પી લીધું અને પછી ચાના ઘૂંટડા ભરવા માંડ્યો.

"આજે દવાખાને ચેક-અપ કરાવવા જવાનું છે." કૃપાએ એને ફરી યાદ અપાવ્યું. અને એની ચા પતાવીને એ કપડાં બદલવા ચાલી ગઈ.

એણે ટિપાઈ પર પડેલું છાપું ઉપાડ્યું અને સવારે વાંચેલી જાહેરાત ગોતી કાઢીને એ ફરીથી રસપૂર્વક વાંચવા માંડ્યો.

જોઈએ છે જોઈએ છે, સારા લત્તામાં પ્લૉટ કે તૈયાર મકાન.

રસ ધરાવનારાઓએ નીચેના સરનામે સંપર્ક સાધવો.

એ સંપર્કનું સરનામું વાગોળતો રહ્યો, ક્યાંય સુધી.

ત્યાં બહાર રિક્ષાની તડતડાટી સંભળાઈ. દવાખાને જવા બહાર નીકળતાં એની નજર વળી છતના હૂકથી ઝૂલતા અધૂરા માળા પર પડી એનાથી સાવ લુખ્ખું હસી પડાયું.

## શિક્ષણના સિતારા

કવિ શિક્ષક રતિલાલ છાયાના કવિત્વ અને શિક્ષકત્વની ઉત્તમ સંયોજનાથી સુશોભિત તેમના જ આ ઉદ્‌ગારગીતને વાંચી-અનુભવીને એ મહાન શિક્ષકને શ્રદ્ધાંજલિ આપીએ :

શિક્ષક મેઘને
વરસો અમૃત-ધારા
મનમેહુલિયે તરપો જીવન-ક્યારા.
(૧) તમે ધરાનાં વરદ ધનદ છો
તમે ગગનના જ્યોતિઃ
તમે ધરાનાં ગહન જલધિ છો,
તમે આશનાં મોતી
— વરસો અમૃત-ધારા
મનમેહુલિયે તરપો જીવન-ક્યારા.
(૨) તમે વરસ્યે જગ ભીંજે પલપલ,
અભિનવ સૃષ્ટિ મ્હોરેઃ
તમે વરસ્યે નવ ભાગ્ય ધરાનાં
સદ્ય જ્ઞાનથી કોળે.
—વરસો અમૃત-ધારા
મનમેહુલિયે તરપો જીવન-ક્યારા.
(૩) માનવ-બાગ ઝૂલે અજરામર,
સ્વર્ણ-પુષ્પ ત્યાં ડોલો;
તમ ઉરની કરુણ-ધારાએ,
નવાં નવાણો ખોલો.
- વરસો અમૃત-ધારા
મનમેહુલિયે તરપો જીવન-ક્યારા.
(૪) સુજલા, સફલા નવધરતી કરી,
જાહ્નવી ઉર-ઝકોરો;
જુઓ ઊઘડે દૂર ક્ષિતિજે,
નૂતન તેજ-ખગોળો.
- વરસો અમૃત-ધારા
મનમેહુલિયે તરપો જીવન-ક્યારા.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ભાવાર્થ લેખન

ડૉ. રવીન્દ્ર અંધારિયા

વિદ્યાર્થી મિત્રો,
સૌને જય ભારત !

તમારી માતૃભાષા કઈ? તમને એવો કોઈ પ્રશ્ન પૂછે ત્યારે તમે એમ જ કહેવાના - મારી માતૃભાષા ગુજરાતી છે. અલબત્ત જવાબ સાચો છે. પરંતુ આપણી ગુજરાતીના ચમત્કારો તમે જાણો છો ?, ચાલો.... આજે આપણે ગુજરાતી ભાષાનો એક ચમત્કાર જાણીએ.....

વિદ્યાર્થી મિત્રો, હવે આ વાત ધ્યાનથી સાંભળો.... એક વખત હું મારા મિત્રને ઘરે બેઠો હતો અને તેનાં નાનકડાં બાબાને રમાડતો હતો. થોડીવાર પછી બાબો 'ભૂ' શબ્દ બોલ્યો, તે સાંભળીને મારો મિત્ર નાનકડા કપમાં પાણી લઈ આવ્યો. તેને કાળજીથી પીવડાવા લાગ્યો. બાબો પણ ઘણો તરસ્યો હોય તેમ ઘટક ઘટક પીવા લાગ્યો. વિદ્યાર્થી મિત્રો, આવી ઘટના બનતી તમે પણ એકવાર નહિ, અનેકવાર જોઈ હશે.

પરંતુ કદી વિચાર કર્યો - બાળક બોલ્યું 'ભૂ'. તો પણ તેની મમ્મી કે કોઈ મોટેરાં ભાંડરડાં પાણી લઈને કેમ આવ્યાં ? બાળક બોલ્યું તો નથી કે મને તરસ લાગી છે. પાણી આપો. તેમ છતાં ખબર કેમ પડી કે બાળકને તરસ લાગી છે. આવો વ્યવહાર કેમ થયો ?

દોસ્તો ! ગુજરાતીનો આ જ ચમત્કાર છે : બોલાઈ છે કશુંક ને અર્થ સમજાય છે જુદો. ચાલો, આપણે એ ચમત્કારને જાણીએ.....

જો જો હો મારી સાથોસાથ ધ્યાન દેતા જજો. હું બોલું છું - સ્કૂલ. તમે સાંભળો છો સ્કૂલ. તરત જ તમારા મનમાં શેનં ચિત્ર ઉભરી આવે છે ? તમારી સ્કૂલનું ખરું ને ? એનો અર્થ એ થયો કે સ્કૂલ શબ્દનો અર્થ તમે જાણો છો. હવે બીજી સ્થિતિ જોઈએ....એક ટેબલ ઉપર થાળીમાં જુદાં જુદાં ફૂલો પડ્યાં છે. હું કહું કે તેમાંથી ગુલાબી લાવી આપો. તમે ઊભા થઈને માત્રને માત્ર ગુલાબ લાવી આપશો. આનું કારણ શું ? કારણ કે તમે ગુલાબનો અર્થ જાણો છો. આ બંને ઉદાહરણ પરથી શું તારવી શકાય ?

હા..... તમારું તારણ બરોબર છે, દરેક શબ્દને અર્થ હોય છે. આ અર્થ જાણતા હોવાથી તે મુજબનાં વર્તન વ્યવહારો થતાં હોય છે. આ તો ગુજરાતી ભાષાના ચમત્કારનું પહેલું પગથિયું છે. પણ હવે ખરાખરીનો ખેલ આવે છે હો, તો થઈ જાવ તૈયાર.....

લ્યો, આ વાક્ય સાંભળો.....

દલપતે ગ્રામ સફાઈનું કામ માથે ઊપાડી લીધું.

વિદ્યાર્થી મિત્રો,

કહો જોઈએ દલપતે કયું કામ માથે ઉપાડી લીધું ? તમારો વિચાર બરાબર છે - ગ્રામ સફાઈનું કામ દલપતે માથે ઊપાડી લીધું.

તો પછી તમે જ વિચારો કે ગ્રામ સફાઈ એ કોઈ વસ્તુ છે ? માથે ઊપાડી શકાય એવી કોઈ ચીજ છે ?

ના.... તમારો વિચાર સાચો છે. માથે ઊપાડી શકાય એવી કોઈ વસ્તુ કે ચીજ ગ્રામસફાઈ નથી. એ તો કરવાનું કાર્ય છે, કામ છે. તો પણ લેખકે એમ શા માટે લખ્યું - દલપતે ગ્રામ સફાઈનું કામ માથે ઊપાડી લીધું.

વિચારો... મને લાગે છે કે અહીં શબ્દનો સીધો અર્થો કરી શકાય તેમ નથી. તેથી બીજો અર્થ શોધવો પડશે.... આ માટે આખા વાક્યનો ભાવ પકડવો પડસે. વાક્યનો ભાવ સમજી લેશું તો શબ્દોના નવા અર્થો પણ મળી રહેશે. ચાલો વાક્યનો ભાવ સમજવા આગળ ધપીએ....

ગ્રામ સફાઈ એ તો કરવાનું કામ છે. તેથી માથે ઊપાડી લીધું. વાક્યાંશ - નો ભાવ એવો નીકળી શકે કે દલપતે

ગ્રામસફાઈ કરવાની જવાબદારી સ્વીકારી લીધી. ટૂંકમાં માથે ઉપાડી લેવાનો અર્થ જવાબદારી સ્વીકારી લેવી તેવો નીકળી શકે.

જોયું વિદ્યાર્થી મિત્રો, ગુજરાતી શબ્દોને બે અર્થો હોય છે : એક, તેનો શબ્દાર્થ કે વાક્યાર્થ. બીજો તેનો ભાવાર્થ, ભાવાર્થ વાંચતાની સાથે જ મળી જતો નથી. પરંતુ મહેનતપૂર્વક શોધવો પડતો હોય છે. વાચક ભાવાર્થ મેળવે તો જ લેખકનો સંદેશ સમજી શકે છે. માટે ભાવાર્થ શોધવો અગત્યનું કામ છે. તમારા અભ્યાસક્રમમાં ભાવાર્થ લેખન મુદ્દો છે. તેથી આપણે ભાવાર્થ લેખન પ્રક્રિયા સમજીએ. ભાવાર્થ લેખન કરતા તમારે શીખવું છે ને ? હા.... તો ચાલો ભાવાર્થ લેખન કરતા શીખીએ.

પ્રથમ તો શબ્દનો ભાવાર્થ એટલે શું ? અને ભાવાર્થ કેવી રીતે જાણી શકાય તે અંગે વિચારીએ. એ સંદર્ભે ફરી યાદ કરીએ... બાળક બોલ્યું 'ભૂ'. ભૂનો અર્થ તો ભૂમિ થાય, તેનો અર્થ પાણી થતો નથી. છતાં સાંભળનારે તેનો અર્થ કર્યો પાણી – બાળકને તરસ લાગી છે માટે તે પાણી માંગે છે. સાંભળનારે ભૂનો અર્થ પાણી કેમ કર્યો ? એવું જ દલપતે ગ્રામસફાઈનું કામ માથે ઊપાડી લીધું. પરંતુ વાંચનારે તેનો અર્થ ગ્રામ સફાઈના કામની જવાબદારી સ્વીકારી લીધી એવો અર્થ કેમ કર્યો ? આમ શબ્દનો શબ્દકોશ મુજબનો અર્થ ન કરીને બીજા અર્થ તારવવો. આ બીજો અર્થ એટલે ભાવાર્થ. શબ્દનો ભાવાર્થ વાંચી શકાય એટલો પ્રગટ હોતો નથી. તેને શબ્દના ઉપયોગના સમય-સંજોગને લક્ષમાં રાખીને ખેંચી કાઢવાનો હોય છે. અથવા સમજી લેવાનો હોય છે. આમ આસપાસના સંદર્ભોને સમજીને શબ્દનો જે અર્થ તારવીએ તે ભાવાર્થ. ભાવાર્થ તારવવાની આખી પ્રક્રિયા આનંદદાયક હોય છે. જુઓને.... કોઈ વિદ્યાર્થી પોતાના બોલકણા મિત્રને એમ કહે, "ભાઈ ! દોઢ ડાહ્યો થા મા." તો એ એનો અર્થ શો કરશો ? શું ડહાપણ કાઈ વસ્તુ છે કે તેને તોળી શકાય.... ના.... તો પછી તેનું માપ દોઢિયું શી રીતે થઈ શકે ?

અહીં તેનો ભાવાર્થ કરવાની મજા આવે છે, કારણ કે તેનો અર્થ થાય છે : ભાઈ ! બધી વાતમાં ડહાપણ ડોળમા.... થોડી વાર તો વાત સાંભળ.

દોસ્તો ! મને લાગે છે કે હવે ભાવાર્થ એટલે શું તમે બરાબર સમજી ગયા છો. તમારાં ગુજરાતી ભાષાનાં પાઠ્યપુસ્તકમાં એવાં ઘણાં બધાં વાક્યો, કાવ્ય પંક્તિઓ અને સુભાષિતો છે. તેના ભાવાર્થ મેળવવાથી જ તે પાઠકે કાવ્ય વિશેની તમારી સમજણ વધી જાય છે, ભણ્યાનો આનંદ આનંદ થાય છે. માટે એક ઉદાહરણથી ભાવાર્થ લેખન કેવી રીતે કરવું તે સમજીએ.... પરંતુ એ પહેલા વિદ્યાર્થી મિત્રો તમે નોટ અને પેન ખોલો. બરાબર છે ? તો હવે લખો.....

"બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું ઊભા રહેલનું;
સૂતેલાનું દીસે સૂતું, ચાલે ભાગ્ય ચલન્તનું."

લખાઈ ગયું ? સાંભળો ફરી એકવાર બોલું છું. બરોબર મેળવી લેજો.

"બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું ઊભા રહેલનું;
સૂતેલાનું દીસે સૂતું, ચાલે ભાગ્ય ચલન્તનું."

હવે આ સુભાષિત બે થી ત્રણ વાર ધ્યાનપૂર્વક વાંચી જાવ. તેનો સરળ અર્થ કરવા પ્રયત્ન કરો. આ હેતુસર તમે તમારા મનમાં કેટલાક પ્રશ્નો ઊભા કરો, જેવા કે...

(૧) આમાં મુખ્ય વાત કોની છે ? - ભાગ્યની વાત છે.

(૨) બેસે છે ભાગ્ય બેઠાનું – શું બેસે છે ? – ભાગ્ય.

કોનું ભાગ્ય બેઠું છે ? – બેઠેલાનું ભાગ્ય.

આ બે પ્રશ્નોના જવાબને આધારે સુભાષિતના પ્રથમ ચરણનો અર્થ કરો. તેનો કંઈક આવો અર્થ થશે : જે બેઠાડું છે તેનું ભાગ્ય પણ બેઠેલું રહે છે. હવે બીજું ચરણ જોઈએ....

(૩) ઊભું ઊભા રહેલનું – શું ઊભું છે ? કવિએ આ પ્રશ્નનો જવાબ દીધેલ નથી. પરંતુ અધ્યાહર રાખ્યો છે. તેથી તેને જવાબ મેળવવા આપણે પ્રથમ ચરણનો સંદર્ભ લેવો પડશે. જુઓ અહીં બેસવું ક્રિયા સાથે કવિએ કયો


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

શબ્દ વાપર્યો છે? તો જવાબ મળશે ભાગ્ય, તો પછી ઊભવું ક્રિયાપદ સાથે ભાગ્ય શબ્દ જોડી શકાય કે નહિ? હા... જોડી શકાય. હવે શું ઊભું છે પ્રશ્નનો ઉત્તર મળશે : 'ભાગ્ય ઊભું રહે છે.'

આ ઉપરથી બીજો પ્રશ્ન મનમાં આવશે, 'કોનું ભાગ્ય ઊભું રહે છે? અલબત્ત આ પ્રશ્નનો જવાબ પંક્તિમાં જ છે : જે ઊભા રહી જાય છે તેનું ભાગ્ય પણ ઊભું રહી જાય છે. હવે ત્રીજું ચરણ વાંચીએ....

(૪) સૂતેલાનું દીસે સૂતું - કવિએ અહીં ભાગ્ય શબ્દ વાપર્યો નથી છતાં આગળની પંક્તિઓ અને ચોથા ચરણની પંક્તિના સંદર્ભે સમજી શકાય છે કે આ ચરણમાં પણ ભાગ્યની જ વાત છે. પ્રશ્ન થાય છે, કોનું ભાગ્ય સૂતેલું દીસે છે? આ પ્રશ્નનો જવાબ પણ આ ચરણમાં છે. ધ્યાનથી વાંચો.... જે વ્યક્તિ સૂતેલી છે તેનું ભાગ્ય પણ સૂતેલું રહે છે.

(૫) હવે ચોથું ચરણ જોઈએ, 'ચાલે ભાગ્ય ચલન્તનું'. તો પ્રશ્ન આવો થઈ શકે, 'શું ચાલે છે?' જવાબ સરળ છે. 'ભાગ્ય ચાલે છે.' આ ઉપરથી બીજો પ્રશ્ન આવો કરવો જોઈએ - કોનું ભાગ્ય ચાલે છે? - જવાબ પણ કવિએ આપી દીધેલ છે - જે ચલન્ત છે તેનું ભાગ્ય ચાલે છે.' 'ચલન્ત' નવો શબ્દ છે. પરંતુ તેમાં રહેલ ચલ પદ ચલન્તનો અર્થ કરવામાં મદદરૂપ થાય છે. ચલ પરથી ક્રિયાપદ બન્યું ચાલવું અર્થાત્ જે ચાલે છે તેનું ભાગ્ય પણ ચાલે છે.

મને લાગે છે કે સુભાષિતનો સરળ-સાદો અર્થ હવે તમને સમજાઈ ગયો છે. તો ચલાવો કલમ અને બે લીટીમાં સુભાષિતનો સાદો અર્થ લખો. ભાવાર્થ લેખનની પહેલી શરત એ છે કે જેનું ભાવાર્થ લેખન કરવાનું છે તેનો પ્રથમ સરળ શબ્દોમાં બે થી ત્રણ લીટીમાં સાદો અર્થ લખવો. તો ચાલો આપણે આ સુભાષિતનો વાચ્યાર્થ - સાદો (વાંચતાં જ જે અર્થ મળે તે) લખીએ.

**સરળ અર્થ :** 'જે બેસી રહે છે તેનું ભાગ્ય પણ બેસી રહે છે, જે ઊભા રહી જાય છે તેનું ભાગ્ય પણ ઊભું રહી જાય છે. એ જ રીતે જે સૂઈ રહે છે તેનું ભાગ્ય પણ સૂતું રહે છે પરંતુ જે ચાલ્યા કરે છે તેનું ભાગ્ય પણ ચાલતું રહે છે.'

જો કે આ સરળ અર્થ મનમાં કેટલાક પ્રશ્નો ઊભા કરે છે, જેવા કે શું ભાગ્યને પગ હોય છે? શું તે બેસવું, ઊભવું, સૂવું કે ચાલવું જેવી ક્રિયા કરી શકે? જો જવાબ ના માં હોય તો એનો અર્થ એ થયો કે કવિ કંઈક જુદું કહેવા માંગે છે, તે કંઈક શીખામણ દેવા માંગે છે, કંઈક સંદેશ દેવા માંગે છે. કવિએ કહેવા ધારેલ સંદેશને ખોળી કાઢવો તેનું નામ ભાવાર્થ જાણવો. સ્પષ્ટ થયું ? તો ચાલો આપણે ભાવાર્થ જાણીએ....

કવિએ બેસવું, ઊભવું, સૂવું ને ચાલવું એવી ચાર ક્રિયા દર્શાવી છે, માટે આ દિશામાં વિચાર કરવો જોઈએ. ઉક્ત ચારેય ક્રિયાઓ કોણ કરી શકે?... વિદ્યાર્થી મિત્રો ! વિચારો ને જવાબ શોધી કાઢો. તો જવાબ મળશે, કોઈ પણ જીવંત પ્રાણી..... પછી તેમાં મનુષ્ય પણ હોય અને અન્ય પ્રાણીઓ પણ હોઈ શકે.

આ સુભાષિતમાં મુખ્ય શબ્દ (ચાવીરૂપ શબ્દ) કયો છે ? આ ચારેય ક્રિયાઓ કે ભાગ્ય ? આગળ આ પ્રશ્ન વિશે વિચારો - કવિએ ભાગ્યને કોની સાથે જોડ્યું છે ? જવાબ છે, ચારેય ક્રિયાઓ સાથે ભાગ્યને જોડ્યું છે ને કહ્યું છે : ભાગ્ય બેઠેલું રહે છે, ઊભેલું રહે છે, સૂતેલું રહે છે ને ભાગ્ય ચાલતું રહે છે.

હવે પ્રશ્ન એ થાય, શું ભાગ્ય ચાલી શકે? બેસી શકે ? ઊભું રહી શકે ? સૂઈ શકે ? તમે તરત જ જવાબ આપશો.... ના....ના... ભાગ્ય નથી બેસી શકતું, નથી સૂઈ શકતું કે નથી ચાલી શકતું.

તમારા આ જવાબનો અર્થ એ થયો કે આ શબ્દોનો જુદો અર્થ વિચારવો પડે. નવો અર્થ મેળવવાની પ્રક્રિયા એટલે ભાવાર્થ મેળવવો.

જે વ્યક્તિ કશું જ કામકાજ કરતી નથી, આળસુનો પીર થઈ હાથ પર હાથ ધરીને બેસી રહે તે જીવનમાં કશી સિદ્ધિ મેળવી શકે ? પ્રગતિ કરી શકે ?.... ના... તેનો

(અનુસંધાન પૃષ્ઠ ૪૧ ઉપર)

# બ્લેઝ પાસ્કલ : ખુદ સે મિલના ભૂલ ગયે, લોગ અપના ઠીકાના ભૂલ ગયે

રાજ ગોસ્વામી



**શબ્દ અને ચિંતનની કળાત્મક અભિવ્યક્તિ : અસ્તિત્વદર્શન.**

જે લોકો સાયન્સમાં ભણ્યા હશે તેમને ફ્રેંચ વિચારક બ્લેઝ પાસ્કલનું નામ ખબર હશે. ૩૯ વર્ષની સાવ જ કાચી ઉંમરે પેટના કેન્સરમાં મરી જતાં પહેલાં પાસ્કલે ભૌતિકશાસ્ત્ર અને ગણિતમાં, વિશેષ કરીને તરલતા (ફ્લુઈડ), ભૂમિતિ અને અનુમાન (પ્રોબેબિલિટી)માં, ધુઆંધાર યોગદાન કર્યું હતું. ૧૨ વર્ષની ઉંમરે એક પ્રમેય સિદ્ધ કર્યો હતો, જે આજે વિશ્વમાં ભૂમિતિના મૂળભૂત સિદ્ધાંત તરીકે ભણાવવામાં આવે છે. પિતા લોકલ સુધારાઈમાં હિસાબનીશ હતા. બહુ હિસાબો કરવા પડતા. એ ઘરે આવીને પણ લખાપટ્ટી કરતા. પિતાની આ મજુરી જોઈને પાસ્કલે ૧૯ વર્ષનો થયો ત્યારે, ગણિત ગણવા માટે પૈંડા અને ગીયરથી ચાલતી મશીન બનાવી. પેટન્ટ પણ કરાવી હતી. એનું નામ એણે 'પાસ્કલાઈન' પાડ્યું હતું. આ મશીન એટલે આધુનિક કેલ્ક્યુલેટર અને કોમ્પ્યુટરનો પુર્વાવતાર.

પાસ્કલ (૧૬૨૩-૧૬૬૨)એ વૈજ્ઞાનિકોમાંથી એક છે, જેનો પ્રભાવ આ નેચરલ સાયન્સથી પણ આગળ જઈને સોશ્યલ સાયન્સને પણ મદદ કરી ગયો. દિલચશ્પ વાત એ છે કે, એનું મોટાભાગનું વૈજ્ઞાનિક ચિંતન કિશોરાવસ્થા અને વીસીમાં જ આવી ગયું. એ પછી અલોકિક અનુભૂતિના પરિણામે એ વિજ્ઞાન છોડીને ધાર્મિક અને દાર્શનિક ચિંતનમાં વળી ગયો. પ્રસિદ્દ કવિ ટી.એસ. ઈલિયટ આ પાસ્કલને 'સંસારી સાધુ' કહે છે.

મૃત્યુ પહેલાં પાસ્કલ દાર્શનિક વિરોધાભાસો, અસીમતા, શૂન્યતા, વિશ્વાસ, તર્ક, આત્મા, પદાર્થ, મુર્ત્યું, જીવન અને ઉદ્દેશ્ય જેવી બાબતો પર વિચારો કરતો હતો, જે એના મર્યા પછી 'પાંસે' (Pensées, વિચાર) નામની કિતાબમાં પ્રગટ થયા. આમ તો આ ચોપડીમાં ઈસાઈ ધર્મમાં શ્રદ્ધાની વકીલાત હતી, પરંતુ એમાં માણસ હોવું એટલે શું એ અંગે પાસ્કલના જે વિચારો હતા તેમાં ભવિષ્યમાં આવનારા સાઈકોલોજીના સાયન્સની બુનિયાદ હતી.

એમાં પાસ્કલનો સુર નિરાશાવાદી હતો. નિરાશાવાદ એ દર્શનશાસ્ત્રની એવી શાખા છે, જેમાં ગ્લાસ અડધો ભરેલો હોય તો, એમાં અડધો ગ્લાસ ખાલી છે તેના પર ફોકસ કરીને એને કેવી રીતે પૂરો ભરવો એની વાત થાય છે. આને જીવન-તરફી ચિંતન કહેવાય. પાસ્કલને હતું કે, માનવ જીવન જેટલુ અધૂરું અને મુસીબતવાળું છે, તેની વાત કરવાથી વાચકોમાં ઈશ્વર પર્ત્યે શ્રદ્ધા પેદા થશે. પાસ્કલે એમાં સૂઝ-બુઝથી ભરપુર અનેક વિચારો આપ્યા, અને એનું વાંચન આજે પણ એટલું જ લોકપ્રિય છે, પણ એના ચિંતનનું હાર્દ એના

આ સૌથી પ્રખ્યાત વિધાનમાં આવી જાય છે:

'માણસની સમસ્યાઓનું કારણ એ છે કે, એ ખાલી રૂમમાં થોડો વખત પણ શાંતિથી એકલો બેસી શકતો નથી' પાસ્કલે હતું.

એ એમ કહેવા માંગતો હતો કે, માણસ બુનયાદી રૂપે બોરિંગ છે, અને એનું મન વાંદરાની જેમ ઉછળકૂદ કરતું રહે છે. એને પોતાની અંદરની છટપટાહટથી એટલી બીક લાગે છે કે, એ નિરુદ્દેશ ક્યાંકને ક્યાંક વ્યસ્ત રહ્યા કરે છે. જાત સાથે એકલા ના રહેવું એ કોઈ આજકાલની સ્થિતિ નથી. દરેક કાળમાં, દરેક સમાજમાં, દરેક માણસ બોરડમથી, એકલતાથી, અધીરાઈથી, ચીડથી અને ઉચાટથી પરેશાન રહ્યો છે. પાસ્કલના સમયમાં પણ આવું હતું. આજે પણ છે.

માણસની આ વિચિત્ર સચ્ચાઈ છે. યુએસની વર્જીનીયા યુનિવર્સીટીના રિસર્ચરે એક પ્રયોગ કર્યો હતો. એક ગ્રુપને બંધ રૂમમાં દીવાલ તરફ મ્હો કરીને ખુરશીમાં બેસાડ્યું. બારીઓ પર પડદા ઢાળવામાં આવ્યા. મોબાઈલ ફોન, લખવાની પેન કે કાંડા-ઘડિયાળ જેવી વસ્તુઓ લઈ લેવામાં આવી. પછી કહેવામાં આવ્યું કે, હવે તમે દીવાલ પર નજર રાખીને મનમાં જે વિચારો આવે તેની પર ફોકસ કરો. મોટાભાગના લોકો માટે આ એટલું અસુવિધાજનક હતું કે, એ બોર થવા લાગ્યા, અને એમને આવી રીતે એકલા બેસવા કરતાં ઈલેક્ટ્રિક શોક પણ વધુ સારા લાગ્યા. ખાલી ૧૨ મિનીટ માટે પણ કશું જ કર્યા વગર બેસી રહેવું એ ધાર્યા કરતાં ઘણું અઘરું છે, એમ રિસર્ચરે તારણ કાઢ્યું હતું.

આ પ્રયોગ પરથી 'જસ્ટ થિન્કિંગ' પુસ્તક લખાયું હતું. માણસ માટે ખાલી થિન્કિંગ કષ્ટદાયક છે. એ કૈંક કરતો હોય અને વિચાર કરે એ સહ્ય છે, પરંતુ માણસ કોઈ જ પ્રવૃત્તિ કાર્ય વગર પોતાના વિચારો સાથે એકલો રહી શકતો નથી. એટલે જ પેલા ગ્રુપના લોકોને કશું કર્યા વગર વિચાર કરવાને બદલે ઈલેક્ટ્રિક શોકની પીડા પણ 'એક્ટીવિટી' લાગી હતી.

એક્ટીવિટી એક્સાઈટમેન્ટ છે. આપણે જેને થ્રિલ કહીએ છીએ, તે રોમાંચ કે ઝણઝણી, આપણે ખાવા-પીવામાંથીય લઈએ છીએ અને રોલર-કોસ્ટર રાઇડ્સમાંથીય મેળવીએ છીએ. સેન્સ એટલે ઇન્દ્રિય, અને એના પરથી સેન્સેશનલ શબ્દ છે; ઇન્દ્રિયને ખળભળાવવી. ઇન્દ્રિય 'મૃતપ્રાય' હોય એના કરતાં ઈલેક્ટ્રિક શોકથી ઝટકો આપવાનુંય 'સારું' લાગે.

મૂળમાં મુદ્દો એ છે કે, આપણે એકાંત (સોલિટ્યૂડ)ને જીરવતાં શીખ્યા નથી. આપણે સતત કશુંક કરતા રહેવું પડે છે. ૧૦૦ વર્ષ પછી પાસ્કલનું એ ડહાપણ, એના સમય કરતાંય, આજે સૌથી વધુ સુસંગત છે. આટલા વર્ષોમાં આપણે જે પ્રગતિ સાધી છે, એને એક શબ્દમાં સમજાવવી હોય તો એ છે, કનેક્ટેડનેસ. કાગળથી લઈ ટેલીફોન, રેડીયો, ટીવી અને ઈન્ટરનેટ થકી, આપણે વધુને વધુ નજીક અને કનેક્ટેડ છીએ. દુનિયાના કોઈપણ છેડે બેસીને તમે વોઈસ કે ટેક્સ્ટ કે વિડીઓ મારફતે તમારી 'જાત'ને બીજા છેડે ટ્રાન્સપોર્ટ કરી શકો છો. એના ફાયદા ખુબ જ છે, અને એનું ફરી રટણ કરવાની જરૂર નથી.

પરંતુ ડેટા-ચોરી અને પ્રાઈવસી ભંગ ઉપરાંત, એની એક બીજી એક નકારાત્મક બાજુ પણ હવે સામે આવી રહી છે; આપણે હવે એવી દુનિયામાં જીવી રહ્યા છીએ, જેમાં આપણે ખુદને બાદ કરતાં સમસ્ત સાથે કનેક્ટેડ છીએ. એક શાયર અંજુમ લુધિયાનવીએ લખ્યું હતું તેમ,

ખુદ સે મિલના મિલાના ભૂલ ગયે
લોગ અપના ઠીકાના ભૂલ ગયે

સ્માર્ટ-ફોન અને સ્માર્ટ-કમ્પ્યુટરના સંસારમાં કનેક્ટેડનેસનો તર્ક બહુ આકર્ષક અને સાફ છે: સેકન્ડોની આસાનીથી કનેક્ટેડ રહેવાતું હોય તો એકલા શા માટે ઘૂંટાવું? જવાબ એ છે કે, બહારથી આવતા મોટા ઘોંઘાટની નીચે ખુદની અંદરથી આવતો શોરબકોર દબાઈ

જાય છે તેનો અર્થ એ નથી કે, એનો ઈલાજ થઇ ગયો છે.

આપણે અવાજોથી, કનેક્ટેડનેસથી, એક્ટીવિટીથી, એક્સાઈટમેન્ટથી અંદર બોરડમનો કૂવો ભરતા રહીએ છીએ, પણ આપણને એ ખબર નથી કે એ કૂવાનું તળિયું નથી. પાસ્કલની વાતને યાદ કરીએ તો, ખાલી રૂમમાં શાંતિથી બેસવાનો આપણો અણગમો એ આપણા બુનિયાદી બોરડમનો અણગમો છે. આપણને આપણા 'નકામા' વિચારો પરેશાન કરે છે. એને સહ્ય બનાવવા આપણને કશુંક કરતા રહેવું પડે છે.

કનેક્ટેડનેસનું આપણું વ્યસન એ ટીવી કે ફોનનું, કામનું કે નશાનું, પાવર કે સફળતાનું, સેક્સનું કે મેડિટેશનનું વ્યસન નથી. એ વ્યસન બોર નહીં થવાનું છે. આપણને સેન્સેશનનું, વ્યસ્ત રહેવાનું વ્યસન છે. આપણે આપણી અંદરની શૂન્યતા કે બોરડમથી ડરીએ છીએ, એટલે જાતને મનોરંજનમાં, વ્યસનમાં, કામમાં, લોકોની કંપનીમાં, ખાવા-પીવા-ફરવામાં ડુબાડી દઈએ છીએ. આપણે જાતનો સામનો કરવાનું ટાળીએ છીએ.

મુસીબત એ છે કે, જાતથી છુટ્ટા રહીને સમસ્ત સાથે કનેક્ટેડ રહેવાથી એકલતા દુર નથી થતી, ઔર સખ્ત થાય છે. આપણે ટોળામાં એકલવાયા લોકો છીએ. ૧૦૦ વર્ષમાં કનેક્ટેડનેસ માટે આપણે જેટલી પણ તરક્કી કરી છે, આપણે એટલા જ એકલવાયા થતા ગયા છીએ. આપણી કનેક્ટેડનેસ હકીકતમાં આપણું બેધ્યાનપણું છે. એ આપણને આપણાથી દુર લઇ જવામાં 'મદદ' કરે છે.

તમે ઓફીસમાં બોર થયા એટલે ઘરે આવી ટીવી સર્ફ કરવાનું શરુ કર્યું. નેશનલ જ્યોગ્રાફી પર 'જંગલની જીંદગી' કાર્યક્રમ મસ્ત લાગ્યો. વૃક્ષો, તળાવો, પ્રાણીઓ, વરસાદ..અહા! જંગલમાં કેમેરા ફરતો ગયો તેમ તમે ખુશ થતા ગયા. કલાક પછી તમે 'રીફ્રેશ' થઇ ગયા. જંગલનું જીવન શું કહેવાય એનો તમને મસ્ત અનુભવ થયો. ખરેખર? ના, કશુંક ખૂટે છે. તમે એરકંડીશન્ડ રૂમમાં બિયર પીતાં પીતાં જંગલની ઠંડક અને લીલોતરીનો 'અહેસાસ' કરો છો. તમે જંગલને જુવો છો, સાંભળો છો, અને એના વિષે વિચારો છો. પણ, તમે એને ચાખી શકતા નથી, સ્પર્શી શકતા નથી, સુંઘી શકતા નથી.

તમારું મન જંગલમાં ખોવાઈ ગયું છે, પણ શરીર ત્યાંનું ત્યાં જ છે. તમને જંગલની 'માહિતી' છે, જેને તમે અનુભવનું નામ આપો છો. હકીકતમાં એ અનુભવ કાર્બન-કોપી છે. કાર્બન-કોપીનો પ્રોબ્લેમ એ છે કે એનો રંગ થોડા વખતમાં ઉડી જાય છે, ઝાંખો પડી જાય છે. અને તમે પાછા ત્યાંના ત્યાં જ આવી જાવ છો જ્યાંથી જંગલની સફારી શરુ થઇ હતી; બોરડમ. તમે નેશનલ જ્યોગ્રાફી બંધ કરીને રણબીર કપૂરની ફિલ્મ ચાલુ કરો છો. એક્ચ્યુઅલી, તમે 'જંગલ-સફારી'માં પણ બોર જ હતા, પણ થોડો વખત એક્સાઇટ થઈને ભૂલી ગયા હતા.

છેવટે, બોરડમ એટલે શું? બોરડમ એટલે જેમાં માઈન્ડ અને બોડીનું ઈન્ટીગ્રેશન (એકીકરણ) ના હોય, જ્યારે શરીર અહીં હોય અને મન ત્યાં હોય, આપણને 'અહીં, આ જ ક્ષણ' બેમતલબ લાગે અને બીજું કશુક, બીજે ક્યાંક સારું લાગે એ બોરડમ.

આપણે થોડીવાર બેધ્યાન થઈએ છીએ, એક્સાઈટ થઈએ છીએ, કૈંક કર્યાનો, જીવ્યાનો અહેસાસ કરીએ છીએ, અને પાછા બોર થવા લાગીએ છીએ. અંદરના બોરડમથી છૂટવા માટેની આ લડાઈ હારી જવાયેલા યુદ્ધ જેવી છે. આપણે જેટલી પ્રગતિ કરીશું તે બુનિયાદીરૂપે ખુદથી દુર જવાનો ઉપક્રમ જ હશે, અને હર પડાવ પર પાસ્કલનો અવાજ જોર જોરથી સંભળાતો રહેશે: માણસની સમસ્યાઓનું કારણ એ છે કે, એ ખાલી રૂમમાં થોડો વખત પણ શાંતિથી એકલો બેસી શકતો નથી. તો શું કરવાનું? એકલતાના બોરડમને જીવતાં શીખી લો.

# શિક્ષકની ચેતના

ડૉ. અરૂણ કક્કડ

**પરંપરાગત વિદ્યા, ધૂળી નિશાળો અને નવી શાળાઓ**

જ્યાં એક વડો વિદ્યાર્થી શિક્ષકના સહાયક તરીકે કામ કરતો હોય, જ્યાં છોકરાઓ પાટી પર લખતાં-શીખતાં હોય અને પોતે લખેલું વડા વિદ્યાર્થીને બતાવતા હોય એવી નિશાળો પ્રેમાનંદના જમાનામાં ગુજરાતમાં હતી. છેક ઓગણીસમી સદી સુધી થોડું ગણી, લખી, વાંચી શકતા હોય તેવા બ્રાહ્મણો નિશાળમાં ઉપલા વર્ણના છોકરાઓને ભણાવતા. ઈ.સ. ૧૮૨૫ પછી ધીમેધીમે બ્રિટીશ પદ્ધતિથી શિક્ષણ આપવાનું આરંભાયું. આપણે ત્યાં પરંપરાગત રીતે શિક્ષણ આપતી નિશાળો હતી, તે કેવી હતી તેનો આછેરો ચિતાર અહીં આપવાનો પ્રયાસ છે.

અંગ્રેજોએ બ્રિટીશ પદ્ધતિનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું તે વખતે બૉમ્બે ઈલાકામાંથી પરંપરાગત રીતે શિક્ષણ આપતી નિશાળોની મોજણી કરાઈ હતી. ઈ.સ. ૧૮૨૫માં તૈયાર થયેલા અહેવાલમાંથી રસ પડે તેવી વિગતો શ્રી દિપક મહેતાએ નોંધી છે –

આ નિશાળોમાં જ્યારે છોકરો ભણવા બેસે ત્યારે માસ્તરને બે પાવલી (આજના પચાસ પૈસા)ની દક્ષિણા આપવામાં આવતી. છોકરાને ઊંધી થાળી પર લખતાં શીખવવાનું શરૂ થાય ત્યારે દક્ષિણામાં એક રૂપિયો મળતો અને અભ્યાસ પૂરો કરીન છોકરો નિશાળ છોડે ત્યારે માસ્તરને બેથી પાંચ રૂપિયાની દક્ષિણા મળતી. આ રોકડ રૂપિયા ઉપરાંત રોજેરોજ જ્યારે છોકરા ભણવા જાય ત્યારે મૂઠ્ઠી-બે મુઠ્ઠી અનાજ માસ્તર માટે લઈ જતા. બ્રાહ્મણના છોકરાઓએ માસ્તરને દક્ષિણારૂપે કશું જ આપવાનું રહેતું નહોતું.

અંકગણિત અને લિપિલેખન સિવાય બીજું કશું શીખવાતું નહોતું. શીખવા માટે છાપેલાં પુસ્તકો બિલકુલ વપરાતાં નહીં. અંકગણિતમાં પણ પહેલા એકથી સો સુધીના આંકડા ગોખાવવામાં આવતા અને પછી અંકલેખન શીખવાતું. ત્રીસ સુધીના આંક ઉપરાંત પા, અડધા, પોણાના આંક પણ ગોખાવતા. આ ઉપરાંત તોલમાપ, લંબાઈ, વજન વગેરેની માહિતી અપાતી. આટલું ભણી રહે પછી નિશાળ છોડતાં પહેલાં વિદ્યાર્થીને નીતિ અને ધર્મના થોડા પાઠ ભણાવતા. ('બુદ્ધિપ્રકાશ', મે ૨૦૧૯, પૃષ્ઠ ૨૪-૨૫)

ગુજરાતની નિશાળોમાં મુખ્ય શિક્ષણ અંકગણિતનું રહેતું અને તે પૂરું થયા પછી વાંચતા-લખતા શીખવાતું. ગણિતમાં સૌથી વધુ ભાર જાતજાતના આંક ગોખાવવા પર રહેતો. ગુજરાતની પ્રજા એકંદરે વેપારપ્રધાન હોવાથી ગણિત અને આંક ઉપર વધુ ભાર અપાતો. ગુજરાતની નિશાળોમાં વડા વિદ્યાર્થીની પ્રથા પ્રચલિત હતી. નિશાળને પોતાનું અલાયદું મકાન નહોતું. કાં મહેતાજીને ઘરે કે પછી મંદિર અથવા ધરમશાળા જેવી કોઈ જાહેર જગ્યાએ નિશાળ બેસતી. આવી કોઈ સગવડ જો ન હોય તો ખુલ્લામાં ઝાડ નીચે છોકરાઓ ભણતા. લગભગ બધા મહેતાજીઓ (શિક્ષકો) બ્રાહ્મણ હતા. છોકરીઓ હજી નિશાળમાં ભણતી થઈ નહોતી. નિશાળોમાં છાપેલાં પુસ્તકોનો ઉપયોગ થતો નહોતો.

શ્રી દીપક મહેતા જણાવે છે કે, "ગામડામાં કોઈની પાસે હાથે લખેલો કોઈ દસ્તાવેજ કે કાગળ હોય તો તેનો ઉપયોગ કરીને નિશાળમાં વાંચતા શીખવાતું.' સાધારણ રીતે છોકરો દોઢથી ત્રણ વર્ષ સુધી નિશાળમાં ભણતો. વાર્ષિક પરીક્ષા જેવું કશું નહોતું. છોકરાના બાપ કે મહેતાજીને લાગે કે જરૂર પૂરતું ભણવાનું પૂરું થયું છે એટલે છોકરો નિશાળ છોડતો અને કૌટુંબિક વ્યવસાયમાં જોડાતો.

કવિ નર્મદાના પિતા લાલશંકરના જન્મ પછીના પાંચ

વર્ષે (ઈ.સ. ૧૮૦૮ની આસપાસ) ઉપવીત સંસ્કાર થયો હતો અને પછી લાલશંકરે પિતા પાસે વિદ્યાભ્યાસ કરવા માંડેલો. બાર વર્ષ સુધીમાં - પોતાની ૧૭ વર્ષની ઉંમરે બે આઠા 'ઋગ્વેદ સંહિતા', ત્રણ વૃત્તિ 'સારસ્વત', ચાર સર્ગ 'રઘુવંશ'ના એક સર્ગ 'કુમારસંભવ'નો અને સ્ત્રીપ્રત્યય સુધી 'કૌમુદી' એટલું શીખ્યા ને પોતાના બાપ જે લહિયાનું કામ કરતા તે પ્રમાણે એ પણ લખતા શીખ્યા. તે વખતે સરકારની તરફથી કપતાન (કેપ્ટન) જેરવીસના ઉપરીપણા નીચે નિશાળોને વાસ્તે ગ્રન્થો છપાવવાનું કામ ચાલતું હતું. તે વખતે ટૈપનું કામ નહોતું ચાલતું પણ શીલાછાપથી ગ્રંથ છપાતા. નર્મદના વખતથી ટૈપ(ટાઈપ)થી છપાતા થયા. શીલાછાપથી ગ્રંથ છાપવા સારુ સારા અક્ષર લખનારા જોઈતા હતા. દક્ષણી લહિયાઓ તો હતા જ, પણ ગુજરાતી ભાષા સમજીને લખે એવા તે નહોતા. માટે જેરવીસે સુરતથી સારા લહિયાઓને બોલાવ્યા. તેથી સુરતના અદાલતના જડજ(જજ) મિસ્તર જોન્સે લહિયાઓની પરીક્ષા લીધી હતી, જેમાં લાલશંકર અને બીજા નવ ઉમેદવારો પસાર (પાસ) થયા, પછી લાલશંકરને રૂપિયા તીસને પગારે મુંબઈ જવાનું થયું.

એક વરસ પછી રૂપિયા ૪૫ પગાર થયો. પણ પછી આ છાપખાનું પૂના લઈ જવાતાં લાલશંકર પૂના ન ગયા. જેંરવીસે ઘણું સારું સર્ટિફિકેટ અને રૂપિયા ૧૩૫ ઈનામ આપ્યું. સર્ટિફિકેટમાં તે લખે છે કે, 'લાલ-શંકર ગુજરાતી ને બાળબોધ અક્ષરો ઘણાં જ સુંદર લખે છે.' ('મારી હકીકત', કવિ નર્મદાશંકર, સંપાદક : રમેશ મ. શુક્લ, પૃષ્ઠ ૨૮)

દલપતરામના જીવનચરિત્રમાંથી આજથી બે સદી પહેલાંની શિક્ષણપ્રથાનો ખ્યાલ આવે છે. મૂળાક્ષર આવડ્યે ડાહ્યાભાઈએ દલપતરામને બારાખડી શીખવી. આઠ વર્ષની ઉંમરે દલપતરામનો ઉપનયન સંસ્કાર થયો. પછી નિશાળે બેસાડ્યા. વઢવાણમાં પંડ્યાની ગામઠી શાળા હતી. પંડ્યાની શાળામાં ત્યારની પ્રાથમિક કેળવણી હતી. ગોરપદા અને કથાકારના હકની પેઠે નિસાળમાં ભણાવવાનોયે ત્યારે કુટુંબહક હતો. પંડ્યાકુટુંબની ત્રણ પાંખડીઓ હતી, ને કુટુંબીઓએ વર્ષ-વર્ષના ભણાવવાના વારા બાંધ્યા હતા. એ સાલમાં પરભૂ પંડ્યા ને ભલૂ પંડ્યાનો વારો હતો, બીજે વર્ષે પીતાંબર પંડ્યાને હતો ને ત્રીજે વર્ષે માવજી પંડ્યા હતા. બે વર્ષ અને ચારેક માસ દલપતરામ એ શાળામાં ભણ્યા એટલે પંડ્યાઓને શિક્ષણલાભ પામ્યા હતા. ત્રીજા વારાની શરૂઆતમાં નિશાળને બારણે પગથિયું મૂકવા વિષયમાં પંડ્યાકુટુંબમાં ક્લેશ થયો. વારાવાળા માવજી પંડ્યા નિશાળ વાસી સોજીત્રે સાસરામાં જઈ રહ્યા અને પંચકેશ વધાર્યા. વારાના વર્ષમાં બીજાથી શાળા ભણાવાય નહીં એટલે નિશાળ બંધ થઈ.

શહેરમાં ગોરજીના ત્રણ અપાશરા હતા. બાળકો ત્યાં વહેંચાઈ ગયા. દલપતરામને પિતાએ વેદ ભણાવવાને માટે પાસે રાખ્યા. એમ એ અઢી વર્ષનું પ્રાથમિક શિક્ષણ પરિસમાપ્ત થયું. ત્યારે નિશાળે બેસાડતી વેળા વરઘોડો ચડાવતા. રંગેલી અને ચિતરેલી પાટી લઈ વાજતેગાજતે કુંવર નિશાળે જતા. કવિશ્રી ન્હાનાલાલે લખેલા તેમના પિતા દલપતરામના જીવનચરિત્ર 'કવીશ્વર દલપતરામ'માં ઈ.સ. ૧૮૨૮ આસપાસનું ગામઠી શાળાનું વર્ણન આજે ખાસ વાંચવા-સમજવા જેવું છે. આપણને તત્કાલીન શિક્ષણપદ્ધતિનો ખ્યાલ આપે તેવું છે.

લાકડાની પૂતળી સરિખડી સરસ્વતીની પ્રતિમા શાળામાં રહેતી. તેનું સરસ્વતી પૂજન થતું. પંડ્યાને દક્ષિણા મળતી, બાળકોને છૂટી મળતી, આઠમે વર્ષે ડાયા વેદિયાના કુંવર દલપતરામ એમ નિશાળે બેઠા. સરસ્વતી પૂજન વેળાએ પંડ્યાએ નવા નિશાળિયા બાળદલપતને મ્હોપાટ લેવરાવી હતી : 'કક્કો કેવડિયો, ને ખખ્ખો ખારેકિયો, ગગ્ગા ગવરી ગાય થાય....' આવી મ્હોપાટ(મુખપાઠ) લેવાતી. સમસ્ત શાળાનાં બાળકો મ્હોપાટિયા હતા. નિશાળ એટલે બસોક બાળકો સમાય એવડો એક ઓરડો. પાથરણે કાંડા સમાણી ધૂળ. પંડ્યાજીને બિરાજવાને પાટ

જેટલી ઊંચી ઓટલી. ફાટેલી સાદડી કે જાજમ પાથરી, પાઘ ઉતારી, ખભે ચાબખો ભરાવી પંડ્યા ત્યાં બેસતા. એ ચાબખો એટલે પંડ્યાજીનો રાજદંડ. વીંઝણાની પેઠે એ અખંડ વિંઝાતો જ હોય. અડધાક હાથની રાતી દાંડી, ને ચામડાની ત્રણ લાંબી સેરો. એવો ત્રીજટાળો પંડ્યાજીનો ચક્રવર્તી ચાબખો હતો. લૂગડાની બે-ત્રણ દડીઓ પંડ્યા રાખતા. બોલાવવો હોય તે બાળકને દડી મારે, ને આવે ત્યારે ચાબખો મારે.

અડધ શાળામાં મ્હોપાટિયા બેસતા,અડધમાં લખનાર બેસતા. સોળે આંક મોઢે થાય પછી લખવામાં બેસારતા. એક આંકની મ્હોંપાટ આવડ્યે બીજા આંકમાં બેસારે, ને આંકે-આંકે પંડ્યા ચાર આના લે. ત્રણ બાળક સ્હામા બેસે અને એક-એક બાળક બે પડખે. એ પંચકડીની વચ્ચે ઉપરી હવાલી બેસતો. સોળ આંક ભણી લખનારામાં જાય ત્હેને એક દહાડો લખવાનું ને એક દહાડો હવાલીનો વારો ભરવાનો. નિશાળ એવી ગાજી રહેતી કે બોલાવ્યે છોકરા સાંભળે નહીં. આસપાસના દસદસ ઘર સુધી સંભળાય કે છોકરા ભણે છે. દડી મારી બાળકને ન્હોતરવાની સાર્થકતા હવે સમજાશે. પહોરવારે પાણીબાણીની શાળાની છૂટી (રિશેષ) પડતી. સૌ-સૌને ઘેરથી પાણીની બતક ભરી લાવતું. શાહુકારના બાળકો રંકની હારે ત્યાં ધૂળમાં બેસતા. ધૂળમાં જૂવાયે હોય ને કરડે. આંક પૂરા થયે કક્કો શિખવાતો. આવડી રહ્યે કાગળની મ્હોપાટ લેવરાવાતી. કાગળ પછી ખત, ને ખત પછી હૂંડી, ને હૂંડી પછી નામું - એમ અભ્યાસક્રમ હતો. તે પછી લેખા શિખાવાતા. એટલું ભણે ત્યારે ભણી ઊતરે. એ ત્યારનું પ્રાથમિક શિક્ષણ. હોંશિયાર હોય, વાચાળ હોય, પ્રતાપી હોય ત્હેને પારખી પંડ્યા વડો નિશાળીયો નીમતા.

વડો નિશાળિયો નિશાળે વ્હેલો આવે. ઘેરથી આંક લખી લાવ્યા હોય તે તપાસે. કોણ કોણ મોડું આવ્યું તે લખી રાખે. પહોર દહાડો ચડ્યે પંડ્યાજી આવે. સવાર અને સાંજ એમ નિશાળ બે ટાણા હતી. આઠમના ને અમાસ-પૂનમના અણોજા પડતા. બારશના દાણા કે સીધું લાવવાનું હતું. ચોમાસામાં પાંચ-પાંચ નળિયાનો બાળકદીઠ પંડ્યાકર હતો. ટીંગાટોળી વિના નિશાળે ન આવે તેવા બાળકો પણ હતા. ટીપણું જોવું, ચોઘડિયા-પંચક-વ્યતિપાત કહેવા, ગ્રહોના મંત્ર જપવા, પૂજા કરાવવી એ પંડ્યાનો જ્ઞાનભંડાર હતો. ગુજરાતી કે સંસ્કૃત વ્યાકરણ એના પૂર્વજ ભણ્યા હતા. બોડિયા જમાનામાં એમને એ ભણાવવાનું હતું નહીં. ટ્રેનિંગ કૉલેજની અર્વાચીન પરીક્ષામાં પંડ્યાજી નાપાસ થયા. પંડ્યા વઢવાણના વિદ્વાન અને પૂજ્ય હતા. અઢીક વર્ષ પંડ્યાની નિશાળે ભણ્યા પછી દશમા વર્ષની ઉંમરે દલપતરામના પિતાએ 'સામસંહિતા'નું શિક્ષણ ઘેર શરૂ કર્યું. સામવેદ એટલે ગાનવેદ.

પિતાએ પહેલાં સામગાન શીખવ્યું. સાથે 'આરણ્ય'નો અભ્યાસ પણ ચાલતો. સ્વરોચ્ચારની ભૂલ થાય કે પિતા સોટી લેતા. માતુશ્રી આડા પડે તો એમને મારવા જાય. મારતા સોટી ભાંગતી. સોળની ભરોળો તો દલપતરામને બરડે સદાની હોય. આડોશીપાડોશી છોડાવવાને આવે. કેટલીકવાર તો બારણે સાંકળ વાશી પિતા મારતા. એક વખત સંહિતાના મંત્રોચ્ચારની કાંઈક ભૂલ પડી. પૂજાનું તરભાણું છૂટ્ટું માર્યું. ડાબા હાથને અંગૂઠાએ વાગ્યું. હાડકું ભાંગી ગયું. જન્મખોડ રહી ગઈ. હજારો વર્ષની વેદવિદ્યા શબ્દશુદ્ધ તો જ રહે. યજમાનમાં લોટે જતા રસ્તે શ્લોક ગોખતા. કકડે કકડે ત્રણ વર્ષ એમ વેદવિદ્યા ઝીલી.

નર્મદ પાંચ વર્ષનો થયો પછી તેના પિતાએ મુંબઈમાં ભૂલેશ્વર આગળ નાના મહેતાની નિશાળે તેને ભણવા મૂક્યો હતો. તે વેળાએ નિશાળિયાઓને ઘેર તેડ્યા હતા ને ગોળધાણા તથા ધાણી વહેંચ્યા હતા અને છોકરાઓ 'સરસતિ સરસતિ તું મારી માત...' તેમજ 'જી મેતાજી સલામત...' એમ બોલતા હતા. ચાર-પાંચ છોકરાઓ એકઠા મળી ઘાંટા કહાડી આંક ભણતા. નર્મદ સુરત રહેતો ત્યારે ઈચ્છા મહેતાની અને ફકીર મહેતાની નિશાળે જતો. આઠમે વરસે નર્મદે એકબાજુ ઘરમાં સંધ્યા, રુદ્રી અને વેદ

ભણવો શરૂ કર્યો અને બીજી બાજુથી સરકારી ગુજરાતી નિશાળે જવા માંડ્યું. વેદમાં એક અઠા સુધી જ ગુરુ પાસે ભણ્યા. મુંબઈમાં પાયધોની ઉપરની બાળગોવિંદ મહેતાની નિશાળે અને સુરત આવવાનું થયું ત્યારે દુર્ગારામ મહેતાજીની નિશાળમાં જતો. નિશાળની જગા જ કુમળો ડર ઉપજાવતી. મહેતાજી કઠ્ઠણ ડર ઉપજાવતા.

નર્મદને મૂળાક્ષર સારા ઉચ્ચારથી બોલતા આવડતા તો પણ મહેતાજીને પરીક્ષા આપતા બીકથી આડુંઅવળું બોલાઈ જતું. એકાદ મહિનો દહાડો બારાખડીમાં પડી રહ્યો પછી મહેતાજીએ પાસ કર્યો. બાળગોવિંદ મહેતાજી પાસે ગુજરાતી અભ્યાસ પૂરો કરી જોન હાર્કનેસ પાસે પરીક્ષા આપી અને ઈ.સ. ૧૮૪૫માં નર્મદ અંગ્રેજી સ્કૂલમાં દાખલ થાય છે. ત્યારે તેમની ઉંમર ૧૧ વર્ષની હતી. અંગ્રેજી ભાષાની ચોપડીઓ વાંચતા નર્મદને જે આનંદ થતો તેવો જ આનંદ તેને બીજગણિતના સમીકરણો છોડાવતા અને ભૂમિતિના સિદ્ધાંતો ભણતા થતો. હિસાબમાં નવું શોધવાની વૃત્તિ રહેતી. અંગ્રેજી રાઈટીંગ પણ સુધારતો. સ્પેલીંગ, વાક્યરચના અને વ્યાકરણ ઉપર લક્ષ બહુ હતું.

કૉલેજ સ્કૉલરશિપની પરીક્ષા ઈ.સ. ૧૮૫૦માં પાસ કરીને નર્મદ કૉલેજમાં દાખલ થાય છે. કૉલેરા થવાથી તથા સુરતમાં માતાનાં અવસાનથી કૉલેજના શિક્ષણમાં ધ્યાન ન અપાયું. કૉલેજમાં અભ્યાસ ન થવાથી પરીક્ષામાં પાસ નહીં થવાય એમ લાગવાથી કૉલેજમાં રાજીનામું આપી, પ્રોફેસરોના સર્ટીફીકેટો લઈને નર્મદ સુરતમાં આવી નોકરી કરવા લાગે છે. રાંદેરની સરકારી ગુજરાતી નિશાળમાં ઈ.સ. ૧૮૫૨થી રૂપિયા ૧૫ના પગારે જવાનું શરૂ કર્યું.

નર્મદ એમની આત્મકથામાં જણાવે છે કે, 'હું સ્હવારે ચાર વાગે ઊઠીને હોડીમાં બેસી સામે પાર જતો. ત્યારા જો આગલા દહાડાના ઠરાવથી ઘોડો આવ્યો હોય તો તે ઉપર બેસી અહીં તહીં કલાક બે એક લગી દોડાદોડી કરીને નહીં તો ચાલતો ચાલતો રાંદેર જતો. સાડા સાત આઠે રાંદેર પહોંચતો. પછી મલાઈ મંગાવી ખાઈને થાક્યો-પાક્યો સૂઈ જતો. ત્રણ-ચાર મોટી ઉંમરના શ્રીમંતના છોકરાઓ જે પ્હેલા વર્ગના મારા નિશાળિયા હતા તેમનો મારા પર ઘણો ચાહ હતો. તેઓ નિશાળનું કામ ચલાવતા. એક્કેક મ્હોલ્લાના છોકરાઓને તેડી લાવનાર અક્કેકો છોકરો મૂક્યો હતો તેથી સ્હવારના છ વાગામાં નિશાળ ભરાતી ને પ્હેલા વર્ગના તમામ છોકરાઓ બીજા બધા વર્ગમાં મોનીટર જતા ને સારી પેઠે શીખવતા. હું નવ વાગતે ઊઠી એક્કેક વર્ગમાં ૫-૧૦-૧૫ મીનીટ ગાળતો ને પછી ૧૦ વાગે બીજા બધાં છોકરાઓને રજા આપી પ્હેલા વર્ગનાને શીખવવા બેસતો તે સાડા અગિયાર લગી પછી તાપીએ ન્હાવાં જતાં. તહાં ત્રણ કલાક પાણીમાં તોફાન કરતો. પછી બે વાગે ઘેર આવી ત્રણ વાગે જમતો.

નિશાળ તો બે વાગેથી જારી થયેલી જ હોય. મોનીટરો શીખવતા જ હોય. હું જમીને પાછો અક્કેક વર્ગમાં બેસતો ને ૪॥ વાગતે નિશાળને રજા આપી પ્હેલા વર્ગને ૧ કલાક શીખવતો ને પછી કાં તો ઊભી હોડીયે અથવા કાંઠે-કાંઠે જોતો-જોતો ૭ વાગતે ઘેર આવીને જમીને સૂઈ જતો. એવી રીતે ૮૦ છોકરાઓને હું એકલો ભણાવતો.' ('મારી હકીકત', નર્મદશંકર, પૃષ્ઠ ૪૦)

ઈ.સ. ૧૮૫૩માં સુરતના નાનપરામાં નોકરી કરી. 'અહીં મને નિશાળના કામમાં કંટાળો લાગવા માંડ્યો. વળી શહેરમાં મહેતાજીની આબરૂ થોડી.' ફેબ્રુઆરી ૧૮૫૭માં નર્મદ મુંબઈની ગોકળદાસ તેજપાળ વિદ્યાલયમાં રૂપિયા ૨૮ને પગારે માસ્તર તરીકે રહે છે. તેમનું મન કવિતા તરફ લાગેલું હોવાથી તેમને સ્કૂલમાં છોકરાઓ સાથે માથું ફોડવું દુરસ્ત ન લાગ્યું. 'સાડા દસથી તે પાંચ લગી કાહુ-કાહુ થાય.' તેથી નવેમ્બર ૨૩મીએ સ્કૂલની નોકરી છોડી દીધી. ઘરે આવી કલમના સામુ જોઈ આંખમાં ઝળઝળિયા સાથે અરજ કરી કે, 'હવે હું તારે ખોળે છઉં.'

●

ઈ.સ. ૧૯૧૦ પછી પણ નાના ગામડામાં શિક્ષણની


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

વ્યવસ્થા ન હતી. પન્નાલાલનાં જીવનમાંથી કેટલુંક જાણવા મળે છે. 'ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલા ડુંગરપુર રાજ્યના એક નાના ગામ માંડલીમાં તા. ૭-૫-૧૯૧૨ના રોજ પન્નાલાલ પટેલનો જન્મ થયો હતો. ગામ આખું પાટીદારોનું. બધાં જ ખેડૂત. એકેક ઘર કારીગરોનું. બધાં અભણ. ગામમાં નિશાળ જ ન હતી. ઈ.સ. ૧૯૧૮ આસપાસ દિવાળીના દિવસમાં ખેતરમાં લણણી શરૂ થઈ. ખળામાં અનાજના ઢગલા થવા લાગ્યા ત્યારે બ્રાહ્મણોની ટોળી એમનું દાપું ઉઘરાવવા ગામેગામ ફરવા લાગી હતી. ગબા ગોર પણ આવી પહોંચ્યા. ગામના લોકોની વિનંતીથી ગબા ગોરે માંડલીમાં નિશાળ શરૂ કરી. છ વર્ષના પન્નાલાલને ચાર-પાંચ છોકરાની ટોળી ટીંગાટોળી કરીને ગબા ગોરની નિશાળે લઈ ગઈ. નિશાળમાં ભણવાનું ઓછું, રમવાનું વધારે. એ વરસે પન્નાલાલે કક્કો ને એકડા શીખ્યા. પણ વરસને અંતે સીધુસામાન ટટ્ટુ પર લાદીને બેવડા બાંધાના, ઘોઘરા અવાજના ગબા ગોર માંડમાંડ ટટ્ટુ પલાણી ગયા તે ગયા.' ('સાહિત્યકાર પન્નાલાલ પટેલ', ડૉ. સી. એચ. ગાંધી 'સુહાસી', પૃષ્ઠ-૧૧-૧૨)

બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ દેશીઓનાં શિક્ષણ પાછળ ખર્ચ કરવો જોઈએ. પરવાનો રિન્યૂ કરાવતી સમયે દેશીઓનાં શિક્ષણ માટે કંપની ખર્ચ કરે છે તે બતાવવું પડતું. તેથી અંગ્રેજો એજ્યુકેશન સોસાયટી સ્થાપતા. ગરીબ ખ્રિસ્તી છોકરાઓને શિક્ષણ અપાતું. સેન્ટ્રલ સ્કૂલમાં જે દેશી છોકરાઓ ભણવા માગતા હોય તેમને વાજબી ફી લઈને દાખલ કરાતા. આ નિશાળમાં ભણતા ખ્રિસ્તી વિદ્યાર્થીઓ માટે ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ ફરજિયાત હતું. પણ દેશી વિદ્યાર્થીઓ ઉપર ધાર્મિક શિક્ષણ અંગે કોઈ પ્રકારનું દબાણ લદાતું નહીં. ઈ.સ. ૧૮૧૮માં મુંબઈમાં શરૂ થયેલી એક ગર્લ્સ સ્કૂલમાં એક પણ દેશી છોકરી ભણતી નહોતી. દેશીઓ માટે સ્કૂલોમાં શીખવી શકે તેવા શિક્ષકોની અછત હતી અને દેશી ભાષાઓમાં છાપેલાં પુસ્તકોનો પણ અભાવ હતો.

ઈ.સ. ૧૮૨૩ના અરસામાં ગુજરાતી પાઠ્યપુસ્તકો પ્રગટ કરવાનું શરૂ થયું. છાપેલાં પુસ્તકો અને નવી સ્કૂલો પોતાના પેટ પર પાટુ મારશે એ વાત પરંપરાગત નિશાળોમાં ભણાવતા ચતુર બ્રાહ્મણ શિક્ષકો તરત કળી ગયા. ગોરપદું કરનારા બ્રાહ્મણો પણ સમજી ગયા કે વહેલા-મોડા શાસ્ત્રગ્રંથો પણ છપાશે અને તો ધાર્મિક ક્રિયાઓને નામે લોકો પાસેથી મનમાની રકમ પડાવવાનું મુશ્કેલ બનશે. એટલે બ્રાહ્મણોએ લોકોમાં એવી અફવા ફેલાવી કે, 'આ પાઠ્યપુસ્તકો છાપવા માટે વપરાયેલી શાહીમાં પશુની ચરબી ભેળવવામાં આવી છે અને તેનો ખરો હેતુ હિન્દુઓને વટલાવવાનો છે.'

સરકારે આ જૂઠ્ઠાણાનો જવાબ બીજા જૂઠ્ઠાણાથી આપ્યો કે, 'આ શાહી તો ગાયનું ઘી વાપરીને બનાવવામાં આવી છે.' 'મોંઘા પુસ્તકો વેંચીને અંગ્રેજ સરકાર લોકોનાં ખિસ્સા ખાલી કરવા માગે છે' તેવી અફવાના પ્રતિરોધમાં સરકારે પુસ્તકો 'મફત' વહેંચવાનું શરૂ કર્યું.

કૅપ્ટન જર્વિસ અને એલ્ફિન્સ્ટનના દેશીઓનાં શિક્ષણ અંગેના પ્રયત્નોમાં પુસ્તકોના અનુવાદનું કાર્ય મહત્ત્વનું હતું. કેમકે, તેઓ માનતા હતા કે શિક્ષણ માટેનું માધ્યમ તો દેશી ભાષાઓ જ હોઈ શકે. આજે આપણે ગુજરાતી લખવા-છાપવામાં જે-જે વિરામ-ચિહ્નો વાપરીએ છીએ તેમાંનું એક પણ ચિહ્ન સંસ્કૃત કે બીજી કોઈ ભારતીય ભાષાનું નહોતું. જર્વિસે તૈયાર કરેલાં પાઠ્યપુસ્તકોમાં પહેલીવાર અંગ્રેજીમાં વપરાતાં વિરામચિહ્નોનો ઉપયોગ ગુજરાતી છાપકામમાં થયો. પુસ્તકોની વાત આ રીતે થાળે પાડીને નવા શિક્ષકોની તાલીમ અને નિમણુંકનું કામ પણ આરંભ્યું. ઈ.સ. ૧૮૨૬માં ગુજરાતી શિક્ષકો માટેની પરીક્ષા લેવાઈ તેમાં કુલ ૧૦ ઉમેદવારો પાસ થયા. આ દસ શિક્ષકોએ જે દસ નવી સ્કૂલ શરૂ કરી તે બ્રિટિશ પદ્ધતિનું શિક્ષણ આપતી ગુજરાતીભાષી વિસ્તારને પહેલી સ્કૂલો બની. ઈ.સ.

૧૮૫૦માં મુંબઈ સરકારે 'બોર્ડ ઑફ એજ્યુકેશન'નની સ્થાપના કરી અને અર્વાચીન શિક્ષણ પ્રણાલીનો આરંભ થયો. ઈ.સ. ૧૮૫૭માં દેશમાં પહેલી ત્રણ યુનિવર્સિટીઓ સ્થપાઈ. ઈ.સ. ૧૮૮૫માં ભાવનગરમાં શરૂ થયેલી શામળદાસ કૉલેજ કાઠિયાવાડની પહેલી કૉલેજ હતી.

પરંપરાગત નિશાળો એકબીજી સાથે સંકળાયેલી નહોતી અને દરેક નિશાળ તેના માસ્તરની મુનસફી પ્રમાણે ચાલતી. જ્યારે અંગ્રેજ સરકાર દ્વારા શરૂ થયેલ નવી સ્કૂલો સરકાર સાથે સંકળાયેલી હતી. શિક્ષણનો વ્યવસાય વંશપરંપરાગત ન રહેતા તેને માટે વ્યવસ્થિત તાલીમ લેવાનું જરૂરી બન્યું. સુનિયોજિત અભ્યાસક્રમોને નવી સ્કૂલોમાં સ્થાન મળ્યું. અગાઉ માત્ર અંકગણિત અને પાયાનું લેખન-વાંચન એટલું જ શીખવાતું, જ્યારે આ નવી વ્યવસ્થામાં બીજગણિત, ત્રિકોણમિતિ, ભૂમિતિ, ઈતિહાસ, ભૂગોળ જેવા વિષયો ઉમેરાયા અને દેશી ભાષાઓ અને તેનાં સાહિત્યોને અભ્યાસક્રમમાં સ્થાન મળ્યું. અગાઉ શિક્ષણનો બધો મદાર શિક્ષકના બોલાતા શબ્દ પર હતો પરંતુ નવું શિક્ષણ પુસ્તકકેન્દ્રી બન્યું. વિદ્યાર્થીને કોઈપણ એક સ્થાનિક ભાષાનું વ્યાકરણ પૂરેપૂરું આવડે અને અંકગણિત પર તેનો સારો એવો કાબુ આવી જાય એટલું જ એ ગુજરાતી સ્કૂલમાં ભણે પછી જ તેને અંગ્રેજી સ્કૂલમાં પ્રવેશ મળે તેવું ગોઠવાયું. ઈ.સ. ૧૮૪૦ના અરસામાં પ્રાથમિક શિક્ષણ ગુજરાતીમાં અને પછીનું શિક્ષણ અંગ્રેજીમાં અપાતું.

ઈ.સ. ૧૯૨૦ પછી મોટા શહેરોમાં નવી શાળાઓ સાથેસાથે જૂની શાળાઓ પણ હજુ અસ્તિત્વમાં હતી. શ્રી દુષ્યંત પંડ્યાની આત્મકથામાં આવી બે ગામઠી શાળાઓનું વર્ણન છે. ગિજુભાઈ માટે માદામ મોન્તેસોરીની પદ્ધતિએ ગુજરાતમાં પ્રવેશ કર્યો તેની પહેલાંની, વીસમી સદીના ત્રીજા દાયકાના આરંભની આ વાત છે. ત્યારે 'સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે રમઝમ'ની માન્યતા પ્રચલિત. 'સોટી - અને તે સાથે લાતો, ઢીંકાપાટુ અને ગાળો અનેક વિદ્યાર્થીઓ ખાતા, પણ ત્યારેય વિદ્યા તો થોડાકને જ ચડતી.' શ્રી દુષ્યંત પંડ્યાએ નોંધ્યું છે કે, 'એ જમાનામાં અમારા જામનગરમાં જૂની ધૂળી નિશાળની ઢબની બે પ્રાથમિક શાળાઓ હતી : લધા દડિયાની અને ભવાન માસ્તરની. એમાં લધા દડિયાની શાળા તો એક વરંડામાં બેસતી પણ ભવાન માસ્તરની શાળાના કેટલાક વિદ્યાર્તીઓ રસ્તા પરના ઓટલા પર બેસતા.' ('ઘેડિયા ના ભૂંસાતા', પૃષ્ઠ ૨૫૧).

છઠ્ઠા વર્ષે રાજ્યની પાંચ નંબરની શાળામાં શ્રી દુષ્યંત પંડ્યા ભણવા બેઠેલા. શાળાના મોટા માસ્તર જાણીતા હોવાથી અને થોડુંક કંઈક પૂછ્યું અને લખાવ્યું તેને આધારે સીધો બીજા ચોપડીમાં પ્રવેશ આપી દીધો. બીજી ચોપડીની નીચેનું ધોરણ પહેલીનું હોય, એની નીચેનું ધોરણ બાળપોથીનું હતું અને એનાથીયે નીચેનું ધોરણ 'ઠોઠી'ને નામે ઓળખાતું. વલ્લભ માસ્તરના બીજા વર્ગમાં ત્રીસેક નિશાળિયા હતા અને એ દરેકનું નામ જાણવું અમારા એ ગુરુજી માટે કઠિન ન હતું. પણ વલ્લભદાસ માસ્તરનું સંબોધન, 'એય ગધેડીનાં', 'એય વાંદરીનાં' જેવું જ રહેતું. વર્ગમાં ભોંય પર જ બેસવાનું હતું એટલે વલ્લભદાસ માસ્તરની લાતપ્રસાદીનો લાભ પણ સહજ મળતો.

આ રીતે, પરંપરાગત ધાર્મિક વિદ્યા સંસ્કૃતમાં ઘરમાં જ અપાતી, ધૂળી નિશાળો હતી અને પછી અંગ્રેજી પદ્ધતિનું શિક્ષણ આરંભાયું. આ બધા વિશે આપણે વાતો સાંભળી હોય પરંતુ તેની વિગતો આ રીતે જુદા જુદા પુસ્તકો વાંચતા એક ખરું ચિત્ર આપણી સામે પ્રગટે છે. તે સમયે સર્જકો-લેખકોએ લખેલાં પુસ્તકોને આધાર બનાવીને શ્રી દીપક મહેતાના લેખને કેન્દ્રમાં રાખીને રજૂ કરેલી આ આપણી શિક્ષણની વિકાસરેખા સૌ શિક્ષકોને ગમશે. આપણી આજને સમજવા માટે ગઈકાલને પણ સમજવી પડે. એ માટે આ લેખ ઉપકારક બનશે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઐક્યની ભાવના મજબૂત બનાવતી અમદાવાદની પોળનું સંસ્કૃતિ દર્શન

નરેશ અંતાણી

ગુજરાતના પુરાતત્ત્વ અને કલા વારસાની સમૃદ્ધિમાં અમદાવાદનું પ્રદાન કદાચ સૌથી મોખરે કહી શકાય. ગુજરાતમાં સલ્તનતકાળની સ્થાપના થતાં તેનું પાટનગર અણહિલવાડથી અમદાવાદ રાખવામાં આવ્યું. આ અમદાવાદ શહેરની સ્થાપના માટે જુદા જુદા સમય સૂચવવામાં આવ્યા છે, પરંતુ ઈ.સ. ૧૪૧૧ અને ૧૪૧૨નાં વર્ષ મોટા ભાગના ઈતિહાસકારો માન્ય કરે છે. આપણા પ્રાચીન પુરાતત્ત્વીય વારસાથી અમદાવાદ છલોછલ ભરેલું છે. આ નગરમાં ઠેરઠેર આપણી વિરાસતના દર્શન થાય છે.

૪૬૬ ચોરસ કિલોમીટરનો વિસ્તાર ધરાવતા આ શહેરના જૂના કિલ્લેબંધ નગરને ૨૦૧૭માં 'વર્લ્ડ હેરિટેજ સિટી' તરીકે પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. અમદાવાદ નગરની પોળ પણ હેરિટેજ સાઈટ જેવી જ છે. અહીંની પોળસંસ્કૃતિ અદ્‌ભુત છે. તેમાં રહેલી વિવિધ સ્થાપત્યકલાનો વૈભવ અહીં આવતા દરેક પ્રવાસીઓ, સંશોધકોનું આકર્ષણ છે. પોળોની આ દુનિયાની અલપઝલપ સફર અહીં કરાવવા પ્રયાસ કર્યો છે.

પોળના પરિચય વિના અમદાવાદની સાચી ઓળખ અધૂરી કહેવાય. પોળ શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ 'પ્રતોલી' પરથી આવ્યો છે. તેનો અર્થ પ્રવેશદ્વાર એવો થાય છે. ક્યાંક પોળને પાડો અથવા તો પાડા પણ કહેવામાં આવે છે. અમદાવાદની પોળનાં નામ સાથે ઓળ, શેરી, ફળિયું, ડેહલી, ગલી, ખાંચો, ખડકી, લતો, મહોલ્લો, ચકલો, વાસ વાડ કે વાડો જેવી સંજ્ઞા કે શબ્દ પણ જોડાયેલ છે.

સુલતાન મહેમદશાહે આ નગરની સ્થાપના કર્યા પછી માણેક ચોકમાં સૌપ્રથમ જે પોળ અસ્તિત્વમાં આવી તે મુહૂર્તની પોળ 'મહુરત પોળ' તરીકે જાણીતી છે. મોઘલકાળમાં પણ આ શહેરમાં પોળનું અસ્તિત્વ હોવાની નોંધ જો કે જોવા મળે છે. એ સમયે ઢીંકવા ચોકી, હાજા પટેલની પોળ, નિશા પોળ, ભંડેરપુર પોળ વગેરેના ઉલ્લેખ જોવા મળે છે. મોઘલકાળ પછી મરાઠાકાળમાં પોળની રચનાને વેગ મળ્યો હતો. અમદાવાદ શહેરની મોટા ભાગની પોળની રચના ૧૭૬૦ થી ૧૮૧૮માં થયેલી છે. આઝાદી પહેલાં ૧૯૪૧માં કરવામાં આવેલા એક સર્વે મુજબ શહેરના વિસ્તારવાર પોળની એ સમયની સંખ્યા જોઈએ તો ખાડિયામાં ૧૭૯, કાળુપુરમાં ૧૭૧, દરિયાપુરમાં ૯૬, શાહપુરમાં ૧૨૯, જમાલપુરમાં ૧૪૯, રાયખડમાં ૫૩ એમ મળીને નગરના જુદા જુદા વિસ્તારોમાં કુલ ૭૭૭ પોળ અસ્તિત્વમાં હતી જેમાં સમયાંતરે થોડી વધઘટ થતી રહે છે. ૬ ઘરની નાની પોળ (ખાંચો)થી લઈને ત્રણ હજાર ઘરની પોળ સુધીની આ નગરમાં પોળ અસ્તિત્વ ધરાવે છે. નગરનાં આસપાસનાં પરાં અને શહેરોમાં આવેલી પોળ જુદી.

અમદાવાદની એક પોળમાંથી બીજી પોળમાં લટાર મારવી એ એક લહાવો છે. પોળોમાં કેટલાય પરિવારો પેઢીઓથી રહે છે. તેઓ આધુનિક અમદાવાદ કરતાં પોળમાં રહેવાનું વધુ પસંદ કરે છે. કેટલાય પરિવારો એવા પણ છે કે જે પોળ છોડીને ગયા પછી પાછા પોળમાં રહેવા આવી ગયા છે. પોળનાં મકાનો તેની વિશિષ્ટ બાંધણીને લીધે વિખ્યાત છે. તેને નિહાળવા દૂરદૂરથી સંશોધકો અને સ્થપતિઓ આવે છે. પોળની બાંધણી એ નગરની સ્થાપત્યનું એક સુંદર ઉદાહરણ છે. વાસ્તુશાસ્ત્રને ધ્યાનમાં રાખીને બાંધવામાં આવેલાં મકાનોની રચના એવી તો અદ્‌ભૂત રીતે કરવામાં આવી છે કે ઠંડી, અને ગરમી એમ બંને ઋતુમાં રક્ષણ આપે છે. મકાનોમાં નક્શીકામ ધરાવતાં લાકડાંનો વિશેષ ઉપયોગ

જોવા મળે છે, કારણ કે લાકડું જલદી ગરમ થતું નથી અને લાકડાની ફ્રેમવર્ક સાથેનું બાંધકામ ભૂકંપનો આંચકો ખમી શકે છે આથી જ તો ૨૦૦૧ના ધરતીકંપમાં આધુનિક અમદાવાદની ઈમારતો નુકસાન પામી પણ પોળનાં મકાનો અડીખમ રહ્યાં હતાં. મરાઠાકાળના સમયમાં સૂબાઓના ત્રાસથી બચવા લોકો સમૂહમાં એકબીજાની હૂંફમાં રહેવા લાગ્યા આથી કેટલીય પોળ એકદમ સાંકળી તો એવી છે કે, એકબીજાના ઘરમાંથી હાથ મિલાવીને પણ વાત કરી શકાય અને રાત્રે પોળનો દરવાજો બંધ થાય એટલે સૌ સલામત. નગરની પોળો એટલી તો ભુલભુલામણી વાળી છે કે એક પોળમાંથી બીજી પોળમાં જઈ શકાય અને અજાણી વ્યક્તિ અંદર જાય તો પરત ફરતાં પણ દમ નીકળી જાય.

પોળના રહીશોના આનંદ અને સગવડભર્યા જીવન માટે દરેક પોળમાં કેટલાક ઘટકો સર્વ સામાન્ય અને અનિવાર્ય જોવા મળે છે. અગાઉના સમયમાં પાણીના નળ ઘરોઘર ન હતા ત્યારે દરેક પોળમાં એક કૂવો તો હોય જ. પોળ મોટી હોય તો એકથી વધુ કૂવા પણ હોય છે. આ કૂવા પર ગોળ પડથાર અને કૂવાને ફરતી દિવાલ બનાવવામાં આવતી. પાણી સીચવા માટે ગરગડીની સુવિધા રહેતી. આજે તો હવે કૂવાઓ પૂરી દેવાયા છે અને તેના પર ગોળ ઓટલા જોવા મળે છે.

દરેક પોળમાં મિશ્ર પ્રજા રહેતી હોઈ વસતી પ્રમાણે દરેક પોળમાં શિવાલય, જિનાલય, વૈષ્ણવપંથીઓ માટે હવેલી તથા મસ્જિદ જોવા મળે જ.

દરેક પોળને તેના વિસ્તાર પ્રમાણે નાનો-મોટો લાકડાનો દરવાજો હોય છે અને તેમાં નાની બારી હોય છે. રાત્રિના મોટો દરવાજો બંધ થયા પછી લોકો આવનજાવન માટે બારીનો ઉપયોગ કરી શકે. આ દરવાજા પોળની સુરક્ષાનું પણ કામ કરતા હોય છે. તોફાનો કે કર્ફ્યુ જેવા સમયે દરવાજો બંધ કરી દેવાય અને તેની અંદર રહીશો મુક્ત રીતે ફરી શકે. જો કે હવે ઘણી પોળ દરવાજા વિનાની થઈ ગઈ છે. તો કેટલીક પોળમાં નવાં કલાત્મક નાકાં પણ બનાવવાનું શરૂ કરાયું છે, શહેરની કામેશ્વર પોળમાં આવું જ નવું નાકું બનાવવામાં આવ્યું છે.

પોળના રહીશોની સલામતી માટે તથા પોળની દેખરેખ રાખવા માટે ચોકીદાર રાખવામાં આવતો જેને 'પોળિયો' કહેવાય છે. આ પોળિયો પોળના દરવાજા પર બનાવવામાં આવેલા મેડા પર રહેતો. કેટલીક પોળમાં આ મેડાનો ઉપયોગ પોળના પંચ કે મંડળની કચેરી તરીકે કરવામાં આવતો. આ જ રીતે દરેક પોળમાં એક ચબૂતરો તો જોવા મળે જ. આ ચબૂતરા પણ અમદાવાદની પોળની ઓળખ બની ગયા છે અને તે પણ એક ખાસ આકર્ષણ ઊભું કરે તેવા કલાત્મક સ્થાપત્ય ધરાવતા હોય છે. આ દરેક ચબૂતરા પર તેના નિર્માણ કરનારનું નામ દર્શાવતી તકતી જોવા મળે છે. અમદાવાદ નગરનો સૌપ્રથમ ચબૂતરો બાપાલાલ મોદીએ ઈ.સ. ૧૮૯૬માં ભદ્રના કારંજ વિસ્તારમાં બનાવ્યો હોવાની નોંધ મળે છે. આ ચબૂતરાનો જીર્ણોદ્ધાર ૨૦૦૫માં શાંતાબહેન મોતીલાલ ટ્રસ્ટે કરાવ્યો હોવાની જાણીતા સાહિત્યકાર માણેકલાલ પટેલ 'સેતુ'એ પોતાના પુસ્તકમાં નોંધ કરી છે.

દરેક પોળના વિસ્તાર પ્રમાણે તેમાં એક મોટું વિશાળ મેદાન જોવા મળે છે તેને 'ચોકઠું' કહેવામાં આવે છે. આ ચોકઠું એટલે આજના નવા અર્થમાં કોમન પ્લોટ. આ ચોકઠામાં વાર-તહેવાર કે પ્રસંગની સામૂહિક ઉજવણી કરવામાં આવતી.

પોળનાં મકાનોની પણ ખાસ વિશેષતા જોવા મળે છે. આજે આપણે પક્ષીઓ ન બેસે એ માટે લોખનંડના ખીલા કે કાચના ટુકડા લગાવીએ છીએ પણ અમદાવાદની પોળના દરેક મકાનની બહારની દિવાલોમાં પક્ષીઓને આરામ કરવા માટે ખાસ ગોખલા બનાવવામાં આવતા.

ઈ.સ. ૧૮૯૦માં અમદાવાદની પોળોમાં ગટર યોજના અમલમાં મૂકવામાં આવી ત્યારે ખાસ હવાસિયા સ્તંભ મૂકવામાં આવ્યા હતા અને તે સ્તંભ ઉપર ગટરનું પાણી કઈ દિશામાં વહે છે તે દર્શાવવા ખાસ દિશાચિહ્ન

મૂકવામાં આવેલાં છે અને આ પોળોની ગટર યોજના એટલી તો વ્યવસ્થિત છે કે ગમે તેટલો વરસાદ પડે તોય શહેરના નવા વિસ્તારોની જેમ પોળમાં પાણી ભરાવવાના પ્રશ્નો સર્જાતા નથી.

અગાઉ પોળમાં એક જ જ્ઞાતિ કે સમાજના લોકો વસતા આથી શહેરની કેટલીક પોળ તે સમાજના નામ સાથે આજે પણ જાણીતી છે. જેમ કે સોનીની ખડકી, ધોબીની પોળ, કંદોઈ પોળ, સુથાર વાડો, કુંભાર વાડો, ઝવેરી વાડ, કાગદી વાડ, લુહાર શેરી વગેરે. દરેક પર્વો અને તહેવારો પણ પોળના રહીશ હળીમળીને મનાવતા હોય છે. નગરની દરેક પોળનાં નામ સાથે પણ જુદો ઈતિહાસ જોડાયેલો છે.

પોળની સુરક્ષા માટે તથા અનિષ્ટોથી રક્ષણ માટે દરેક પોળમાં ચૈત્રમાસમાં ખાસ 'ધરાવાડી' ઉત્સવ ઊજવવામાં આવે છે. આ ઉજવણીમાં પોળની ફરતે સૂતરનો દોરો વીંટાળવામાં આવે છે અને તેને ફરતે દૂધની ધારા કરવામાં આવે છે, પોળના નાકે આસોપાલવનાં તોરણ બાંધવામાં આવે છે. નવગ્રહની પૂજા કરવામાં આવે છે અને એ પછી ભોજન સમારંભ યોજાતો હોય છે, આ પ્રસંગે પોળ છોડી બહાર વસેલી મૂળ પોળના રહીશોને પણ નિમંત્રણ આપવામાં આવતું હોય છે.

પોળના ઘરની બાંધણી પણ વિશિષ્ટ સ્થાપત્ય ધરાવતી હોય છે. અમદાવાદ પહેલા પાટણ ગુજરાતનું પાટનગર હતું આથી પોળનાં મકાનો પર પાટણનાં મકાનોની બાંધણીની અસર જોવા મળે છે. શાસકોના સમય બદલાયા મુજબ મકાનોની બાંધણીમાં પણ પરિવર્તન જોવા મળે છે. મોઘલકાળ, મરાઠાકાળ, બ્રિટિશકાળ દરેકની અસર પોળનાં મકાનોની બાંધણીમાં જોવા મળે છે. દરેક ઘરની બાંધણી મોટે ભાગે એક સરખી છે. પોળનાં ઘરો 'ખડકીબંધ' પ્રકારનાં હોય છે એટલે ઘરનું મુખ્ય દ્વાર બંધ કરીએ એટલે આખું ઘર બંધ થઈ જાય. દરેક મકાન ઊંચા ઓટલા પર બાંધવામાં આવેલા હોય છે જેથી વરસાદનું પાણી ઘરમાં પ્રવેશી ન શકે. દરેક ઘરમાં મુખ્ય દરવાજા પછી ખડકી આવે એ પછી ચોક આવે આ ચોકમાં તુલસી ક્યારો અચૂક જોવા મળે. વરસાદી પાણીનો સંગ્રહ કરવા પાણીના ટાંકા બનાવવામાં આવ્યા છે, જો કે હવે બધા ટાંકા પુરાવી નાખવામાં આવ્યા છે. જોકે કેટલાંક ઘરોમાં આજે પણ આ ટાંકા મોજૂદ છે અને તેનો ઉપયોગ પણ કરવામાં આવે છે.

ઓટલામાં પ્રવેશતાં જ પરસાળ આવે જેમાંથી ઘરના મુખ્ય ખંડમાં તથા રસોડામાં દાખલ થવાય. આ મુખ્ય ખંડને વચલો ઓરડો કહેવામાં આવે છે. મુખ્ય ખંડમાંથી જ છેલ્લા ઓરડામાં દાખલ થવાય. આ છેલ્લો ઓરડો એટલે શયન ખંડ. વચલો ઓરડો તથા છેલ્લા ઓરડામાં સાધન, વસ્તુઓ રાખવા માટે જરૂરિયાત મુજબના ખાસ લાકડાનાં કબાટ તથા તિજોરી બનાવવામાં આવ્યાં હોય છે. વચલા ઓરડામાંથી જ ઉપરના માળમાં જવા દાદરો હોય છે. આ ઉપરના માળના ખંડનો ઉપયોગ મહેમાનો માટે તથા અભ્યાસખંડ તરીકે કરવામાં આવતો. દરેક ઘરમાં મોટે ભાગે લાકડાનો જ ઉપયોગ કરવામાં આવેલો જોઈ શકાય છે. આ લાકડા પર પણ સુંદર ફૂલવેલ, પશુપક્ષીઓનું સુંદર નકશીકામ કરેલું જોવા મળે છે. પરિવારની આર્થિક સ્થિતિ મુજબ ખંડોની સંખ્યામાં વધારો પણ હોય છે તેમ ધનિકોનાં મકાનો મોટી હવેલી જેવાં હોય છે. આ હવેલીઓ પણ જોવા જેવી છે. આજે સુધરેલા સમય મુજબ પોળવાસીઓએ પરંપરાને અકબંધ રાખીને પરિવર્તનને સ્વીકારી ઘરની આંતરિક રચનામાં કેટલાક ફેરફાર કર્યા છે જેમ કે, રસોડામાં ચૂલાની જગ્યાએ ગેસ આવી ગયા છે અને ઊભાં રસોડા પણ બની ગયા છે. સગવડ મુજબ ઘરોમાં એરકન્ડિશન મશીનો પણ જોવા મળે છે.

આમ, અમદાવાદની પોળસંસ્કૃતિ આપણી એક ધરોહર સમાન છે આથી તેને જાળવવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. આજે પણ અમદાવાદની કેટલીય પોળમાં મકાનો અસલ સ્થિતિમાં જ ઊભેલાં છે જે જોવાનો લહાવો લેવા જેવો છે.

**સંદર્ભ સૌજન્યઃ 'અમદાવાદની પોળો અને પરાં' લે. માણેક પટેલ 'સેતુ'**

# પરિશ્રમ ઉક્તિઓ

**ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા**
૧૦, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ, પ્રિયાનગરી પાસે, વિદ્યાનગર,
આણંદ.

પરિશ્રમ શબ્દ માટે મહેનત, શ્રમ જેવા સમાનાર્થી શબ્દ વપરાય છે. પરિશ્રમને પરિ + શ્રમ કરીને અર્થ મેળવીએ તો (પરિ એટલે ચારેતરફ - સંપૂર્ણ) ચારે તરફનો શ્રમ - સંપૂર્ણ શ્રમ એવા અર્થ મળે. ચારે તરફનો શ્રમ એટલે જે કોઈ કાર્ય હાથ પર લઈએ તેના સંદર્ભે ચારે બાજુએથી વિચારણા કરીને તે માટે મહેનતને શ્રમ કરવો. સંપૂર્ણ શ્રમ એટલે પણ સંપૂર્ણ વિચારણાના અંતે જે તે કાર્ય માટે કરવો જોઈએ તેટલો શ્રમ કરવો તે. પરિશ્રમ સંદર્ભે કેટલીક ઉક્તિઓ છે તેને અંગે વિચારીએ.

**પરિશ્રમ સંજીવની છે :** સંજીવની એટલે સજીવ રાખનાર - જીવન આપનાર વિદ્યા કે ઔષધ. જે માણસ જન્મ પછી કોઈ એવી ઘટના કે કાર્યભૂલને કારણે બધું જ ગુમાવી દે છે તે મરેલા જેવો બની જાય છે. ઘણાં આનો ભોગ બનનારા આત્મહત્યા તરફ દોરવાના હોય છે. પણ ગુમાવી દેનાર નાસીપાસ થયા વિના સૂઝબૂઝથી પરિશ્રમ કરે તો તે જીવન મેળવે છે. સુખી થાય છે. જીવનમાં કેટલાંક પરિબળો, સમસ્યાઓ પણ માણસને હતપ્રત કરે છે. પણ જે પરિશ્રમ કરતો રહે છે તે જીવન પામે છે. આપણો દેશ આઝાદ થયો ત્યારે પાકિસ્તાનમાંથી હાથ-પગ લઈને આવેલા નિરાશ્રિતો તેમજ કંઈ પણ લીધા વિના આવેલા પારસીઓમાં જેણે પરિશ્રમ કર્યો છે, બુદ્ધિયુક્ત પરિશ્રમ કર્યો છે. તેઓ આજે સુખી છે, કારણ પરિશ્રમ સંજીવની છે.... જીવન આપનાર છે.

**પરિશ્રમ બંધ ખજાનાની ચાવી છે :** જગતના દરેક સ્થળે, હરેક જીવમાં, હરેક પદાર્થમાં, ખજાનો પડેલો છે. આ ખજાના ખોલવાની ચાવી પરિશ્રમ છે. જે તેનો સમજપૂર્વક ઉપયોગ કરે છે તેને જ ખજાનો મળે છે. રાજેન્દ્ર શાહ કહે છે કે,

*"પંડની પેટીમાં પારસ છે પડ્યો,*
*વાપરી જાણે તે નર વડભાગિયો."*

અહીં પારસનો અર્થ શક્તિઓ - કૌશલ્યો કહી શકાય. પરિશ્રમ કરીએ ત્યારે આપણામાં રહેલી શક્તિઓ - કૌશલોને ઓળખીને અજમાવીએ તો ખજાનો ખૂલી જાય છે. બીજા એક કાવ્યમાં તેઓ કહે છે કે, "આપણે ના કંઈ રંક, ભર્યો ભર્યો માંહયલો કોશ અપાર." ભગવાને આપણા શરીરમાં હાથ-પગ-આંખ-મન-મગજની સાથે વિચારવાની શક્તિ આપી છે. માનવમાં રહેલા ખજાનાનો ઉપયોગ કરનાર ગરીબ રહેતો નથી. પણ વિશ્વમાં રહેલાં ખજાનાનો માલિક બને છે.

**પરિશ્રમ પ્રારબ્ધ છે :** પરિશ્રમ કરનારનું પ્રારબ્ધ ખુલે છે. એક કાવ્યપંક્તિ છે.

*"બેઠેલાનું રહે બેઠું, ઊભાનું રહે ઊભું,*
*સૂતેલાનું રહે સુતું, ભાગ્ય ચાલે ચલન્તનું."*

ચલન્ત એટલે ચાલનારનું - પરિશ્રમ કરનારનું ભાગ્ય ચાલે છે, ઉપડે છે, ખૂલે છે. મારું નસીબ સારું નથી તેમ કહીને પરિશ્રમ કરવાનું છોડી દેનારને નસીબ સામેથી આવીને મળતું નથી. તાતા જ્યારે ભારત આવ્યા ત્યારે શું લઈને આવ્યા હતા ? છતાં તેઓ સારા ઉદ્યોગપતિ બનીને પોતે તો પૈસાદાર બન્યા પણ અનેકના જીવનને પોષણ આપનારા પણ બન્યા. કેટલીક કાવ્યપંક્તિઓ જુઓ...

*"પુરુષાર્થી લલાટે જે રીતે પરસેવો પાડે છે;*
*ઘણાં પ્રારબ્ધને જલ છાંટીને એમ જ જગાડે છે."*
*"પરસેવાને પ્રબળ રસાયણ થઈ રેલાવું પડશે.*
*ભલે ભાગ્ય રેખા વજ્જર સમ, એને પણ ભૂંસાવું પડશે."*
*"પ્રયત્નકેરી પત્રાળીમાં, ભરી જશે ભોજન ભાગ્ય આવી."*

પ્રારબ્ધને જગાડવા પરિશ્રમ કરવો જ પડે. કઠિન


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. એક કવિએ ગાયું છે કે,

*"જો તારે માણવી હોય, મધુના સ્વાદની મજા;*
*તો તારે સહેવી પડશે; માખીના ડંખની સજા."*

સુખનો સ્વાદ ચાખવા માટે દુ:ખનું દર્દ સહેવું પડે. દુ:ખમાં પણ હિંમત હાર્યા વિના બુધ્ધિપૂર્વકનો પરિશ્રમ કરનારનું પ્રારબ્ધ ખુલી જાય છે.

**પરિશ્રમ એ પૂનમ છે.:** પૂનમ અજવાળું પાથરીને શીતળતા બક્ષે છે. જીવનમાં અજવાળા પાથરવા હોય તો પરિશ્રમ કરવો જ પડે. સુખ મેળવવા પરિશ્રમના પંથે ચાલવું પડે. રાજેન્દ્ર શાહ કહે છે કે,

*"આપણા ઘડવૈયા બાંધવ આપણે હોજી."*

આપણે જ આપણા ઘડવૈયા છે. અવારાને દૂર કરવા માટે વિપત્તિને ગણકાર્યા વિના, મર્દાનગીથી તેનો મુકાબલો કરનાર પરિશ્રમી જ અજવાળાં પ્રાપ્ત કરી શકે છે. ઓકો ફિલશન કહે છે કે, શ્રમ વિના કોઈ પ્રગતિ કરી શકતું નથી. રવિશંકર મહારાજે કહ્યું છે કે, "ઘસાઈને ઉજળાં બનો." એક કવિએ કહ્યું છે કે,

*"આળસ અમાસ છે, પુરુષાર્થ પૂનમ*
*પ્રયત્નશીલ જે રહે, સફળતા તેને વરે."*

**પરિશ્રમ પારસમણી છે. :** પારસમણિ એટલે જે લોઢાને સ્પર્શે તો તે સોનું બની જાય. તે મણિ રત્ન. માણસને પણ સોના જેવો કિંમતી-સોહામણો-મોંઘેરો કરનાર પરિશ્રમરૂપી પારસમણિ જ છે. જે બુદ્ધિપૂર્વક પરિશ્રમ કરે, ખંતથી પરિશ્રમ કરે, રઢ લઈને પરિશ્રમ કરે, વિવેકપૂર્ણ પરિશ્રમ કરે તેનું જીવન સોના સમ બની રહે છે.

**પરિશ્રમ ચુંબક છે. :** ચુંબકનો ગુણધર્મ આકર્ષવાનો છે. તે ધાતુઓને આકર્ષીને પોતાના તરફ - પોતાનામાં ચોંટાડી દે છે. પરિશ્રમ કરનાર પણ અન્યને આકર્ષે છે. તેના ગુણગાન ગવાય છે. પી.ટી.ઉષા, સચિન તેંડુલકર, મહેન્દ્રસિંહ ધોની, લતા મંગેશકર, અમિતાભ બચ્ચન, સરદાર પટેલ, મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ વગેરે જેવા અનેકોએ પોતાના ક્ષેત્રમાં પરિશ્રમ કરીને પ્રખ્યાત થયા છે. એટલું જ નહિ તેઓએ અન્યોને આકર્ષ્યા છે. પરિશ્રમથી ચુંબકત્વ મેળવ્યું છે.

**પરિશ્રમ સદાચાર છે. :** પરિશ્રમ કરવો એટલે સારું આચરણ કરવું. પરિશ્રમ કરનાર વ્યક્તિ સદાચારી હોય છે. તે ખોટા માર્ગે જતી નથી. પણ સન્માર્ગે જ કાર્યો કરે છે. તેનામાં ભ્રષ્ટ આચરણ પ્રવેશતું નથી. તે પોતાની ફરજોનું પાલન કરવામાં જ શ્રેય અને પ્રેય સમજે છે. તે પોતાનું કાર્ય ખૂબ જ અવટથી, ખંતથી, વિચારીને, બીજાને દુ:ખ પહોંચાડ્યા વિના કરે છે. પરિશ્રમ વ્યક્તિને સદ્‌માર્ગે દોરે છે., સઘળાંના મહત્ત્વનો ખ્યાલ આપે છે. સજીવ કે નિર્જીવનું આ દુનિયામાં મહત્ત્વ છે તેવો ખ્યાલ તેમના હોવાથી તે સદાચારી હોય છે.

**પરિશ્રમ પ્રભુની પ્રાર્થના છે. યજ્ઞ છે. :** પરિશ્રમી પોતાનો નિભાવ સદ્‌માર્ગે, સુઆચરણ કરીને, પોતે જ કરે છે તે સુકાર્યો કરવા પરિશ્રમ કરે છે. શુધ્ધ બુધ્ધિ મનથી તન લગાવીને કાર્યો કરે છે. આમ કરનાર વ્યક્તિને માટે પરિશ્રમ પ્રભુની પ્રાર્થના કે પરી બની રહે છે. પ્રાર્થના કે યજ્ઞ બીજાની સાથે પોતાનું ભલું કરવા, સદ્‌કાર્યની ફળશ્રુતિ માટે, થાય છે તેમ પરિશ્રમ પણ તેવા જ હેતુથી થાય છે. ખેડુત પરિશ્રમ કરીને અનાજ પેદા કરે છે. તેને અનાજના બદલામાં નાણાં મળે છે. તે તેની બીજી જરૂરિયાતો માટે ઉપયોગી બને છે. તે સાથે અનાજ બીજાઓની ભૂખ સંતોષે છે. શારીરિક શક્તિ આપે છે. આમ ખેડૂતનો પરિશ્રમ, પ્રાર્થના કે યજ્ઞ બની રહે છે તો અન્ય સુકાર્યો કરનાર માટે પણ કરી શકાય.

આમ પરિશ્રમ સંજીવની, બંધ ખજાનાની ચાવી, પ્રારબ્ધ, પૂનમ, પારસમણી, ચુંબક, સદાચાર, પ્રાર્થના કે યજ્ઞ છે. ત્યારે આપણે સૌએ પરિશ્રમ તરફ દોરાઈને, પરિશ્રમ કરીને આપણા જીવનની સંજીવની, જીવન-ખજાનાની ચાવી, પ્રારબ્ધને શોધી કાઢી સુખમયતા પ્રાપ્ત કરી શકીએ. તે ઉપરાંત પરિશ્રમરૂપી પારસમણિ અન્યોને ચુંબકતાથી કશું જ શક્ય નથી ત્યારે, બુધ્ધિયુક્ત પરિશ્રમી બનીને જીવનમાર્ગેને સુહામણા-સુગંધિત બનાવીએ.



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

**પાલખીવાલા અમિતા મનુભાઈ** — ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય, અમદાવાદ.

**હવાલદાર મેજર પીરુસિંહ શેખાવત, પરમવીર ચક્ર, રાજપૂતાના રાઈફલ્સ, છઠ્ઠી બટાલિયન – મરણોત્તર**
**જન્મ : ૨૦ મે, ૧૯૧૮ ● મૃત્યુ : ૧૮ જુલાઈ, ૧૯૪૮**

દારાપારી.... જમીનથી ૧૧,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલો એક પહાડી ઈલાકો. હવા અને બરફ એકબીજાની પરસ્પર સ્પર્ધા કરતાં વાતાવરણમાં ભળેલાં જ હોય. દાંતની ડાકલી વગાડતી તથા લોહી થીજાવતી ઠંડી અહીં જોવા મળે. અહીં એક સાંકડો રસ્તો બરફની પહાડીઓમાંથી પસાર થાય છે, એકદમ ઊભું ચઢાણ અને પથરીલી જમીન આવા એકદમ સાંકડા અને ખડકાળ રસ્તાઓ પર ચાલવું પણ અશક્ય છે, ત્યાં બપોરના સમયે રાજપૂત રાઈફલ્સની છઠ્ઠી બટાલિયન તંગધરથી દારાપારીના ૩૦ માઈલ લાંબા રસ્તા પર કૂચ કરી રહી હતી.

આ આખીય બટાલિયનનું નેતૃત્વ કંપની હવાલદાર મેજર પીરુસિંહ કરી રહ્યાં હતાં. વર્ષ હતું ૧૯૪૮નું. ૧૯૪૭માં દેશ આઝાદ થયો. ૨૦ ઑક્ટોબર ૧૯૪૭માં મહારાજા હરિસિંહે કાશ્મીરને ભારતમાં વિલિન કર્યું. પણ નવા જન્મેલા પાકિસ્તાને શ્રીનગરમાં અનેક ક્ષેત્રોમાં પાકિસ્તાની ઘૂસણખોરોને દાખલ કર્યા. ૧૯૪૮નું વર્ષ તો જાણે પાકિસ્તાનીઓનું ઘૂસણખોરીનું વર્ષ બની ગયું હતું. શ્રીનગરના અનેક ક્ષેત્રોમાંથી શીખ, ગુરખા અને રાજપૂતાના રાઈફલ્સે પાકિસ્તાની ઘૂસણખોરોને બારામુલા સુધી ખદેડ્યા પણ ખરા. તે જ રીતે દારાપારી પર કબજો જમાવેલા પાકિસ્તાની ઘૂસણખોરો ઉપર પણ ભારતીય લશ્કરે એવો વાર કર્યો હતો કે એ લોકોએ ત્યાંથી ભાગીને શરમજનક રીતે હાર સ્વીકારવી પડી હતી. પણ એનો બદલો લેવા માટે તેઓ તલપાપડ થઈ રહ્યાં હતાં. પણ ગુપ્તચર વિભાગે પણ એવી સૂચના આપી હતી કે, દુશ્મનોનો હવે દારાપારી પર કોઈ ડર રહ્યો નથી અને શ્રીનગર પરનું જોખમ પણ ઘટી ગયું છે. આથી ભારતીય સૈન્યએ હવે ઉરી ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું અને ‘બોલે સો નિહાલ, સત શ્રી અકાલ’ ના નારા સાથે બટાલિયન ઉપડી, અને ઉરી શહેર ઉપર હુમલો કરી કબાલીઓને કાશ્મીર સરહદથી બહાર ખદેડ્યા.

કેટલાય માઈલ પગપાળા ચાલીને પીરુસિંહ અને તેમના સાથી સૈનિકો પાછા ફરતા હતા,ત્યારે એક કમાન્ડરે કહ્યું, “વો ચોટી દેખો જીસકા નામ દારાપારી હૈ. ગ્યારહ હજાર ફીટ ઊંચી. દસ હજાર ફીટ તક જંગલ હૈ ઔર ઉસકે બાદ સૂકે નંગે પહાડ. વહીં જો પાકિસ્તાની ટુકડી કબજા જમાયે બૈઠી હૈ વો ખતરનાક સાબિત હો રહી હૈ હમેં ઉસ પર કબજા કરના હૈ તૈયારી કરો.”

વાયરલેસ દ્વારા હિન્દુસ્તાની ફૌજની રજેરજની ખબર રાખનાર પાકિસ્તાની સૈનિકો દારાપારી પર વધુ ને વધુ હુમલો કરવાની પૂરેપૂરી તૈયારી સાથે બેઠા હતાં. એ દિવસે ૧૧,૦૦૦ ફૂટની બુલંદી પાર પાડવા માટે ૨૩ માઈલ દૂરથી


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

સફર શરૂ થઈ.

ભારતીય લશ્કરના તત્કાલિન કમાન્ડિંગ ઓફિસર જનરલ થિમૈયાએ ૧૬૧ ઈન્ફન્ટ્રી અને ૧૬૯ ઈન્ફન્ટ્રીને અહીં કામે લગાડી અને રાજપૂતાના રાઈફલ્સની છઠ્ઠી બટાલિયનને દારાપારી પહાડી પર પોતાનો કબજો જમાવી રાખવા અને દારાપારીને સંપૂર્ણપણે પોતાને હસ્તગત કરી લેવાનો આદેશ આપ્યો.

ગુપ્તચર વિભાગની સૂચના અને પહાડી વિસ્તારમાં દુશ્મનોનાં ટકી રહેવાની કે કોઈ ચાલબાજી કરવાની કે સાવધાન રાખવાની અશક્યતા - વગેરેને કારણે રાજપૂતાના રાઈફલ્સ ટુકડી મેજર પીરુસિંહની આગેવાની હેઠળ નિશ્ચિત થઈને આગળ વધી રહી હતી અને દારાપારી પર કબજો મેળવવા માટે એવી યોજના બનાવવામાં આવી હતી કે રોજ રાત્રે દોઢ વાગ્યા બાદ ચાંદ છુપાઈ જાય પછી જ આક્રમણ કરવું. જેથી ગણ્યાગાંઠ્યા કોઈ દુશ્મનો હોય તો પણ વાંધો ના આવે, અંધારાનો પૂરેપૂરો ફાયદો ઉઠાવી શકાય અને પહાડી પર કબજો જમાવી શકાય.

પણ યોજના બનાવનારને કે ટુકડીનું નેતૃત્વ કરી રહેલા મેજર પીરુસિંહને, કોઈને પણ ખબર નહોતી કે આવનારા સમયમાં અહીં તો મોટું યુધ્ધ થવાનું છે. ગુપ્તચર વિભાગની ખોટી માહિતીથી દોરવાઈને જ્યારે પીરુસિંહ અને તેમની ટુકડીએ દારાપારી વિસ્તારમાં પગ મૂક્યો ત્યારે સાવધાન દુશ્મનોએ ચારેતરફથી ભયંકર ગોળીઓનો વરસાદ કર્યો. પીરુસિંહને આંચકો લાગ્યો. દુશ્મનો માત્ર હાજર જ નહોતા પણ સાવધાન પણ હતાં. પાકિસ્તાની ઘૂસણખોરોએ જડબેસલાક તૈયારીઓ કરી રાખી હતી. એ લોકોએ ઠેરઠેર ખાડાઓ ખોદીને એમની છુપાવવાની જગ્યાઓ બનાવી રાખી હતી. એમની પાસે દારૂગોળો પણ જરૂરિયાત કરતાં વધારે માત્રામાં હતો અને સૈનિકો પણ. અને તેમાં મોટું કહી શકાય તેવું મિડીયમ મશીનગનના બબ્બે હથિયારો.

અચાનક આટલા બધા પાકિસ્તાની સૈનિકો અને આટલી બધી ગોળીઓ ! એક એક ભારતીય સૈનિક દુશ્મનની ગોળીઓનો શિકાર થવા લાગ્યા. પહાડી ઉપર પાકિસ્તાની સૈનિકોએ ચારેબાજુ મશીનગન લગાવી રાખી હતી. દુશ્મનો ભારતીય સેના પર બંકરો પર રહીને ગ્રેનેડ ફેંકી રહ્યાં હતાં. દુશ્મન પહાડી પર હતાં. એટલે ભારતીય સેનાની વધુ ખુવારી થઈ રહી હતી. પીરુસિંહે પાછળ ફરીને જોયું તો એમની પાસે માત્ર આંગળીના વેઢે ગણી શકાય એટલા જ સૈનિકો હતા. એમને સમજાઈ ગયું હતું કે દુશ્મનો સુધી પહોંચવા માટે છાતી પર ગોળી ઝીલવા તૈયાર રહેવાનું છે. અને અહીંયા હવે શહીદીનું કફન ઓઢીને જ પાછા જવાશે. એ થોડું હસ્યા અને સિંહ જેવી ત્રાડ નાંખી, “જવાનો તૂટી પડો, એક પણ દુશ્મન બચવો ના જોઈએ....દારાપારીની પહાડી આપણું બલિદાન માંગે છે. ...આક્રમણ...”

દારાપારીની પહાડીઓ ગોળીબાર અને સૈનિકોની ત્રાડના અવાજોથી ગુંજી ઊઠી. ભારતીય સૈનિકો ‘જયશ્રીરામ’ ના નારા સાથે તૂટી પડ્યા. ભયંકર યુધ્ધ જામ્યું હતું. અચાનક દુશ્મનની બંદૂકના નાળચામાંથી ઠંડીગાર હવાને વીંઝાતી એક ગોળી છૂટી અને ભારતીય પલટનના કમાન્ડર સૂબેદાર ભીકાસિંહને વીંધીને પહાડીઓમાં ગરક થઈ ગઈ. ભીકાસિંહ બીજી જ ઘડીએ શહીદ થઈ ગયા.

હવે બટાલિયનની સંપૂર્ણ જવાબદારી પીરુસિંહ પર આવી પડી. ઓછા શસ્ત્રો, ઓછો દારૂગોળો અને અડધાથી પણ વધુ સૈનિકોની તબાહી, ટુકડીના અડધા સિપાહી કાં તો વીરગતિને વર્યા હતા અથવા ગંભીરરૂપે અડધા સિપાહી કાં તો વીરગતિને વર્યા હતા અથવા ગંભીરરૂપે ઘાયલ થઈ ગયા હતાં. દુશ્મનોએ રસ્તાની બંને બાજુ પોતાની પોઝીશન સંભાળી લીધી હતી. અને બંને બાજુથી ગોળીઓની રમઝટ બોલી રહી હતી. એક પગલું આગળ વધાય એવી શક્યતા નહોતી. પણ પીરુસિંહ એમ હાર માને તેમ નહોતા. છૂટતી ગોળીઓ અને ફૂટતા ગ્રેનેડની પરવાહ કર્યા વિના અને તેનો જવાબ આપતાં પીરુસિંહ પોતાના વિંધાયેલા જવાનોને લઈને આગળ વધી રહ્યાં હતાં. દારાપારીને બચાવવા

જવાનો મરણિયા થઈને લડી રહ્યાં હતાં. અચાનક એક ગ્રેનેડ સીધો આવીને પીરુસિંહના ચહેરા પર લાગ્યો. એમનો ચહેરો અને આંખો લોહીલુહાણ થઈ ગયા. એમની વરદી ફાટી ગઈ, ચામડી ફાટી ગઈ અને અંદરથી લોહી જમી રહ્યું હતું પણ ભારતનો આ નરબંકો જરાપણ ગભરાયો નહીં. અને માથે ઝનૂન હતું, દારાપારીને બચાવવાનું એ આવી ભયંકર રીતે ગવાયેલી હાલતમાં પણ અદમ્ય સાહસ અને ગુસ્સાથી આગળ વધ્યા. લથડતી ચાલે આગળ વધતાં પીરુસિંહ એક પહાડીની ઓથે ઢળી પડ્યા, બીજા સૈનિકે તેમને સંભાળ્યા, પણ પાછા ઊભા થઈ આગળ વધ્યા. એમના શ્વાસોની ગતિ મંદ પડી ગઈ હતી. મોત એમની સાવ નજીક આવીને બેસી ગયું હતું. સૈનિકોએ એમને રોકતાં કહ્યું, “સર આમ ગંભીર રીતે ઘવાયા છો. અહીં બેસો. અમે દુશ્મનોને જવાબ આપીએ છીએ. તમારા અને મોત વચ્ચે હવે હાથવેંતનું જ અંતર બાકી છે.

ઘવાયેલ ચહેરે હાસ્ય વેરતા આ નરકેસરીએ કહ્યું, “મને ખબર છે મોત અને મારી વચ્ચે હવે હાથવેંતનું જ અંતર બાકી છે. આ અંતરમાં મારે દારાપારી હાથવગું કરવાનું છે. જવા દે મને. “બોલીને દુશ્મનોની ગોળીઓ થોડી ચૂકવીને તો થોડીક શરીરમાં ઝીલીને તેઓ દારાપારીની મુખ્ય ટોચઉપર પહોંચી ગયા; ત્યાં કે જ્યાંથી આક્રમણ થઈ રહ્યું હતું. દુશ્મને એની ધૂનમાં જ મશીનગન ચલાવી રહ્યો હતો એ જોઈને પીરુસિંહ, જરાય વિલંબ કર્યા વિના એના પર ત્રાટક્યા અને મશીનગન છીનવી લીધી અને સંગીન ભરાયેલી પોતાની બંદૂકથી દુશ્મન પર વાર કર્યો અને એક પછી એક દુશ્મનોને મોતને ઘાટ ઉતારતા રહ્યાં.

આવી ઘાયલ અવસ્થામાં પીરુસિંહે દુશ્મનોના બબ્બે બંકરો સાફ કરી દીધા હતા અને જોશ અને માતૃભૂમિ માટે બલિદાનના ઝનૂન સાથે તેઓ છેલ્લા ત્રીજા બંકર પર છલાંગ લગાવવા તૈયાર થયા ત્યાં જ એક ગોળી છૂટી જે સીધી તેમના કપાળની આરપાર નીકળી ગઈ. એમની શક્તિ ખૂટી પડી. પણ છેલ્લી ઘડીએ પણ એમના હાથમાં રહેલો ગ્રેનેડ દુશ્મનોના છેલ્લા બંકર પર ફેંક્યો. એક મોટો ધમાકો થયો અને દુશ્મનનું બંકર અને એક વીરના શરીરના લીરેલીરા અંધારિયા આસમાનમાં ઉડવા લાગ્યા.

થોડીવારમાં બધું શાંત થઈ ગયું. એક વીર વીરગતિને વરીને સ્વર્ગને રસ્તે સીધાવી ગયો અને પાછળ રહી ગઈ તેની શૂરવીરતાની દાસ્તાન.

પીરુસિંહના આ અદમ્ય સાહસે પાછળ આવી રહેલા ‘સી’ કંપનીના જવાનોમાં પ્રાણ ફૂંક્યો, તેઓ દુશ્મનો પર તૂટી પડ્યા અને ફરી વખત દુશ્મનોએ દારાપારી છોડીને ભાગવું પડ્યું. ભારતના નક્શામાં દારાપારીને ટકાવી રાખવામાં હવાલદાર મેજર પીરુસિંહના શૌર્ય અને અદમ્ય સાહસનો સૌથી મોટો ફાળો હતો.

રાજસ્થાનના ઝુનઝુન જિલ્લાના છેવાડાના બેરી ગામમાં તા. ૨૦ મે ૧૯૧૮ માં જન્મેલા પીરુસિંહ નાનપણથી જ ઝનૂની હતા. ચાર ભાઈબહેનોના પરિવારમાં તેઓ સૌથી નાના. સાત વર્ષની વયે શાળામાં દાખલ થયા. પણ એક બાજુ ઘરની આર્થિક સ્થિતિ નબળી અને બીજી બાજુ ભણવામાં ઝાઝો રસ નહીં. એવામાં એક મિત્ર સાથેના ઝઘડામાં શિક્ષકે ઠપકો આપ્યો તો શિક્ષકના માથામાં સ્લેટ મારીને શાળામાંથી જ ભાગી ગયા. ત્યારબાદ એ કદી શાળાએ ગયા જ નહીં. ખેતીકામમાં મન લાગ્યું નહીં. પણ સેનામાં ભર્તી થવાની તેમને ઈચ્છા થઈ. બે વખત પ્રયત્ન કર્યો, પણ ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ નહીં હોવાથી સેનામાં તેમની ભરતી થઈ શકી નહીં. પણ આખરે ૨૦ મે ૧૯૩૬માં એક પંજાબ રેજિમેન્ટની ૧૦ મી બટાલિયનમાં તેમની ભર્તી થઈ અને અથાગ પરિશ્રમથી ‘ડી’ કંપનીના હવાલદાર બન્યા. એ દરમિયાન બીજું વિશ્વયુધ્ધ પણ ચાલતું હતું અને જાપાન રાષ્ટ્રમંડલ ફૌજમાં પણ તેઓએ સફળતાપૂર્વક કામગીરી કરી. ત્યારબાદ ૫/૧ પંજાબ રેજિમેન્ટની રાજપૂતાના રાઈફલ્સની છટ્ઠી બટાલિયનમાં તેમની નિમણુંક કરવામાં આવી. એ દરમિયાન દારાપારી વિસ્તારમાં દુશ્મનો સાથે લડતાં લડતાં તેઓએ અભૂતપૂર્વ

શૌર્ય દાખવીને ૧૮ જુલાઈ ૧૯૪૮ નાં રોજ શહીદ થયા.

કંપની હવાલદાર મેજર પીરુસિંહ શેખાવતને યુધ્ધની વિષમતા અને શસ્ત્રોની તંગી વચ્ચે પણ તેમના વ્યક્તિગત સાહસ, જાન ન્યૌચ્છાવરીની ભાવના, દ્રઢતા અને પોતાના સહયોધ્ધાઓને અદ્વિતિય ઉદાહરણરૂપ બનવા માટે ભારત સરકારે તેઓને ઈ.સ. ૧૯૫૨ના પ્રજાસત્તાક દિને ભારતીય સૈન્યના સર્વોચ્ચ શોર્ય સન્માન મરણોપરાંત પરમવીર ચક્રથી સન્માનિત કર્યા. આ સાથે જ તેઓ રાજસ્થાનના પ્રથમ પરમવીર ચક્ર વિજેતા બન્યા.

તેઓની બટાલિયનના ૫૧ સાથી સૈનિકોની શહાદત છતાં નિશ્ચિતરૂપે એકલા આગળ વધીને ભારતના નક્શાને અખંડ રાખવાનું ભગીરથ કાર્ય કરનાર પરમવીર મેજર પીરુસિંહની વીરતા અને શહાદત આવનારા વર્ષોમાં પણ આપણને પ્રેરિત કરતી રહેશે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરની પંકિતઓ, ‘‘એકલો જાને રે, તારી જો હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે... જયારે દીવો ન ધરે કોઈ, ત્યારે આભની વીજે તું સળગી જઈને, સૌનો દીવો એકલો થાજે રે.... ’’ અને પીરુસિંહ.... ભારતીય સેનાનો આ ટમટમતો દીવો એકલપંડે અનંતની રાહે ચાલી નીકળ્યો ત્યારે એટલું કહેવાનું મન થાય છે આ જવાનોની શહીદી પર,

‘‘ગુસ્સો, મજબૂરી, આંસુએ ઊંઘ દૂર કરી છે પરંતુ એ પરિવારો પર આ રાત કેવી વીતી રહી હશે ! દુનિયા સૂતી છે, પણ મારી આંખોમાં કણ ખૂંચી રહ્યાં છે. કંઠમાં કશુંક અટકી રહ્યું છે વારંવાર, હવે તો ઈશ્વર, તું જ કંઈક કર.’’

---

**ભાવાર્થ લેખન**

અર્થ પણ એ થયો કે તેનું ભાગ્ય પણ યારી આપતું નથી. માટે કવિએ કહ્યું, બેઠેલાનું ભાગ્ય પણ બેસી રહે છે.

એ જ રીતે જે વ્યક્તિ કામ કરતાં કરતાં અટકીને ઊભો રહી જાય છે તે વ્યક્તિનું કામ કદી પૂરું થાય ? ના... માટે કવિએ કહ્યું, ઊભેલાનું ભાગ્ય પણ ઊભું રહી જાય છે.

જે વ્યક્તિ આળસુ બનીને સૂઈ જ રહે છે, કશો કામ ધંધો કરતો નથી તે કશી કમાણી કરી શકે ? તેના જીવનમાં કદી બરકત આવે ?... ના.... માટે કવિએ કહ્યું તેનું ભાગ્ય પણ સૂતેલું જ રહે છે.

પણ જે વ્યક્તિ લક્ષ્યાંકે પહોંચવા સતત ચાલતો રહે છે, સિધ્ધિ માટે કાર્ય કરતો રહે છે, તેને સફળતા મળે કે નહિ ?....હા... ચોક્કસ મળે, બસ એ માટે જ કવિએ કહ્યું તેનું ભાગ્ય પણ ચાલતું રહે છે અર્થાત્ તેને ભાગ્ય યારી આપે છે, સફળતા આપે છે.

આ રીતે સુભાષિતનો ભાવાર્થ મળી ગયો. હવે એ ભાવાર્થને વ્યવસ્થિત રીતે રજૂ કરવાનો તબક્કો છે. અહીં આ બીજા ફકરામાં તે ચારથી છ લીટીમાં લખી શકાય, તો પકડો કલમ અને લખવાનું શરૂ કરો.

આ સુભાષિતમાં કવિ કહે છે કે જે કશું કામકાજ કરતા નથી, ખાલી બેસી રહે છે તેને ભાગ્ય પણ મદદ કરતું નથી. કેટલાક કામકાજની શરૂઆત કરે છે પરંતુ વચમાં અટકી જાય છે, કામને પૂરું જ ન કરે તેને પણ ભાગ્ય યારી આપતું નથી એ પ્રમાણે જે આળસ કરી પડ્યા રહે છે તેને નસીબ કઈ રીતે યારી આપે ? જે સતત મહેનત કરે, પરિશ્રમ કરે, તેને નસીબ ચોક્કસ મદદ કરે છે.

ભાવાર્થ લખતી વખતે જો કોઈ ઉદાહરણ કે એવી કહેવત યાદ આવી જાય તો અંતે તે લખી શકાય. જેમ કે અહીં નસીબ અને પરિશ્રમની વાત છે તેથી ભાવાર્થને અંતે આવું લખી શકાય - પરિશ્રમ પારસમણિ છે.

મિત્રો, તમે શાંતિથી, ધ્યાનથી સાંભળ્યું તેથી મને આશા છે કે હવે તમે પણ સરળ રીતે ભાવાર્થ લખી શકશો. અસ્તુ!

# સરસ્વતીના ઉપાસક

**હીરાલાલ એન. છોડવડીયા**
યુ-૮૦, ઉપેન્દ્ર પાર્ક, ગુલાબ ટાવર પાસે,
અમદાવાદ-૬૧.



શેઠ અ. હ. સરસ્તી વિદ્યાલય શાળામાં પ્રવેશતા એક નાનું મેદાન, બે મોટી બિલ્ડીંગ વચ્ચે સરસ મજાનો બગીચો અને એક મોટું મેદાન. વિશાળ ક્ષેત્રફળ. અદ્યતન પ્રયોગશાળા, ભૌતિક પુસ્તકાલય. શાળામાં ૨૫-૩૦ વર્ષના અનુભવી શિક્ષકો સાથે ૨૫ વર્ષની ઉંમરે બે વર્ષના અનુભવ સાથે શિક્ષક તરીકે જોડાયો. કામ શિક્ષકનું કરવાનું હતું પરંતુ ધીમે ધીમે સમજાયું કે સ્ટાફ પાસેથી ઘણું બધું શીખવાનું છે. સિધ્ધાંતને વરેલા સંચાલકો અને માનવતા સભર આચાર્ય પાસેથી ઘણું શીખવાનું બાકી છે.

આમ તો મુખ્ય વિષય આંકડાશાસ્ત્ર ભણાવવાનો હતો પરંતુ સાથે ધોરણ-૧૧નું અર્થશાસ્ત્ર શીખવવાનું હતું. ''જમીન'' નામના પાઠમાં એક શબ્દ આવ્યો ''કૃષ્ણ''. શબ્દનો અર્થ બરાબર ન સમજાયો. સરસ્વતી વિદ્યાલયને સરસ્વતીના આર્શીવાદ પૂરેપૂરા ગણિત-વિજ્ઞાનમાં શ્રી બચુભાઈ રાવલ, શ્રી નંદુભાઈ રાવલ, શ્રી ખેમચંદભાઈ, શ્રી સેંધાભાઈ પટેલ જેવા વિદ્વાન શિક્ષકો. ગુજરાતીના શિક્ષક શ્રી જશુભાઈનો તો જોટો જડવો મુશ્કેલ. વ્યાકરણ જેવો અઘરો વિષય રમતા-રમતા શીખવાડે. જ્ઞાનનો ભંડાર, પ્રાર્થનામાં હારમોનિયમ વગાડવા બેસી જાય. પ્રવચન કરે તો સાંભળ્યા જ કરવાનું મન થાય. મનમાં થયું આવા ભાષાના જ્ઞાની વડીલ શિક્ષકને પૂછીશ એટલે ઉત્તર મળી જશે અને ભણાવવાની મઝા આવશે. લગભગ ૧૯૮૧ના વર્ષની આ વાત છે.


''જશુભાઈ સાહેબ, કૃષ્ણ એટલે શું ?'' થોડીવાર મારી સામે જોઈ રહ્યા ને અને પછી કહ્યું, ''એટલીય ખબર ના પડતી હોય તો પુસ્તકાલયમાં જઈને ભગવત ગૌમંડળમાં જોઈ લો''અને ચાલતા થયા. થોડી નિરાશા સાથે દુઃખ થયું. આટલા જ્ઞાની માણસમાં આટલો જ વિવેક. કંઈ વાંધો નહીં, બીજા કોઈને પૂછીશ. પણ એમણે જે ભગવત ગૌમંડળ કહ્યું તે પુસ્તક તો જોઈએ. વાચવાનો ખૂબ જ શોખ ક. મા. મુનશી, પન્નાલાલ પટેલ, પીતાંબર પટેલ જેવા લેખકોની નવલકથા, ઐતિહાસિક વાર્તાઓ વાચી હતી પરંતુ ભગવત ગૌ મંડળનું પુસ્તકનું નામ નવું લાગ્યું. રીસેષમાં પુસ્તકાલયમાં જઈને ભગવત ગૌ મંડળ માગ્યું. લાઈબ્રેરીના સાહેબ કહે, ''કયો ભાગ જોઈએ છે ? સામે બધા ભાગ છે જે જોઈએ તે લઈલો અને પછી ત્યાં મૂકી દેજો.''

ભગવદ ગૌ મંડળના વોલ્યુમ (પુસ્તકો) જોઈને આંખો ફાટી ગઈ આથી શરૂ અંઃ અને કથી શરૂ થઈ જ્ઞ સુધીના કેટલાક પુસ્તકો, જાણે અનેક મહાભારતના ગ્રંથ. કૃષ્ણનો અર્થ તો મળ્યો પણ શબ્દોના અર્થનો જાણે મહાસાગર મળી ગયો. નર્મદા નદીના કેટલા નામો. ખ એટલે આકાશ. ગ એટલે ગમન. શબ્દોના મહાસાગરમાં ડૂબકી મારવાની મજા પડી. પછી તો સમય મળે ત્યારે જરૂર પડે ત્યારે દોડીને ભગવદ્ ગૌ મંડળ જોવાની આદત પડી ગઈ. શિક્ષણકાર્યમાં પણ નિખાસ વધતો ગયો. મોડે મોડે શ્રી જશુભાઈની નિષ્ઠુરતામાં રહેલી કૃપા સમજાય. સાથે સમજાય ગઈ એક ગીતની પંક્તિ ''સાહેબો, મારો સાહેબો, હું તો માણું ખોબોને દઈદે દરીયો.''

કેટલાંય વિદ્યાર્થીઓના જીવનના માર્ગદર્શક બનનાર, કેટલાય શિક્ષકોને પરફેક્ટ બનાવવા પ્રયત્ન કરનાર શ્રી જશુભાઈ પટેલને સાચી શ્રદ્ધાંજલિ અર્પતા આંખ ભીની થાય છે. તેઓ શ્રી મુરબ્બીશ્રી જશીબેનના શિષ્ય અને સરસ્વતીના સાચા સિપાહી આ જીવન બની રહ્યા હતા.



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ખ્યાતનામ ભારતીય વિકલાંગો



## ઈરા સિંઘલ

ઈરા સિંઘલ ૨૦૧૫ બેચ છે, AGMUT કેડર ભારતીય વહીવટી સેવા અધિકારી. વર્ષ ૨૦૧૪ની UPSCની સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં તે સૌથી વધુ સ્કોર કર્યો હતો. તેમણે બી.એ. નેતાજી સુભાષચંદ્ર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી - દિલ્હી યુનિવર્સિટીમાંથી કર્યું છે.



## હેરી બોનિફેસ પ્રભુ

હેરી બોનિફેસ પ્રભુ એક ભારતીય ચતુષ્કોણ વ્હીલચેર ટેનિસ ખેલાડી છે, જે ભારતની રમતગમતના પ્રણેતા છે અને ૧૯૯૮ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં મેડલ વિજેતા છે. ૨૦૧૪ માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મશ્રી, ચોથો સર્વોચ્ચ નાગરિક એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.



## શ્રીકાંત ભોલા

આંધ્રપ્રદેશમાં શ્રીકાંત ભોલાનો જન્મ. જેમણે હૈદરાબાદમાં બોલેન્ટ ઈન્ડસ્ટ્રીઝના નામથી એક કંપની શરૂ કરી હતી. તે એક એવી કંપની છે કે જેનો મુખ્ય ઉદ્દેશ અભણ અને વિકલાંગ લોકોને રોજગારી આપવી, ગ્રાહકોને પર્યાવરણને અનુકૂળ પેકેજીંગ પ્રદાન કરવું છે.



## સાઈ પ્રસાદ વિશ્વનાથન

સાઈ પ્રસાદ વિશ્વનાથન, ભારતના પ્રથમ વિકલાંગ સ્કાઈડાઈવર, જેણે બાળપણથી તેના શરીરના નીચલા ભાગમાં સંવેદના ગુમાવવી પડી હતી છતાં તેણે ૨૦૧૩માં એન્ટાર્કટિકામાં તેમનું કૌશલ્ય દાખવ્યું હતું.



## રાજેન્દ્રસિંહ રહેલુ

૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં તેમણે હેવીવેઈટ પાવર લિફ્ટિંગમાં ૧૮૫ કે.જી. વજન ઉપાડીને સિલ્વર મેડલ જીત્યો હતો.

ઘરશાળા
ડિસેમ્બર - ૨૦૧૯

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# નાતાલ મુબારક



જાન્યુઆરીથી શરૂ થતું
ઈસુનું નવુ વર્ષ સૌને
સુખમય નિવડે તેવી શુભેચ્છાઓ...

●

ભગવાન ઈસુ ખ્રિસ્તનાં
માનવતાવાદી ઉપદેશો
હંમેશા યાદ કરીશું...

●

નાતાલ આપણામાં સુખ,
સમૃદ્ધિ અને સંવાદિતા વધારે
એવી ઈશ્વરને પ્રાર્થના...

સરસ્વતી પરિવાર

www.elangelcustodioyyo.es

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.